بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧-ઓગસ્ટ-૨૦૧૯**

ઝિલ્ કઅ્દા-ઝિલ હજ્જ

હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૮, સળંગ અંક : ૧૮૮



**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧

Mo. 9427464411 (PhonePe/Paytm)

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | મુસ્લિમ એકતાના નામે સુન્નીઓને ધોકામાં નાખવાની સાઝિશ | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 11 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 14 |
| 04 | શરહે હદાઈકે બખ્શિશ | 16 |
| 05 | સીરતે હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا | 19 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 22 |
| 07 | તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہના જીવનચરિત્રની ઝલકો | 24 |
| 08 | ખાનવાદએ રબ્બાનિયાના મુફ્તી સૈયદ ગાઝી રબ્બાની رحمۃ اللہ علیہ | 28 |
| 09 | કાનૂને શરીઅત | 34 |
| 10 | لَيۡسَ مِنَّا 'તે અમારો નથી' | 37 |
| 11 | દુનિયાને બદલતા પહેલાં પોતાને બદલી લઈએ ! | 40 |
| 12 | કુર્બાની વિશે મસાઈલ | 42 |
| 13 | આતંકવાદ વિશ્વની કોમો માટે દુઃખદાયક નાસૂર | 45 |
| 14 | તબ્લીગી જમાઅતની ધોકાબાઝીઓનો એક નમૂનો | 47 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## અય શાફએ ઉમમ શહે ઝી જાહ લે ખબર

રઝા : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ

અય શાફએ ઉમમ શહે ઝી જાહ લે ખબર
લિલ્લાહ લે ખબર મેરી લિલ્લાહ લે ખબર
દર્યા કા જોશ, નાવ ન બેળા, ન નાખુદા
મૈં ડૂબા તૂ કહાં હે ! મેરે શાહ લે ખબર
પહૂંચે પહંચનેવાલે તો મંઝિલ મગર શહા
ઉનકી જો થક કે બૈઠે, સરે રાહ લે ખબર
જંગલ દરિન્દોં કા હે, મૈં બે યાર, શબ કરીબ
ઘેરે હૈં ચાર સિમ્તસે બદ્ખ્વાહ, લે ખબર
મંઝિલ નઈ અઝીઝ જુદા, લોગ ના શનાસ
ટૂટા હે કોહે ગમ મેં પર કાહ લે ખબર
વો સખ્તિયાં સવાલ કી વો સૂરતેં મુહીબ
અય ગમઝદોં કે હાલસે આગાહ લે ખબર
મુજરિમ કો બારગાહે અદાલતમેં લાએ હૈં
તકતા હે બેકસીમેં તેરી રાહ લે ખબર
અહલે અમલ કો ઉનકે અમલ કામ આએંગે
મેરા હે કોન તેરે સિવા, આહ ! લે ખબર
બાહર ઝબાનેં પ્યાસ સે હૈં, આફતાબ ગર્મ
કૌષર કે શાહ કષ્ષરહુલ્લાહ લે ખબર
માના કે સખ્ત મુજરિમો નાકારા હે **'રઝા'**
તેરા હી તો હે બંદાએ દરગાહ લે ખબર

# મુસ્લિમ એકતાના નામે
## સુન્નીઓને ધોકામાં નાખવાની સાઝિશ

તંત્રી લેખ

**આંખસે કાજલ સાફ઼ ચુરા લેં યાં વો ચોર બલા કે હૈં**
**તેરી ગઠરી તાકી હૈ ઔર તૂને નીંદ નિકાલી હૈ** –(હુઝૂર આ'લા હઝરત رحمۃاللہ علیہ)

હાલમાં જ એક વિડીયો સોશ્યલ મીડિયા પર વહેતુ જોવા મળ્યું જેમાં દેવબંદી તબ્લીગીઓના (ઢોંગી કલાકાર) અગ્રેસર મોલ્વી તારીક જમીલનું અજમેર શરીફના ખાદિમ થકી દસ્તાર બાંધી સન્માન થાય છે અને તેમની પ્રશંસા કરતાં ખાદિમ સરવર ચિશ્તી કહે છે કે;

"તારીક જમીલ સાહબ મૌલાઈ છે, પંજતની છે. અમે હુઝૂર ગરીબ નવાઝ (رحمۃاللہ علیہ)ના આસ્તાનેથી તેમના માથા પર જે દસ્તાર બાંધી છે તે એ કારણે બાંધી છે કે એમનો હક્ક઼ બને છે કે એ મૌલાઈ છે અને હમેશાં મૌલા મૌલા કરતા રહે છે. પંજતને પાકની મહોબ્બત કોઈ મસ્લકનો વારસો નથી. કેટલીક ખાનક઼ાહો કેટલાક સાદાત તે પણ છે જેઓ કહે છે કે આ ફલાણા મસ્લકના છે, આ ફલાણા મસ્લકના છે. પણ અલ્લાહ જેને ચાહે અહલે બયતની મહોબ્બત અતા કરે....." પછી એ દેવબંદી મોલ્વી માટે દુઆ કરે છે કે, "એઓ (તારીક જમીલ) દીનની ખિદમત કરે અને મસ્લકના ભેદભાવ વિના મહોબ્બતનો પયગામ આમ કરે." ત્યાર બાદ મોલ્વી તારીક જમીલ કહે છે, "આજનો દિવસ મારી જિંદગીનો સૌથી ખુશ ક઼િસ્મત દિવસ છે કે અલ્લાહે આટલી મહાન નિસ્બતથી નવાઝયો છે. સુલ્તાનુલ્ હિંદ એ કોઈ શયખને આ લક઼બ નથી આપવામાં આવ્યો, કેવળ ખ્વાજા અજમેરીને આ લક઼બ મળ્યો. આજે એમની નિસ્બતથી હું એમના પગોની ખાકના બરાબર નથી, હું એહસાનમંદ છું કે એમણે મને નવાઝયો....." આ એક ડ્રામો અજમેર શરીફના અમુક ખાદિમો તથા દેવબંદી અગ્રેસર મોલ્વી તારીક જમીલનો તમે જોઈ લીધો. આવો ! હવે બંને પક્ષોની વાસ્તવિક્તા પણ જાણી લઈએ.

### તુક્કાબાઝ મોલ્વી તારીક જમીલની ખુદા વ રસૂલની શાનમાં ગુસ્તાખીઓની ઝલક

આમ પણ મોલ્વી તારીક જમીલ પાકિસ્તાની એ દેવબંદી તબ્લીગીઓનો પેશવા છે અને જે રીતે અન્ય દેવબંદી મોલ્વીઓના અક઼ીદા હુઝૂર ﷺના ઈલ્મે ગયબ વિશે, હુઝૂર ﷺના ઈખ્તિયાર વિશે, આપની તા'ઝીમ વિશે, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હાઝિર નાઝિર હોવા વિશે નકારાત્મક છે તથા એને માનનારને બિદઅતી, મુશ્રિક... વગેરે તેઓ ઠરાવે છે તે જ અક઼ીદા તારીક જમીલના પણ છે. તે ઉપરાંત હાલમાં આ એકટર મોલ્વીની રબ તઆલાની શાનમાં ગુસ્તાખીની ઝલક પણ જોઈ લો. ખુદાની બારગાહમાં જાણે ખુદાને શરીરવાળો ધારીને ખુદાને જમીન પર બોલાવવાની જીદ કરતા અંદાઝમાં આ પ્રમાણે કહે છે :–

*"....અય બાદશાહોં કે બાદશાહ !... તૂ એલાન કર દે કે મૈં આ રહા હૂં ! તૂ કહ દે કે મૈં આ રહા હૂં ! ફરિશ્તોં કો ઉતાર દે ! લશ્કરોંકો ઉતાર દે ! જિબ્રઈલ કો ભેજ દે ! મીકાઈલ કો ભેજ દે ! ઈસ્રાફીલકો ભેજ દે, ... તૂ આ જા ! બળી દેર હો ગઈ હૈ... હમ તુઝે બુલાને આયે હૈં આ જા ! આ જાના !... અબ તો તેરી ખુદાઈ પર હાથ ડાલ રહે હૈં ! વો કહ રહે હૈં હમ ખુદા હૈં ! **તૂ આકે ઉન્હેં દિખા દે ! યા અલ્લાહ ! આ જા ! હમારી ઝિદ માન લે ! તૂ અગર હમારે સામને હોતા તો હમ તેરે પાઉં પકળ લેતે ! હમ તુઝસે ચિમટ જાતે,** હમ ઝિદ કરતે, રોતે ધોતે, હમ લોટ પોટ હોતે, **તેરે આગે પીછે યા અલ્લાહ ! હમ શોર મચાતે !** અબ ભી હમ અપને ઈમાન કે તસવ્વુર મેં **તેરે હી કદમોંમેં ગિરે પળે હૈં, તેરા હી દામન થામ રહે હૈં,** હમેં અપની જોલીમેં છુપા લે. ....ઔર તૂ દરવાઝે ન ખોલે તો તેરે યહ બંદે અબ કહાં જાએંગે ! હમારે ઝખ્મોં પે મરહમ રખ દે ! (તારીક જમીલકી ગુસ્તાખિયાં, You Tube)*

શું રસૂલે પાક ﷺએ, કોઈ સહાબીએ કે કોઈ અલ્લાહના વલીએ ખુદાને શરીરવાળો ધારીને, તેના માટે સ્થળ, દિશા માનીને કદી આવી દુઆ કરી હતી ? વાત વાતમાં દેવબંદીઓ કહે છે કે, "આ વાત રસૂલે ખુદા ﷺથી સાબિત નથી" એવું કહી સુન્ની અકીદાઓની રદ કરે છે તો પોતાના આ મોલ્વી તારીક જમીલ વિશે કેમ મોમાં મગ ઓરી લીધા છે ?!

વળી હુઝૂર ﷺ મેઅરાજમાં ગયા તો એના બારામાં તારીક જમીલ કુર્આન હદીષ વિરુદ્ધ જઈને કહે છે કે;

*"હુઝૂર ﷺને લેવા જિબ્રઈલ નથી આવ્યા બલ્કે કહે છે : અલ્લાહ કહે છે કે, મહબૂબ કી ઉમ્મત ! અપને નબીકી કદર કરો ! મૈંને જબ ઉસ્કો આસમાનોં મેં બુલાયા તો મૈં ખુદ ઝમીન પે આયા ઉસ્કો સાથ લે જાને કે લિયે." (હવાલો : ઉપર મુજબ)* આ શું બકવાસ થઈ રહ્યો છે ?!

## અલ્લાહ પાક વિશે ઈસ્લામી અકીદો શું છે ?

**ઈસ્લામી અકીદો :** "અલ્લાહ તઆલા શરીર અને શારીરિક આકૃતિથી પાક છે. એટલે કે એ પોતે ન શરીર કે બોડી ધરાવે છે અને ન તો એવી બાબતો એને છે કે જે શરીર કે બોડીથી સંબંધ ધરાવે છે, બલ્કે એના માટે એ મુહાલ (અશક્ય) છે. જેથી એ સમય, જગા, મકાન, દિશા, શક્લ, સૂરત, વજન, માપ, વધારે ઓછું, સમાઈ જવું, ભેગુ મળી જવું, ઉત્પન્ન થવું, જવું આવવું, ફેરફાર થવું... વગેરે તમામ એવી બાબતો જે શરીર કે બોડી સાથે સંબંધ ધરાવે છે તેનાથી પવિત્ર પાક છે." *(કાનૂને શરીઅત)*

"અલ્લાહ તઆલા દિશા, સ્થળ, સમય, ગતિ, સ્થિરતા, મુખાકૃતિ, સૂરત તથા તમામ હવાદિષ (ફેરફારો)થી પાક છે." *(બહારે શરીઅત)*

"હઝરત શયખ અબ્દુલહક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, ઈમાનની હકીકત એ છે કે તું ખુદા તઆલાની ઝાત તથા તેની ષબુતિયા સિફતો એટલે જીવંત, સાંભળનાર, જોનાર, અલીમો ખબીર વગેરે સિફતો તથા સલબિયા એટલે જગા, દિશા, સમયથી પાક હોવું વગેરે સિફતોને દિલથી માને અને તમામ અયબો તથા

(હુદુષ) બાદમાં ઉદ્‌ભવનાર નિશાનીઓથી તેને પાક તથા પવિત્ર યકીન કરે.

*–(અન્વારુલ હદીષ, બહવાલા : અશિઅતુલ લમ્આત, ભાગ : ૧, પેજ : ૪૦)*

હવે વિચારો કે તારીક જમીલ કોઈ શરીરવાળાની સમક્ષ (કે મૂર્તિ સમક્ષ) હોય એ રીતે રબને પોકારે છે કે :–

*"આ જા ! આ જા ! બળી દેર હો ગઈ ! નહીં આના હૈ ફિર ભી આ જા ! એક દફા કહ દે મૈં આ રહા હૂં...!"*

*"તૂ એલાન કર દે કે મૈં આ રહા હૂં... તૂ કહ દે કે મૈં આ રહા હૂં...! તૂ હમારે સામને હોતા તો હમ તેરે પાઉં પકળ લેતે ! હમ તુઝસે ચિમટ જાતે ! ... તેરે આગે પીછે યા અલ્લાહ ! હમ શોર મચાતે ! .... તૂ આજ ભી ન આયા તો તૂ કબ આયેગા ?!"*

શું આ રબથી દુઆ મંગાઈ રહી છે કે રબની મઝાક ઉડાવાઈ રહી છે ?! શું નબી પાક ﷺએ કે કોઈ સહાબીએ આવી રીતે દુઆ માગી હતી ?

## તારીક જમીલની નબી પાક ﷺની શાનમાં ગુસ્તાખી

નબી પાક علیہ الصلوٰۃ والسلامની શાનમાં તો કદી બયાન કરવાનુ નથી સુઝયું જે કુર્આન હદીષમાં આપની મહાનતા માટે રજૂ થયેલી છે પણ નબી પાક ﷺની શાને પાકને ઘટાડવા એવી રીતે વાત રજૂ કરે છે કે જેમાં નબીની બેઅદબી થાય છે :–

*“અલ્લાહે પોતાના **"નબી ﷺની જિંદગીની કક્ષા"** દુનિયવી લેહાઝથી **એટલી નીચી રાખી, એટલી નીચી રાખી** કે કોઈ ફકીર અલ્લાહને શિકવો નથી કરી શકતો. મરીથી અમારી (તબ્લીગી) જમાઅત આવી રહી હતી. ત્યાં મજૂરો ભેગા થયા હતા. હજાર દોઢ હજાર મજૂરો સમક્ષ મેં બયાન કર્યું. માટી જ માટી તેમના શરીર પર હતી, હાથો પર માટી, સર્વ કપડાં મેલાંઘેલાં હતાં. મેં કહ્યું, ભાઈ ! કોઈ એવો ફકીર છે જેના ઘરમાં ત્રણ દિવસ ચુલો ન સળગતો હોય ? કોઈ એવો તમારામાં ફકીર છે ? સૌએ કહ્યું કે નહીં ! કોઈ નથી ! મેં કહ્યું, મારો તમારો નબી એવો ફકીર હતો !........” (માસિકઃ અદઅવતુ ઈલલ્લાહ, ૭–૧–૨૦૦૭, લાહોર, પેજ : ૨૩, બયાન : મૌલાના તારીક઼ જમીલ, જુઓ : youtube પર Tarik jamilki Gushtakhi)*

સુન્નીઓ ! વિચારો ! નબી ﷺને સદા તુંકારમાં સંબોધનાર તથા નબી કરીમ ﷺને "ફકીર" કહેનાર ગુસ્તાખે નબી તારીક જમીલને મિશ્કાત શરીફની આ હદીષ ન યાદ આવી કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી." તેમજ ફર્માવ્યું : "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે." તેમજ કુર્આનમાં રબ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને પોતે "ગની" જ નહીં પણ અન્યોને "ગની" (માલદાર) કરનારા દર્શાવ્યા છે. એ ઉપરાંત આપના ઈખ્તિયારો દર્શાવતી અસંખ્ય આયતો હદીષો મૌજૂદ છે તે ન સૂઝયું તો સામાન્યથી અતિ સામાન્ય ફકીર હુઝૂર ﷺને દર્શાવ્યા ?! એ તંગીની સ્થિતિ તો ઈખ્તિયારી હતી, કાંઈ સામાન્ય માણસો જેમ આવી પડેલી આફત કે ગરીબાઈ કે ફકીરી કે ભૂખમરો ન હતો. છતાં તારીક જમીલ કેવા શબ્દ વડે નબી ﷺને સંબોધે છે !

ફતાવા ક઼ાઝીખાનમાં છે કે, **"જે શખ્સ નબીને કોઈ પ્રકારનો એબ લગાડે તે કાફિર છે."** તો હુઝૂર ﷺની જિંદગીની કક્ષાને નીચી, ખૂબ નીચી કહેનાર તથા આપને "બધાથી વધુ ફક઼ીર" કહેનાર આ તારીક જમીલે હુઝૂર પર અયબ લગાડયો કે નહીં ?!

આ જ મોલ્વી તારીક જમીલ દેવબંદી એક જગાએ કહે છે કે :–

*"સહાબીઓને કાફિર કહેવાથી માણસ કાફિર નથી થતો. આવુ આપણા જ અગ્રગણ્ય આલિમોના ફત્વામાં મેં વાંચ્યું છે. એક માણસ કહે છે કે સર્વ સહાબીઓ કાફિર છે, એના પર કુફ્રનો ફત્વો નથી આવતો."*

............. *(youtube)*

વિચારો : સામાન્ય મુસલમાનને જો કોઈ કાફિર કહે અને હક઼ીક઼તમાં તે કાફિર નથી, તો કહેનાર પોતે કાફિર થઈ જશે. આ ફિક઼્હનો સામાન્ય નિયમ છે, તો પછી સહાબીએ રસૂલને કાફિર કહેનાર કેમ કાફિર નહીં થાય ! ભાઈઓ ! ન એના અક઼ીદાનું ઠેકાણુ છે ન બોલવાનુ ઠેકાણુ છે ! જેથી એની વાતો સાંભળવાથી દૂર રહો.

## અન્ય નબીઓની તથા અહલે બયતની શાનમાં ગુસ્તાખી !

આમ પણ આ દેવબંદી જમાતનો મોલ્વી તારીક જમીલ પોતે મોલ્વી અશરફ અલી થાનવી, મોલ્વી રશીદ અહમદ ગંગોહી, મોલ્વી ક઼ાસિમ નાનોત્વી વગેરેને જેઓ નબીની ગુસ્તાખીમાં પડી કુફ્ર કરી ચૂક્યા છે તેમને પોતાના પેશવા સ્વીકારીને પોતે પણ કુફ્રમાં પડેલા છે જ ! અને પોતાના પેશવાઓના પગલે ચાલી સહાબા તથા નબી કરીમ ﷺ તેમજ અન્ય અંબિયાની શાનમાં તેમજ અહલે બયતની શાનમાં અધિક ગુસ્તાખીઓ કરી રહેલ છે જેની સંક્ષિપ્ત વિગત જુઓ : એક ઠેકાણે કહે છે :–

*"તૌરાત અલ્લાહની કિતાબ નથી, ઝબૂર અલ્લાહની કિતાબ નથી, ઈન્જીલ અલ્લાહની કિતાબ નથી, કુર્આન અલ્લાહની કિતાબ છે."*

વિચારો ! શું અલ્લાહની કિતાબોનો સ્પષ્ટ ઈન્કાર કરનાર તારીક જમીલ ઈસ્લામમાં રહી શકે છે ?!

એક જગાએ કહે છે :– *"ઈમામે હસન રમતા રમતા આવ્યા. જોયું કે રસૂલુલ્લાહ ﷺ સૂતેલા છે અને આપની નાફ (ડૂંટી)નું કાણુ નજર આવ્યું તો તેમણે ત્યાંથી પેશાબની ધાર મારી ! "* આ શું બકવાસ થઈ રહ્યો છે ?! એક જગાએ કહે છે :–

*"..........ઉન્હોંને (વહાબિયોં)ને કહા : યહ સબ્ઝ ગુંબદ તોળ દિયા જાએ, ક઼બ્ર પર ગુંબદ બનાના મના હૈ. પછી **પોતે કહે છે** : ઔર યહ બિલકુલ સહીહ બાત હૈ ક઼બ્ર પર ગુંબદ બનાના મના હૈ, ઉસે તોળ દિયા જાએ."*

એક તક઼રીરમાં *અલ્લાહના ખલીલ હઝરત ઈબ્રાહીમ* عليه السلام*ને બુઢ્ઢા કહ્યા, હઝરત* મૂસા عليه السلام*ને માટે કહ્યું,* મૂસા *ભાગા ! **હઝરત ઈમામ હુસૈન** رضی اللہ عنہ **ને પાગલ કહ્યા,** હઝરત ઉમર માટે કહ્યું કે, "હઝરત ઉમર ભીગી બિલ્લી (ડરી ગયેલી બિલાડી)ની માફક બની ગયા !" (બયાને જમીલ, ૨/૮૩)*

હવે આવા ગુસ્તાખ મોલ્વીને અજમેર શરીફના જે પણ ખાદિમો ગળે લગાડે, તેને દસ્તાર બાંધી તેનું સન્માન કરે અને ખ્વાજા સાહબના હવાલાથી તેના માટે દુઆ માગે તેમની જેહાલત તથા ગુમરાહી વિશે પણ કાંઈ કહેવાપણુ રહેતુ નથી. વળી તેઓ (ખાદિમ) પોતે જ જાહેર કરે છે કે પોતે મસ્લકના ભેદને નથી માનતા.

ચાહે ગુસ્તાખે નબી (દેવબંદી) મસ્લકવાળો હોય કે નબી પાક ﷺના ચાહક (સુન્ની) મસ્કલવાળો હોય. વળી ખબર નહીં ક્યારે તારીક જમીલના કયા બયાનમાં તેમણે હઝરત મૌલા અલી તથા પંજતન પાક رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મહોબ્બતનાં દર્શન કર્યા ?! અહીં વર્ણવેલ બયાનો તો ઉલ્ટી વાત દર્શાવે છે. અને સહીહ એ છે કે આ તે જ ખાદિમો છે જેમણે અહલે બયતની મહોબ્બતના ઓથા હેઠળ મહાન સહાબીએ રસૂલ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ તથા અન્ય સહાબી સહાબિયા رضوان اللہ تعالیٰ علیہم اجمعینની શાનમાં બુરા ભલા શબ્દો કહ્યા છે. તેમજ ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ તથા અન્ય સુન્ની ઉલમાની શાનમાં અયોગ્ય શબ્દો કહ્યા છે, ખારજી સુધી કહી દીધા છે ! તેઓ આજે કોઈ દેવબંદી મોલ્વીનું સન્માન કરે તો કાલે કોઈ મહંતનું સન્માન કરે એમાં એમને શું ફરક પડવાનો ?! હાલમાં જ શ્રી નાથજીના દર્શને જનારા પણ તો આ જ ખાદિમ ગ્રૃપના જ ખાદિમો હતા ને ! તો પછી એઓ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ જેમણે મુશ્રિકોને કલમો પઢતા કર્યા બલ્કે વલી બનાવી દીધા તેમના નક્શે ક઼દમથી હટીને ભટકી ગયેલા હોવાનું સાબિત નથી થતું ? ભલે ઝબાની ખ્વાજા સાહબની મહોબ્બતનો દાવો કરતા રહે. બસ ! તેમના નામ પર રોજી રોટી રળવા સિવાય તેમનો બીજો કોઈ આશય નથી જણાતો.

## મુસ્લિમ એકતાના નામે 'દો રુખી' ધોકેબાઝ દેવબંદીઓની ધોકાબાઝી !

આવો ! આજે સાથોસાથ એવા જ ધોકાબાઝ ડબલ ચહેરાવાળા દેવબંદીઓને પણ સમજી લઈએ. મારી સમક્ષ જિ. ભરૂચના **જંબુસર ખાતેથી નીકળતા દેવબંદીઓના 'અલ બલાગ' માસિકનો ડિસેમ્બર ૨૦૧૬નો અંક** છે જેમાં બેશરમ બનીને બધા દેવબંદીઓ સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ હઝરત સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہના હવે ઘણા જ ચાહક તથા આશિક઼ બની ગયા હોય એ મુજબનો લેખ જોવા મળે છે. **અત્યાર સુધી બુઝુર્ગોના મઝારો પર જવાને તથા દરગાહ પર ફૂલ ચાદર ચઢાવવાને શિર્ક બિદઅત કહેનારા, તથા લોકોને દરગાહો પર જવાથી રોકનારા આ નબી વલીના ગુસ્તાખો કેવો રંગ બદલે છે *(શરમ મગર ઉનકો નહીં આતી !)* તે જુઓ !** લખે છે :–

"૧૧ નવેમ્બર ૨૦૧૬ : ઉલમાએ દેવબંદ જ્યારે અજમેર ખાતે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہની મઝારે પહોંચ્યા ત્યારે કહો કે ભારતના મુસ્લિમ ઈતિહાસમાં એક નવો વળાંક આવી રહ્યો હતો......." *(અલ બલાગ–માસિક, ડિસેમ્બર–૨૦૧૬, પેજ : ૨૭)* પછી ખૂબ જ ઉત્સાહમાં આગળ લખે છે કે :–

"જમીઅતે ઉલમાએ હિંદના પ્રમુખ હઝરત મૌલાના ક઼ારી ઉસ્માન સાહબ દા.બ., જનરલ સેક્રેટરી મૌલાના મહમૂદ અસદ મદનીના નેતૃત્વમાં વર્કિંગ કમિટીના સભ્યો હઝરત ખ્વાજા અજમેરી ચિશ્તી સાહબ رحمۃ اللہ علیہના મઝાર પર ફાતેહા અને ઈસાલે સવાબ માટે પહોંચ્યા તો દરગાહના સજ્જાદગાન અને ખુદ્દામની બંનેવ અંજુમનો.....વગેરે દ્વારા એમનું સ્વાગત કરવામાં આવ્યું......." (હવાલો ઉપર મુજબ) આગળ લખે છે :

"જમીઅતે ઉલમાએ હિંદ અને દારુલ ઉલૂમ દેવબંદના વધુ પડતા ઉલમા અને અકાબિર, ચિશ્તી સિલસિલાથી જોડાયેલા હતા અને ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہના **'રૂહાની ફયઝ઼થી' ફૈઝયાબ થનારા** છે........" આગળ લખે છે :–

"વર્તમાન જમીઅતે ઉલમાએ હિંદના બુઝુર્ગો પણ હઝરત ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہની દરગાહ સાથે જૂનો સંબંધ ધરાવે છે. મવ. હુસૈન અહમદ મદની, મૌલાના હિફ્ઝુર્રહમાન સ્યોહારવી તથા અન્ય અકાબિર હઝરત ખ્વાજા સાહબ رحمۃ اللہ علیہની દરગાહે ફાતિહા અને ઈસાલે સવાબ માટે આવતા જતા હતા." *(અલ બલાગ માસિક, જંબુસર, જિ. ભરૂચ, ડિસેમ્બર–૨૦૧૬)* જો કે હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી તથા શાહ વલીયુલ્લાહને પોતાના ગણનારા દેવબંદીઓ તેમના મસ્લક પર છે જ નથી.

દેવબંદી મોલ્વીઓની હઝરત ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہની મહોબ્બત, તથા અકીદતનો ઉભરાતો આ ભ્રામક છેતરામણો જામ લોકોને દેખાડીને મુસ્લિમ એકતાના નામે ભોળાભાળા સુન્નીઓને છેતરવાનો આ તેમનો પ્રયાસ છે કે પોતાને ઈસ્લામના બુઝુર્ગોના ચાહક દર્શાવી તેમના મોલ્વીઓએ નબી વલીની શાનમાં કરેલી ગુસ્તાખીઓ પર પર્દો નાખી સુન્ની પ્રજાને મુસ્લિમ એકતાના નામે પોતાના તરફ આકર્ષી લે.

આ જ દેવબંદી મસ્લકના પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ નામે "તકૃવિયતુલ ઈમાન"માં **નબી વલીને કશા જ ઈખ્તિયાર વિનાના, લાચાર મજબૂર બંદા લખ્યા છે, તેમને કોઈ જાતનો ઈલ્મે ગયબ નથી, ન કોઈ અધિકાર છે,** બલ્કે ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ નબી પાક صلی اللہ علیہ وسلم માટે લખ્યું છે કે:

"દરેક મખ્લૂક ચાહે તે નાનો (આમ લોકો) હોય કે મોટો (નબી–વલી) અલ્લાહની શાનની સામે **ઢેડ ચમારથી પણ અપમાનિત** છે."

*–(તકૃવિયતુલ ઈમાન–ગુજરાતી, દારુલ ઉલૂમ અરબિયા કંથારીયા–ભરૂચ, પેજ નં. ૪૯, ૫૦, ૫૧ ત્રણ જગાએ)*

દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "શિર્કની વાતો"માં આ પણ લખ્યું છે :

*"............કબરો અને થાનકોની ઝિયારત માટે દૂર દૂરથી પ્રવાસ ખેડીને જાય........એણે ખુલ્લુ "શિર્ક" કર્યું કહેવાશે." (ગુજરાતી તકૃવિયતુલ ઈમાન, પેજ : ૪૧, દારુલ ઉલૂમ કંથારીયા–ભરૂચ)*

તેમજ દારુલ ઉલૂમ અરબિય્યહ, કંથારીયા–ભરૂચના બાની આંજહાની મવ. ઈસ્માઈલ મનુબરી પોતાની કિતાબમાં લખે છે :–

*"ધ્યાન આપો ! નબી صلی اللہ علیہ وسلم પોતે પોતાની ઝાત માટે ભલાઈ અને બુરાઈ (નફા–નુકસાન)ના માલિક નથી તો અવલિયા અલ્લાહ અને બુઝુર્ગાને દીન કેવી રીતે ભલાઈ અને બુરાઈ પહોંચાડવાની તાકાત રાખી શકે છે ?*

*–(કિતાબ : ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા, પેજ નં. ૪)*

હવે 'અલ બલાગ' માસિકવાળા દેવબંદીઓ આ મોલ્વી મનુબરી માટે શું કહે છે ? **"શું કોઈ સહાબીએ આવા ઉપર મુજબના શબ્દો કહ્યા હતા ? કે નબી પાક صلی اللہ علیہ وسلمએ કહ્યા હતા ?** તો પછી જેઓના પેશવા નબી صلی اللہ علیہ وسلمની શાનમાં આવા હલકા વિચારો રજૂ કરે તેઓ ખ્વાજા અજમેરી رحمۃ اللہ علیہના ચાહક ક્યારથી બની ગયા ?!"

મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી જેણે વહાબિયતનો પાયો અરબસ્તાનમાં નાખ્યો (જન્મ : હિ.સ. ૧૧૧૫) તેણે "કિતાબુત્તૌહીદ" નામની કિતાબમાં લખ્યું કે : **"નબી વલીની કબર તરફ સફર કરવી અને મૂર્તિઓ તરફ સફર કરવી બધાથી વધુ શિર્ક છે."** *(કિતાબુત્તૌહીદ)*

વળી દેવબંદી મોલ્વી હુસૈન અહમદ (ટાંડવી) મદનીએ "શેહાબુષ્ષાકિબ"માં જણાવ્યું છે કે, **વહાબીઓ નબી ﷺના મઝાર શરીફની હાજરીના ઈરાદાથી મદીના શરીફની સફર કરવાને વ્યભિચાર (ઝિના) સમાન ગણે છે.** *(પેજ : ૪૬)*

આ જ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદી વિશે ગુજરાતી કિતાબ તક્વિયતુલ ઈમાન (મૂળ લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી)માં પેજ નં. ૧૬ પરની અંડર લાઈન નોટમાં લખ્યું છે કે :–

"આ શબ્દ (વહાબી)નો ભાવ સંબંધ નજદના ભારે રંજાડાયેલા **વિખ્યાત સુધારક** મુહમ્મદ બિન અબ્દુલ વહહાબ સાથે છે. એણે પણ **સુન્નતને નવજીવન દેવાની ચળવળ** માંડી હતી અને તુર્કોની ઉસ્માની ખિલાફતની માથાભારે સત્તા સામે બળવાનો ઝંડો ફરકાવી સઊદી સત્તાનો પાયો નાખ્યો હતો. .............આ રાજ્ય (નજદી વહાબી સઊદી) કુર્આન તથા સુન્નતથી વધુ નિકટતર છે."

*–(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, કંથારીયા–ભરૂચ, પેજ : ૧૬)*

હવે આ કંથારીયા જિ. ભરૂચના દેવબંદી દારુલ ઉલૂમ અરબિય્યહમાંથી છપાયેલ ઉપરોક્ત કિતાબમાં તેઓ નજદી શયખ મુહમ્મદ અબ્દુલ વહહાબની તારીફમાં તેને "સુન્નતને નવજીવન આપનાર" કહે છે અને સઊદી હુકૂમતને કુર્આન હદીષની વધુ નિકટતર કહે છે. પણ નજદી વહાબી સઊદી હુકૂમત પહેલાં, સહાબાના યુગથી તાબઈન તબે તાબઈન તથા મહાન મહાન ઉલમા ઔલિયા અત્યાર સુધી થઈ ગયા **તેમણે સહાબા, અહલે બયત, બુઝુર્ગોના મઝારોની તામીર સેંકડો વરસોથી કરીને તેની હિફાઝત કરી તથા તેની તા'ઝીમ કરી અને ત્યાં હાજરી આપતા રહ્યા.... તો તેઓ સુન્નતના પાબંદ ન હતા !** અને નજદી વહાબી પેશવા તથા તેની અંગ્રેજોના બળે એક સદી પહેલાં સ્થાપેલી હુકૂમત સુન્નતોની જાણકાર તથા પાબંદ બની કે તેમણે જન્નતુલ બકીઅ, જન્નતુલ માલા વગેરે કબ્રસ્તાનમાંથી એ **પવિત્ર મહાન હસ્તીઓનાં મઝારો તોડીને કબ્રસ્તાનને સપાટ મેદાન બનાવી દીધું.** સહાબાના સમયથી, તાબઈનના સમયથી એ મઝારો બનતા રહ્યાં, સલામત રહ્યાં તો શું તેઓ કરતાં આ સઊદી વહાબી રાજ્યવાળા કુર્આન હદીષથી નિકટતર છે ?! દુનિયાને કેવા ઊંધા ચશ્મા આ દેવબંદીઓ પહેરાવી રહ્યા છે ?

હવે દેવબંદી **અલ બલાગ માસિક–જંબુસરવાળા** બતાવે કે તમારા જે મૌલાના જમીઅતુલ ઉલમાએ હિંદવાળા તેમજ તમારા પૂર્વજ મૌલાના જેઓ ખ્વાજા સાહબની દરગાહ પર હાજરી માટે ગયા **તેઓ તમારા વહાબી દેવબંદી મસ્લકના જ કાયદા પ્રમાણે જેમ કે "કિતાબુત્તૌહીદ"માં નબી વલીની કબર તરફ સફર કરવાને બધાથી વધુ શિર્ક લખ્યું છે,તથા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તક્વિયતુલ ઈમાન"માં એને ખુલ્લુ શિર્ક લખ્યું છે, તો તેના હિસાબે મુશ્રિક ઠર્યા કે નહીં ?!** અને જો તમો એ મોલ્વી મુહમ્મદ અબ્દુલ વહહાબ નજદી તથા ઈસ્માઈલ દહેલ્વી તથા મવ. ઈસ્માઈલ મનુબરીના મસ્લક પર નથી તો એનું એલાન કરી દો ! કે એઓ સૌ ગુમરાહ હતા, અને એમની તા'લીમ ગુમરાહીભરી છે. નહીં તો એક તરફ તમો તેમને પોતાના પેશવા પણ માનો અને લોકોને છેતરવા માટે પોતાના મસ્લકનું ખૂન કરીને તમારા વહાબી દેવબંદી મસ્લકની વિરુદ્ધ જઈને પોતે ખ્વાજા સાહબના ચાહક પણ પોતાને દર્શાવો એ ધોકબાઝી નથી તો બીજુ શું છે ?! ❑❑❑



## કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ નિસાઅ્ની તફસીર

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوۡا رَبَّكُمُ الَّذِىۡ خَلَقَكُمۡ مِّنۡ نَّفۡسٍ وَّاحِدَةٍ وَّ خَلَقَ مِنۡهَا زَوۡجَهَا وَ بَثَّ مِنۡهُمَا رِجَالًا كَثِيۡرًا وَّ نِسَآءً ۚ وَ اتَّقُوا اللّٰهَ الَّذِىۡ تَسَآءَلُوۡنَ بِهٖ وَ الۡاَرۡحَامَ ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلَيۡكُمۡ رَقِيۡبًا ۝ وَ اٰتُوا الۡيَتٰمٰۤى اَمۡوَالَهُمۡ وَ لَا تَتَبَدَّلُوا الۡخَبِيۡثَ بِالطَّيِّبِ ۖ وَ لَا تَاۡكُلُوۡۤا اَمۡوَالَهُمۡ اِلٰۤى اَمۡوَالِكُمۡ ؕ اِنَّهٗ كَانَ حُوۡبًا كَبِيۡرًا ۝ وَاِنۡ خِفۡتُمۡ اَلَّا تُقۡسِطُوۡا فِى الۡيَتٰمٰى فَانۡكِحُوۡا مَا طَابَ لَكُمۡ مِّنَ النِّسَآءِ مَثۡنٰى وَ ثُلٰثَ وَ رُبٰعَ ۚ فَاِنۡ خِفۡتُمۡ اَلَّا تَعۡدِلُوۡا فَوَاحِدَةً اَوۡ مَا مَلَكَتۡ اَيۡمَانُكُمۡ ؕ ذٰلِكَ اَدۡنٰٓى اَلَّا تَعُوۡلُوۡا ۝

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહમતવાળો (છે)**

અય લોકો ![૨૨૦] પોતાના રબથી ડરો, જેણે તમને એક જીવથી પેદા કર્યા[૨૨૧] અને તેમાંથી જ તેનું જોડું બનાવ્યું, અને એ બંનેથી ઘણા સ્ત્રી, પુરૂષો ફેલાવ્યાં, અને અલ્લાહથી ડરો જેના નામ પર માગો છો. અને સગાઈ સંબંધોનો ખ્યાલ રાખો[૨૨૨] બેશક ! અલ્લાહ હર પળે તમને જોઈ રહ્યો છે (૧) અને યતીમોને તેમનું માલ આપો[૨૨૩] અને સ્વચ્છ[૨૨૪]ને બદલે મેલુ[૨૨૫] ન લો, અને તેમના માલ પોતાના માલમાં મેળવીને ન ખાવ. બેશક ! આ મોટો ગુનોહ છે (૨) અને જો તમને સંદેહ હોય કે યતીમ છોકરીઓમાં ન્યાય નહીં કરી શકો[૨૨૬] તો નિકાહમાં લાવે જે સ્ત્રીઓ તમને ગમે બે બે, ત્રણ ત્રણ, ચાર ચાર[૨૨૭] પછી જો ડરો કે બે પત્નીઓ સરખી રાખી શકશો નહીં તો એક જ કરો, અથવા બાંદીઓ તેમના તમે (શરીઅતની રૂએ) માલિક હોય (તેમના પર સંતોષ માનો) આ એનાથી વધુ નજીક છે કે તમારાથી જુલ્મ ન થાય[૨૨૮] (૩)

## :: સમજૂતી ::

**૨૨૦ :** આ સંબોધન તમામ માનવજાત માટે છે.

**૨૨૧ :** અબુલ બશર હઝરત આદમ علیہ السلامથી જેમ કે મા, બાપ વગર માટીથી બનાવ્યા હતા. મનુષ્ય સર્જનના આરંભનું બયાન કરીને ખુદાઈ કુદરતની મહાનતા વર્ણવવામાં આવી. જો કે જગતના નાસ્તિકો ઓછી બુદ્ધિ અને અણસમજના કારણે આ બાબતની હંસી ઉડાવે છે. પરંતુ બુદ્ધિમાનો અને સમજદાર લોકો જાણે છે કે આ વિષય એવી જબ્બર દલીલોથી સાબિત છે કે જેનો ઈન્કાર અશક્ય છે. વસ્તી ગણત્રીના આંકડા પુરવાર કરે છે આજથી ૧૦૦ વર્ષો પૂર્વે દુનિયાની વસ્તી આ જ કરતાં ઘણી ઓછી હતી અને એથી ૧૦૦ વર્ષો પહેલાં એનાથી પણ ઓછી. તો એ રીતે ભૂતકાળમાં પાછળ હઠતાં હઠતાં એ સંખ્યા ઓછી થઈને માત્ર એક માણસ રહી જશે.

અથવા એવી રીતે સમજે કે આજના અગણિત કબીલા–ખાનદાનો અને કુટુંબો ભૂતકાળમાં એક જ વ્યક્તિમાં અલોપ થઈ જાય છે, દા.ત. દુનિયામાં સૈયદોની સંખ્યા કરોડોની હશે. પણ ભૂતકાળમાં એ બધા સૈયદે આલમ صلی اللہ علیہ وسلمની જાતે પાકમાં એક થઈ જાય છે, એવી જ રીતે બની ઈસ્રાઈલ (યહૂદીઓ) ગમે તેટલી વધારે સંખ્યામાં હોય પણ એ બધાનું એકત્રીકરણ હઝરત યાકૂબ علیہ السلامની જાતમાં જશે. એ પ્રમાણે હજુ વધારે ઉપર વધીએ તો જગતના તમામ કબીલાઓ અને ફાંટાઓનો અંત એક જ વ્યક્તિ પર આવશે, અને તે વ્યક્તિનું નામ ખુદાઈ કિતાબમાં ''આદમ'' (علیہ السلام) છે અને એ એક વ્યક્તિ વંશવર્ધનની સામાન્ય રીતે દ્વારા જન્મે એ અશક્ય છે, જો તેના માટે પિતા ધારી પણ લેવામાં આવે તો માતા ક્યાંથી આવશે ? માટે આવશ્યક ઠર્યું કે તે મા–બાપ વગર અસ્તિત્વમાં આવે, અને જ્યારે મા, બાપ વગર તેનો ઉદ્‌ભવ થયો તો નિઃસંકોચપણે એવી ચીજોથી હોવો જોઈએ જે તેના અસ્તિત્વવમાં જોવા મળે છે. અને પછી એ ચીજો પૈકીમાંથી જે વસ્તુ તેનું રહેઠાણ હોય અને જેના સિવાય અન્ય સ્થાને તે રહી ન શક્તો હોય, તો જાહેર છે કે તે વસ્તુ જ તેના અસ્તિત્વમાં અગ્રસ્થાને ગણાશે. માટે તે જ વસ્તુથી જ બન્યો છે, એવું નક્કી થશે.

એ પણ જાહેર છે કે વંશવર્ધનની ક્રિયા સામાન્ય રીતે એક વ્યક્તિ દ્વારા ધપી શકતી નથી, માટે જરૂરી ઠર્યું કે તેની સાથે બીજી વસ્તુ પણ હોવી જોઈએ જેથી જોડુ બની શકે, અને પ્રકૃતિનો તકાદો એ જ છે કે બીજી માનવ વ્યક્તિ જે પહેલી વ્યક્તિ પછી અસ્તિત્વમાં આવી છે તે પ્રથમ વ્યક્તિના શરીરમાંથી જ બનાવવામાં આવે, કારણ કે પ્રથમ વ્યક્તિના ઉદ્‌ભવ સાથે જ ''જાતી અસ્તિત્વમાં આવી ગઈ (તો જાતીને જાતી પ્રત્યેના આકર્ષણ માટે એ જરૂરી હતું કે તેના શરીરમાંથી જ તેને બનાવવામાં આવે.)

પરંતુ એ પણ જરૂરી છે કે બીજી વ્યક્તિનો ઉદ્‌ભવ પ્રથમ વ્યક્તિમાંથી વંશવર્ધનની સામાન્ય રીત કરતાં જુદી રીતે થાય, કારણ કે વંશવર્ધનની સામાન્ય રીતે બે વ્યક્તિઓ વગર શક્ય નથી. અને અહીં તે એક જ છે, માટે ખુદાઈ હિકમતે હઝરત આદમ علیہ السلامની ડાબી પાંસળી તેમની ઊંઘની હાલતમાં કાઢી અને તેના વડે તેમના પત્ની હઝરત હવ્વા علیہا السلامને બનાવ્યાં.

અને હઝરત હવ્વા વંશવર્ધનની સામાન્ય રીત દ્વારા અસ્તિત્વમાં આવ્યાં નથી. એટલે તેમને હઝરત આદમની ઔલાદ કહી શકાય નહીં, જેમ કે એ રીતથી વિરુદ્ધ માનવ શરીરથી ઘણા જીવો (કીડા જીવાણુંઓ વગેરે) જન્મે છે પણ તેમને માનવીની ઔલાદ કહી શકતા નથી.

ઊંઘમાંથી જાગૃત થઈને હઝરત આદમ عليه السلامએ હઝરત હવ્વાને જોયાં ત્યારે જાતિય આકર્ષણ દિલમાં જન્મ્યું, તેમને પૂછયું, "તમે કોણ છો?" તેમણે જવાબ આપ્યો કે, "ઔરત!" પૂછયું, "શા માટે બનાવવામાં આવી છો?" જવાબ આપ્યો, "તમારું દિલ બહેલાવવા!" ત્યારે આપ તેમની સાથે હળી ગયા.

**૨૨૨ :** તેને તોડી ન નાખો, **હદીષ શરીફમાં છે કે રોજીની કશાઈશ (રેલમછેલ) ઈચ્છતો હોય તેને સગાંઓ સાથે સદ્વર્તન અને સગાઈ સંબંધોનો ખ્યાલ રાખવો જોઈએ.**

**૨૨૩ : શાને નુઝૂલ :** એક માણસની દેખરેખમાં એના યતીમ ભત્રીજાનો ઘણો માલ હતો, જ્યારે તે યતીમ પુખ્ત વયનો થયો, અને તેણે પોતાનો માલ માગ્યો ત્યારે કાકાએ આપવાનો ઈન્કાર કર્યો, ત્યારે આ આયત ઉતરી, જેને સાંભળીને તે માણસે યતીમનો માલ હવાલે કર્યો અને કહ્યું કે અમે અલ્લાહ વ રસૂલના હુકમને માથે ચઢાવીએ છીએ.

**૨૨૪ :** અર્થાત પોતાના હલાલ માલ.

**૨૨૫ :** યતીમની દોલત જે તમારા માટે હરામ છે તેને સારો સમજીને પોતાના રદ્દી માલ સાથે બદલી ન કરો, કારણ કે તે રદ્દી તમારા માટે હલાલ અને સ્વચ્છ છે, અને એ હરામ તથા ગંદો છે.

**૨૨૭ :** અને તેણીઓના હક્કો નહીં જાળવી શકો.

**૨૨૭ :** આ આયતના અર્થઘટનમાં અમુક મંતવ્યો છે, હસનનું કથન છે કે પહેલાંના સમયમાં મદીનાના લોકો યતીમ છોકરીઓ સાથે તેણીઓના દોલતના કારણે નિકાહ કરી લેતા હતા ને તેમના દિલોમાં તેણીઓ તરફ જરા પણ આકર્ષણ ન હતું. ત્યાર બાદ તેણીઓ સાથે સંસારિક અને ગૃહસ્થી જીવનમાં સદ્વર્તન રાખતા નહીં અને તેણીઓના મૃત્યુની રાહ જાતા હતા. આ આયતમાં એવાઓને એવા કૃત્યથી રોકવામાં આવ્યા.

એક કથન એવું છે કે લોકો યતીમ છોકરીઓ સાથે અન્યાય થઈ જવાની બ્હીકે તેમના પાલક બનવાથી ડરતા હતા પણ એવા જ લોકો તેણીઓ સાથે ઝિનાની બાબતે સાવચેત રહેતા ન હતા. તેમને જણાવવામાં આવ્યું કે જો તમે અન્યાય થઈ જવાના ડરથી યતીમોના પાલક બનવાથી દૂર રહો છો; તો પછી ઝિનાથી પણ ડરો, અને એનાથી બચવા માટે જે સ્ત્રીઓ તમારી માટે હલાલ છે તેમની સાથે નિકાહ કરો અને હરામની નજીક ન જાવ.

એક કથન એવું છે કે લોકો નાઈન્સાફી થવાની ધાકે યતીમોની દેખરેખ રાખવાનું કબૂલતા નહીં પણ ઘણા બધા નિકાહ કરવામાં તેમને કશું અયોગ્ય લાગતુ ન હતું. તેમને કહેવામાં આવ્યું કે જ્યારે ઘણી બધી સ્ત્રીઓ નિકાહમાં હોય ત્યારે તેણીઓ સાથે નાઈન્સાફી થઈ જવાથી પણ ડરો (જેમ કે યતીમોની બાબત ડરો છો) અને એટલી જ સ્ત્રીઓ સાથે નિકાહ કરો જેમના હક્કો અદા કરી શકો.

ઈકરમાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماના હવાલાથી કહ્યું છે કે કુરૈશીઓ દસ દસ બલ્કે એથી પણ વધુ પત્નીઓ રાખતા હતા. અને પછી જ્યારે તેમનો ભાર વહન ન કરી શકતા ત્યારે જે યતીમ છોકરીઓના તેઓ પાલક હોય તેમનો માલ ખર્ચી કાઢતા હતા. આ આયતમાં હુકમ કરવામાં આવ્યો કે તમે પોતાની પરિસ્થિતિ જોઈ લો અને ચાર પત્નીઓથી વધારે ન રાખો જેથી તમને યતીમોનું માલ ખર્ચ કાઢવાની જરૂરત ઉભી ન થાય.

**મસ્અલો :** આ આયતથી જાણવા મળ્યું કે વધુ પેજ 27 પર..

દર્સે હદીષે પાક એટલે

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે અથવા અમુક સહાબાથી ફર્માવે છે કે હઝરત બિલાલ رضی اللہ عنہ એ તક્બીર કહેવી શરૂ કરી. જ્યારે તેમણે કહ્યું ક્દક્ા મતિસ્સલાત. તો હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તેને ક્ાયમ તથા દાયમ રાખે. અને બાકી તકબીરમાં તેવું જ ફર્માવ્યું જે હઝરત ઉમર رضی اللہ عنہ ની અઝાનવાળી હદીષમાં વર્ણન થયું[૧]. –(અબૂ દાઊદ)*

**૧.** એનાથી જાણવા મળ્યું કે અઝાનની જેમ તકબીરનો પણ જવાબ આપવામાં આવે અને "ક્દક્ા મતિસ્સલાત" પર આ દુઆ માગવામાં આવે. યાદ રાખશો કે રાવીનું એ કહેવું કે "અમુક સહાબાએ ફર્માવ્યું એ હદીષને ઝઈફ નથી કરી દેતુ, કેમ કે સર્વ **સહાબીઓ આદિલ છે, કોઈ ફાસિક્ નથી.**

*હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અઝાન તથા તકબીરની દરમિયાનની દુઆ રદ નથી થતી[૧]. –(અબૂ દાઊદ, તિર્મિઝી)*

**૧.** જાહેર છે કે એનાથી અઝાન તથા તકબીરની વચ્ચેનો સઘળો સમય મુરાદ છે કે એમાં જ્યારે પણ દુઆ માગે ક્બૂલ થશે, પણ બેહતર એ છે કે અઝાનની જોડે દુઆ માગે જેથી આ હદીષ પર અમલ થઈ જાય. અમુક સહાબીઓએ અર્ઝ કરી કે હુઝૂર ! અમે એ વખતે કઈ દુઆ માગીએ ? ફર્માવ્યું, દીન તથા દુનિયાની અમ્નો આફિયત (શાંતિ તથા ભલાઈ) માગો.

*હઝરત સહલ ઈબ્ને સઅદ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તે દુઆ રદ નથી કરવામાં આવતી અથવા ખૂબ જ જુઝ રદ કરવામાં આવે છે, અઝાનના સમયની દુઆ[૧] અને જેહાદના સમયની દુઆ જ્યારે અમુક અમુકને ક્ત્લ કરી રહ્યા હોય[૨]. એક અન્ય રિવાયતમાં છે કે વરસાદના સમયની દુઆ[3]. (અબૂ દાઊદ, દારમી) પણ દારમીએ વરસાદનો ઉલ્લેખ નથી કર્યો.*

**૧.** એટલે કે મોઅઝ્ઝિન અઝાનથી ફારિગ થતાં જ, ન કે અઝાનના દરમિયાનમાં , કે તે અઝાનના જવાબનો સમય છે.

**૨.** એટલે કે કાપા કાપીની હાલતમાં જ્યારે ગાઝી કાફિરોને ક્ત્લ કરી રહ્યા હોય અને કાફિરોના હાથે શહીદ થઈ રહ્યા હોય, કે તે શ્રેષ્ઠ ઈબાદત છે يُلْحِمُ الْحَامِ થી બન્યુ, ગોશ્ત કાપવાના અર્થમાં, એટલે કે ક્ત્લ કરવું.

**૩.** અમુક લોકોએ تحت س ના કારણે ફર્માવ્યું કે વરસાદની નીચે ઉભા રહીને પલળતાં પલળતાં દુઆ માગે. પણ સહીહ એ જ છે કે વરસાદના સમયે ક્યાંય પણ દુઆ માગે તે ક્બૂલ થશે, ખાસ કરીને રહમતનો વરસાદ હોય જે ઈન્તેઝાર અને દુઆઓ બાદ આવે.

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે. એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મોઅઝ્ઝિન લોકો અમારાથી વધી જશે[1] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેવું તે કહે છે તમો પણ કહ્યા કરો[2] જ્યારે ફારિગ થઈ જાવ તો માગી લીધા કરો, આપવામાં આવશે.[3] (અબૂ દાઊદ)*

**૧.** એટલે કે કયામતમાં આપણે તેમના દરજા સુધી પહોંચી શકીશું નહીં કેમ કે સર્વ ઈબાદતોમાં એ તથા આપણે બરાબર છીએ અને અઝાનમાં તે આપણાથી વધીને છે. જાણવા મળ્યું કે દીની કામોમાં રશ્ક જાઈઝ છે બલ્કે ક્યારેક ઈબાદત છે.

**૨.** એનાથી જાણવા મળ્યું કે અઝાનના સર્વ કલમા મોઅઝ્ઝિનની સાથે કહે ત્યાં સુધી કે હય્ય અલસ્સલાત તથા હય્ય અલલ ફલાહ પણ. પણ એ બંનેવની સાથે લા હૌલ પણ પઢી લે. એની તેહકીક અગાઉ થઈ ચૂકી છે.

**૩.** એટલે કે જે દુઆ ચાહો માગો. બેહતર એ છે કે પ્રથમ હુઝૂરના માટે વસીલાની દુઆ માગે પછી પોતાના માટે દુઆઓ માગે જેથી કરીને સર્વ હદીષો પર અમલ થઈ જાય. મુસલમાન સામાન્યતઃ વસીલા બાદ એ જ દુઆમાં આ પણ કહી લે છે : وَارْزُقْنَا شَفَاعَتَهٗ વહાબી એને મના કરે છે અને બિદઅત કહીને રોકે છે, કદાચ તેમને હુઝૂર ﷺની શફાઅતની જરૂરત નહીં હોય. તેઓ આ હદીષથી બોધપાઠ લે કે અહીં سَلْ મુત્લક (બિનશર્તી) ફર્માવવામાં આવ્યું. મિર્કાતે આ જગાએ ઘણી બધી દુઆઓ બતાવી.

**(વિભાગ : 3)** *હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી ﷺને ફર્માવતાં સાંભળ્યા કે શૈતાન જ્યારે નમાઝની અઝાન સાંભળે છે તો ભાગી જાય છે.[1] ત્યાં સુધી કે મકામે રોહા સુધી પહોંચી જાય છે[2]. રાવીએ ફર્માવ્યું કે રોહા મક્કા મદીનાથી ૩૬ માઈલ છે.[3] (મુસ્લિમ)*

**૧.** જાહેર છે કે શૈતાનથી મુરાદ ઈબ્લીસ છે જે જિન્નાતનો સૌથી મોટો ગુરૂ છે. અને બની શકે છે કે એનાથી મુરાદ એ શૈતાન હોય જે દરેક માણસની સાથે રહે છે અથવા સર્વ શૈતાનો.

**૨.** એટલે કે નમાઝીથી એટલા દૂર ભાગી જાય જેટલુ અંતર મદીનાથી રોહાનું છે.

**૩.** રાવીથી મુરાદ અબૂ સુફયાન તલ્હા ઈબ્ને નાફેઅ મક્કી છે, તે ફર્માવે છે કે રોહા મદીના મુનવ્વરાથી મક્કા તરફ ૨૬ માઈલ એટલે ૧૨ કોસ (લગભગ ૪૨ કિ.મિ.) છે. આ પરથી શૈતાનની ગતિ મર્યાદા જાણવા મળી કે તે પળવારમાં ૩૬ માઈલ આવજા કરી શકે છે. કેમ ન હોય કે તે આગથી બનેલો છે અને આગની ગતિ જોવી હોય તો આજે વીજળીની ગતિ જોઈ લો. જ્યારે આગ (નાર)ની આ ગતિ છે તો અવલિયા અલ્લાહ તથા અંબિયાએ કિરામ નૂરી લોકોની ગતિના વિશે તો પૂછવું જ શું ?! કુર્આને કરીમ ફર્માવી રહ્યું છે કે બની ઈસ્રાઈલના વલી આસિફ બર્ખિયા પાંપણ ઝપકતાં પહેલાં યમનથી બિલ્કીસનો તખ્ત શામ (સીરિયા)માં લઈ આવ્યા. મેઅરાજની રાતે સર્વ નબીઓએ બયતુલ મુકદસમાં હુઝૂર ﷺની પાછળ નમાઝ પઢી. હુઝૂર વીજળીક ગતિવાળા બુર્રાક પર સવાર થઈને પળવારમાં આસ્માનો પર પહોંચ્યા તો એ નબીઓ ત્યાં પહોંચીને સ્વાગતના માટે હાજર હતા ! એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૧)માં જુઓ.

## હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

### આપ સુલ્તાને જહાં હમ બે નવા–યાદ હમ કો વક઼્તે નેઅમત કીજિએ

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ અમારી ભલા આપથી શું નિસ્બત થઈ શકે છે ! આ તો આપનો કરમ છે કે અમારા જેવોઓને નિભાવી રહ્યા છો, નહીં તો ક્યાં અમે નકામા મિસ્કીન અને ક્યાં આપ સુલ્તાનુલ અંબિયા ?! બસ, આ પ્રમાણે અમને નિભાવતા રહેજો. અને જેવી રીતે દરેક પ્રસંગે (વિલાદત, મેઅરાજ, વિસાલ) પોતાની ગુનેહગાર ઉમ્મતને યાદ કરતા રહ્યા છો, એ જ પ્રમાણે જ્યારે આપના પર અલ્લાહ તઆલા પોતાનાં ઈનામો તથા ઈકરામોની વર્ષા વરસાવે ત્યારે અને ખાસ કરીને જ્યારે શફાઅત કરવા ઈજાઝતની આપને નેઅમત મળે તો એ વખતે પણ અમને ન ભૂલશો.

### તુઝસે ક્યા ક્યા અય મેરે તયબહ કે ચાંદ–ઝુલ્મતે ગમ કી શિકાયત કીજિએ

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ અમને કેવી કેવી જાતના ગમો તથા દુ:ખોએ ઘેરી રાખેલા છે અને ગુનાહોનાં અંધકારોએ અમને કોઈ કામના નથી છોડયા. આપને શું શું અર્ઝ કરીએ આપ તો સૌ જાણો છો. હે અરબના ચાંદ ! આપની આલમને પ્રકાશિત કરતી રોશનીથી અમને આ અંધારાંઓથી નજાત અપાવો.

*ચમક તુઝસે પાતે હૈ સબ પાનેવાલે–મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

### દર બદર કબ તક ફિરેં ખસ્તા ખરાબ–તયબહમેં મદફન ઈનાયત કીજિએ

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ અમે ક્યાં સુધી દરવાજા દરવાજાના ધક્કા ખાતા રહીશું, મહેરબાની ફર્માવો ! અમને જિંદગીમાં પણ આપના દરવાજેથી ન ઉઠાડો અને મૃત્યુ બાદ મદીના શહેરમાં ક઼બ્રની જગા ઈનાયત કરો.

### હર બરસ વો ક઼ાફ઼લોં કી ધૂમ ધામ–આહ સુનીયે ઔર ગફ઼લત કીજિએ

**અર્થાત** : દર વરસે તયબહના ઝાઈરીન (મુલાકાતીઓ)ના ક઼ાફ઼લા મદીના તરફ ઘણી જ શાનો શૌકત સાથે રવાના થાય છે. એમની જઝ્બ તથા શૌક઼માં આહોઝારી સાંભળો (હે લોકો !) અને તેમને જે કરે છે તે કરવા દો જેથી એમના દિલની ભડાશ નીકળે, અને તેમને મઅઝૂર સમજીને આંખ આડા કાન કરતા રહો. કેમ કે ઈશ્ક઼ના માર્યા વિરહના બીમાર આવું જ કર્યા કરે છે. અથવા હે આક઼ા ! આપ એમની આહોઝારી સાંભળો છો, મારો હાલ

એમનાથી કાંઈ જુદો નથી. મારા તરફ ક્યારે આપની નિગાહે કરમ થશે અને મને પણ ક઼ાફલાવાળાઓ સાથે ક્યારે આપના દર પર બોલાવશો ?!

**ફિર પલટ કર મુંહ ન ઉસ જાનિબ કિયા–સચ હૈ ઔર દઅવાએ ઉલ્ફત કીજિએ**

**અર્થાત :** (પોતે પોતાને આ'લા હઝરત સંબોધન કરતાં ફર્માવે છે કે હે નામના આશિક઼ !) તું એકવાર મદીના તયબહ હાજર થયો પછી વળીને બીજીવાર ન ગયો. જો આ વાત સાચી છે અને યક઼ીનન ! સાચી છે તો પછી તું જ બતાવ કે શું મહોબ્બત આવી હોય છે ? અને તું મહોબ્બતના દાવામાં ક્યાં સુધી સાચો છે ?

**અક઼રબા, હુબ્બે વતન, બેહિમ્મતી–આહ ! કિસ કિસ કી શિકાયત કીજિએ**

**અર્થાત :** (પોતાની મજબૂરીઓ વર્ણન કરતાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં અર્ઝ કરે છે) સગાં સંબંધીઓ, વતનની મહોબ્બત અને મારી પોતાની નાહિંમતી તથા નાલાયકી મને આપની બારગાહમાં હાજર થવાથી આડરૂપ છે અને એ સિવાય પણ મારી જે કમજોરીઓ છે, હું આપની બારગાહમાં શું અર્ઝ કરું ? હુઝૂર ! આપ તો મારી સર્વ હાલતોથી માહિતગાર છો.

**અબ તો આક઼ા મુંહ દિખાને કા નહીં–કિસ તરહ રફએ નિદામત કીજિએ**

**અર્થાત :** હે મારા આક઼ા ! صلی اللہ علیہ وسلم હું એટલા પ્રમાણમાં શર્મિંદો છું કે આપને મોં દેખાડવાને પાત્ર નથી રહ્યો અને દરેક વખતે એ સોચમાં ડૂબેલો રહું છું કે આ શર્મિંદગીને કેવી રીતે ખત્મ કરું કે આપની બારગાહમાં હાજર થઈને આપનો સામનો કરી શકું. હે અલ્લાહ ! તું જ મારી મુશ્કેલી આસાન ફર્માવ અને તારા હબીબના સામે શર્મિંદગીથી બચાવ.

**અપને હાથોં ખુદ લુટા બૈઠે હૈં ઘર–કિસપે દા'વાએ બઝાઅત કીજિએ**

**અર્થાત :** અમે તે બદ્‌નસીબ છીએ કે જેમણે પોતાના હાથો વડે પોતે જ પોતાનુ ઘર બર્બાદ કરી લીધું છે. હવે કોની વિરુદ્ધ દાવો કરીએ, કેમ કે, "ખુદ કર્દારા ઈલાજ નેસ્ત" પોતે જ પેદા કરેલી બીમારીનો શું ઈલાજ થઈ શકે.

**કિસસે કહીએ કયા કિયા કયા હો ગયા–ખુદ હી અપને પર મલામત કીજિએ**

*(મલામત = ભલુ બુરુ કહેવું)*

**અર્થાત :** કોને કહીએ કે અમારે શું કરવું જોઈતુ હતું અને અમે શું કરી બેઠા ?! (અમે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ની ફર્માંબરદારી કરવાને બદલે તેમની નાફર્માની કરી અને તેમને નારાજ કરી લીધા) હવે કોઈ અન્યને ભલુ બુરુ કહેવાને બદલે પોતે પોતાને ભલુ બુરુ કહીને પોતાનો ગુસ્સો કાઢી રહ્યા છીએ, જેનો કોઈ ફાયદો નથી.

**અર્ઝ કા ભી અબ તો મુંહ પળતા નહીં–કયા ઈલાજે દર્દે ફુર્ક઼ત કીજિએ**

**અર્થાત :** આપને નારાજ કરીને હવે તો અમે એ લાયક પણ ન રહ્યા કે કાંઈ અર્ઝ કરી શકીએ, કે હુઝૂર ! અમને આપની પાસે બોલાવી લો. હાય ! આ જુદાઈના સદમાનો હવે શું ઈલાજ થઈ શકે ?!

### અપની એક મીઠી નઝર કે શહદસે–ચારાએ ઝહરે મુસીબત કીજિએ

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ હવે આપના સિવાય અમારું છે પણ કોણ ? ફરી મજબૂરન્ આપની જ ખિદમતમાં અર્ઝ કરવું પડે છે. આપની પ્યારી પ્યારી આંખોની એક મીઠી મીઠી નજરથી અમારી મુસીબતના ઝહેરનો ઈલાજ ફર્માવી આપો.

### દે ખુદા હિંમત કે યહ જાને હઝીં–આપ પર વારેં વો સૂરત કીજિએ

**અર્થાત :** અમારી અમારા રબથી પણ એ દુઆ છે કે હે અલ્લાહ ! જે થઈ ગયું તે માફ કરી દે અને હવે અમને હિંમત તથા તાક઼ત અતા કરી આપ કે અમારી આ નકામી તથા દુઃખી જાન તારા મહબૂબના મુબારક ક઼દમો પર કુર્બાન કરી દઈએ કે જેથી અમને થયેલ નુકસાનની ભરપાઈ માફી થઈ જાય અને ફરીથી તારા હબીબ ﷺના દેશની ઠંડી હવાઓ અમારાં નસકોરાંને સુગંધિત કરવાનું શરૂ કરી આપે.

### આપ હમસે બળ્હકર હમ પર મહરબાન–હમ કરેં જુર્મ આપ રહમત કીજિએ

**અર્થાત :** હુઝૂર ﷺ આપ તો એવા રહીમો કરીમ આક઼ા છો કે અમને ખુદ અમારી એટલી ફિકર નથી જેટલી કે આપને અમારી ફિકર હોય છે. આપ અમારા પર અમારાથી વધુ મહેરબાન છો. અમારું કામ જુર્મ કરવાનું છે, આપનું કામ કરમ કરવાનું છે. અમે ખતાઓ કરીએ છીએ, આપ અતા ફર્માવો છો, અમે ગુનાહ કરીએ છીએ આપ દુઆ કરો છો.

### જો ન ભૂલા હમ ગરીબોં કો 'રઝા'–યાદ ઉસકી અપની આદત કીજિએ

**અર્થાત :** હે અહમદ રઝા ! જે પ્યારા આક઼ા ﷺ આપણને ન ફર્શ પર ભૂલ્યા ન અર્શ પર જઈને ભૂલ્યા. જિંદગીના દરેક મોડ પર આપણને યાદ રાખ્યા, એ પ્યારા આક઼ા ﷺને હમેશાં યાદ રાખો અને એમના ઝિક્રને પોતાની આદત તથા પોતાનો મામૂલ બનાવી લો. ❑❑❑

## મદ્રસા ગુલશને મદીના–તાંદલજાના બાંધકામમાં સહાય કરવા અપીલ

**તાંદલજા** : (બી–૧૦૬, આશિયાના નગર, નવી નગરી પાસે, વડોદરા, પો. અટલાદરા–૩૯૦૦૧૨) ખાતે મસ્જિદે રઝા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત **"મદ્રસા ગુલશને મદીના"**ના **600 Sq.** ફૂટના બાંધકામ માટે છે કોઈ સખીદાતા કે કામ ઉપાડી લે ?! ઝકાતની રકમથી પણ સહાય કરી શકો છે. **સંપર્ક કરો :-**

* **Mob. : 7801964156** *(રશીદખાન)*
* **Mob. : 9909020328** *(દરિયાવખાન)*
* **Mob. : 9427464411** *(પટેલ શબ્બીર અલી રઝવી, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

## હઝરત પીરે તરીક઼ત જનાબ અલ્હાજ મુહમ્મદ ઉસ્માન શાહ સાહબ કુરૈશી નક઼શબંદી મુજદ્દિદીનો ઉર્સ ઉજવાયો

**અહમદઆબાદ** : ખાતે પીરો મુર્શિદ જનાબ અલ્હાજ શાહ મુહમ્મદ ઉસ્માન સાહબ કુરૈશી નક઼શબંદી મુજદ્દિદી رحمۃ اللہ علیہના વાર્ષિક ઉર્સ શરીફ પ્રસંગે ૨૪ શવ્વાલના રોજ બાદ નમાઝે મગરિબ કુલ શરીફ તથા ફાતેહાખ્વાની પછી ન્યાઝ તકસીમ કરવામાં આવી હતી. જે ખૂબ જ શાનો શૌકતથી ખાનક઼ાહે નક઼શબંદીયા મુજદ્દિદીયા ઉસ્માનીયા ફઝલેરબ પાર્ક, સરખેજ રોઝાની પાસે મકરબા મુક઼ામે ઉજવવામાં આવ્યો હતો. ઘણા બધા મુરીદો અક઼ીદતમંદો તથા સુન્ની અવામે સામેલ થઈ ફુયૂઝો બરકાત હાંસલ કર્યા હતા.

વિસાલ શરીફ : ૩ રમઝાનુલ મુબારક

# સીરતે હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا

**હપ્તો ૦૩**

**સંપાદક : હાફેઝ મુહમ્મદસજ્જાદ રઝવી**
*(ઈંગ્લિશ/કોમ્પ્યુટર ટીચર, દારૂલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)*

## હઝરત ફાતિમા رضی اللہ عنہاને ત્યાં ફાક઼ાનો આલમ

એક દિવસ હુઝૂર નબીએ રહ્‌મત ﷺ સૈયદા ફાતિમા رضی اللہ عنہاના ઘરે તશરીફ લાવ્યા અને ઈર્શાદ ફર્માવ્યો, મારા બંને દીકરાઓ (ઈમામ હસન, ઈમામ હુસૈન) ક્યાં છે ? હઝરત ફાતિમા رضی اللہ عنہاએ અર્ઝ કરી, આજે જ્યારે અમારી સવાર થઈ તો ખાવા માટેની કોઈ વસ્તુ ન હતી. તો હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ મને કહ્યું, "હું આ બંનેને ક્યાંક લઈ જાવ છું, મને ડર છે કે આ તમારી પાસે (ભૂખના કારણે) રડશે અને તમારી પાસે એમને ખવડાવવા માટે કાંઈ પણ નથી." એ ફલાણા યહૂદી બાજુ ગયા છે.

તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ એ બાજુ તશરીફ લઈ ગયા. આપ ત્યાં પહોંચ્યા તો જોયું કે બંને શહઝાદા હૌઝમાં રમી રહ્યા છે. અને કેટલીક વધેલી ખજૂરો એમની સામે પડેલી છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "હે અલી ! શું મારા છોકરાઓને સખ્ત ગરમી પડે તે પહેલાં ઘરે નહીં લઈ જાવ ?" હઝરત સૈયદુના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم એ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ આજે અમારી સવાર થઈ તો અમારે ત્યાં ખાવા માટે કાંઈ ન હતું, જો આપ ﷺ થોડીવાર રોકાઈ જાવ તો હું આ વધેલી ખજૂરો હઝરત ફાતિમા رضی اللہ عنہا માટે વીણી લઉં." હુઝૂર રોકાઈ ગયા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ વધેલી ખજૂરો જમા કરી, કપડામાં લઈ લીધી, પછી ચાલવા લાગ્યા. એક શહઝાદાને હુઝૂર ﷺએ અને બીજાને હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ ઉઠાવી લીધા અને ત્યાં સુધી કે ઘર સુધી પહોંચાડી દીધા. *(અલ મુઅજમુલ કબીર, ભાગ : ૯, પેજ : ૩૭૬, હદીષ : ૧૮૪૭૩)*

મારી પ્યારી બહેનો ! હુઝૂર ﷺની લાડલી હઝરત ફાતિમા رضی اللہ عنہاએ પોતાની જાહેરી જિંદગી કેવા ફાક઼ામાં અને કેવા કઠિન સમયમાં સબ્ર અને શુક્રથી પસાર કરી. આખી જિંદગી ફાક઼ા અને ફક઼ીરીમાં પસાર કરી પરંતુ કોઈપણ મુશ્કેલીમાં કોઈપણ જાતની ફરિયાદ અને શિકાયત માટે આપના હોઠ ખુલ્યા નથી. આપ બારગાહે નબુવ્વતના સાયામાં મોટા થયાં જ્યાંથી તેમણે તર્બિયત મેળવી કે, ફક઼ીરી માલદારીથી અફઝલ છે. આપણે પણ આનાથી બોધ લઈ આપણી જિંદગી શુક્ર અને સબ્રથી પસાર કરવી જોઈએ. અલ્લાહ તઆલા હઝરત બીબી ફાતિમા رضی اللہ عنہاના સદક઼ામાં અમલની તૌફીક઼ અતા કરે. (આમીન)

હઝરાત હસનૈન કરીમૈન (رضی اللہ عنہا) બાળપણમાં એકવાર બીમાર પડી ગયા તો અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم અને હઝરત ફાતિમા અને ખાદિમા હઝરત ફિઝ્ઝા (رضی اللہ عنہا)એ આ શાહઝાદાઓની તંદુરસ્તી માટે ત્રણ રોઝાની મન્નત માની. અલ્લાહ તઆલાએ બંને શાહઝાદાઓને શિફા અતા ફર્માવી જેથી ત્રણ રોઝા રાખવામાં આવ્યા. હઝરત મૌલા અલી ત્રણ સાઅ જવ લાવ્યા. એક એક સાઅ (૪ કિલોમાં ૧૬૦ ગ્રામ ઓછી) ત્રણેય દિવસ રોટીઓ બનાવી. જ્યારે ઈફતારીનો સમય થયો તો ત્રણેય રોઝેદારો સામે રોટીઓ મૂકવામાં આવી. એવામાં એક મિસ્કીન, એક યતીમ અને એક કૈદી ક્રમે ક્રમે ત્રણેવ દિવસ દરવાજા પર હાજર થયા અને રોટીનો સવાલ કર્યો તો ત્રણેવ દિવસ બધી રોટીઓ એ સાઈલોને આપી દીધી અને ફક્ત પાણીથી ઈફતારી કરી

આગલો રોઝો રાખ્યો.

*(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન, પારા : ૨૯, પેજ : ૧૦૭૩)*

*ભૂકે રહકર ખૂદ ઔરોં કો ખિલા દેતે થે*
*કૈસે સાબિર થે મુહમ્મદ ﷺ કે ઘરાનેવાલે*

## ખાતૂને જન્નત رضی اللہ عنہا નો ઝોહદ

હઝરત સૈયદુના ષૌબાન رضی اللہ عنہ ફર્માવે છે કે, એકવાર હુઝૂર (علیہ الصلوٰۃ والسلام) પોતાની સાહબઝાદી હઝરત સૈયદુના ફાતિમા ઝૂહરા (رضی اللہ عنہا)ની પાસે તશરીફ લાવ્યા તો હઝરત ફાતિમા رضی اللہ عنہાએ પોતાની ગરદનમાં પહેરેલો સોનાનો હાથ પકડીને અર્ઝ કરી, આ અબુલ હસને (હઝરત અલી رضی اللہ عنہએ) મને તોહફામાં આપ્યો છે. ઈમામુલ્ અંબિયાએ પોતાની શહઝાદીની તર્બિયત કરતાં ઈર્શાદ ફર્માવ્યો, "હે ફાતિમા ! શું લોકોના એ કહેવાથી તને ખુશી થશે કે ફાતિમા બિન્તે મુહમ્મદના હાથમાં આગનો હાર છે !" આમ કહીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام બેસ્યા વિના ત્યાંથી તશરીફ લઈ ગયા. એના પછી હઝરત સૈયદુના ફાતિમા ઝહ્રા رضی اللہ عنہાએ એ હાર દઈને એક ગુલામ ખરીદયો અને તેને આઝાદ કરી દીધો.

જયારે નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامને આ વાતની ખબર પહોંચી તો આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "બધી ખૂબીઓ અલ્લાહને જેણે ફાતિમાને આગથી છૂટકારો અતા ફર્માવ્યો." *(અલ મુસ્તદરક અલસ્સહીહનિલ્ હાકિમ, કિતાબ મઅરિફતુસ્સહાબા, ઝોહદે ફાતિમા رضی اللہ عنہا, ભાગ : ૪, પેજ : ૧૩૨, હદીષ : ૪૭૭૮)*

મારી પ્યારી બહેનો ! જોયું આપે ! પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلامએ પોતાની શહઝાદીની તર્બિયત કેવી રીતે કરી ? જો કે ઈસ્લામી બહેનો માટે સોનુ ઝવેરાત પહેરવું જાઈઝ છે, પરંતુ ઈમામુલ્ અંબિયા ﷺએ પોતાની શહઝાદીને ઝોહદની તા'લીમ આપતાં એનાથી રોકી દીધાં. આ છે હુઝૂરે પાક ﷺની પોતાની ઔલાદની તર્બિયત અને ઔલાદનો તેના ઉપર અમલ ! અલ્લાહ તઆલા આપણને બધાને અમલ કરવાની તૌફીક઼ અતા કરે. (આમીન)

## સૈયદા ફાતિમા رضی اللہ عنہાના નિકાહ

હઝરત સૈયદના શોએબ હરીફીશ (رضی اللہ عنہ) ફર્માવે છે, મુહાજિરીન અને અન્સારના મોટા મોટા લોકોએ હઝરત ફાતિમાથી નિકાહનો પૈગામ હુઝૂરને મોકલ્યો. પરંતુ હુઝૂર ﷺ જવાબમાં ઈર્શાદ ફર્માવે, "હું ખુદાના ફૈસલાની રાહ જોઈ રહ્યો છું."

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને ઉમર ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہماએ પણ નિકાહનો પૈગામ મોકલ્યો તો એમને પણ આપ (ﷺ)એ ફર્માવ્યું, "આ મામલો અલ્લાહને સોંપ્યો છે."

## હઝરત અબૂબક્ર رضی اللہ عنہ અને ઉમર رضی اللہ عنہ હઝરત અલી رضی اللہ عنہને પ્રોત્સાહન

એક દિવસ હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર ફારૂક઼ે આ'ઝમ અને હઝરત સૈયદના સઅદ બિન મુઆઝ رضی اللہ عنہم મસ્જિદે નબવી શરીફમાં બેસેલા હતા કે હઝરત સૈયદા ફાતિમા رضی اللہ عنہاનો ઝિક્ર ખૈર આવી ગયો. તો હઝરત સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો; "બધા જ ઈજ્જતવાળા લોકોએ હઝરત ફાતિમા رضی اللہ عنہاથી નિકાહનો પૈગામ મોકલ્યો પરંતુ હુઝૂર ﷺ જ ઈર્શાદ ફર્માવ્યો કે, "આ મામલો અલ્લાહનો સોંપ્યો છે." પરંતુ હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ નિકાહનો પૈગામ નથી અર્ઝ કર્યો અને ન તેની વાત કરી. આનુ કારણ મારા ખ્યાલથી તેમની ગરીબી હોઈ શકે છે. આપણે હઝરત અલી رضی اللہ عنہ પાસે જઈને હુઝૂર ﷺની શહઝાદીનો મામલો ઝિક્ર કરવો જોઈએ. અને જો એ તંગદસ્તીનું કારણ બતાવે તો આપણે તેમની મદદ કરવી જોઈએ. પછી આ બધા હઝરાત હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની શોધમાં નીકળી ગયા. જાણવા મળ્યું કે તે આ સમયે કોઈ અન્સારી સહાબીના બાગમાં મજદૂરી પર ઊંટોથી પાણી કાઢવામાં વ્યસ્ત છે. ત્યાં જયારે મુલાકાત થઈ તો હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, "હે અલી ! (વાત એ

છે કે) કુરૈશના મોટા ઈજ્જતદારોએ રસૂલ ﷺની બેટીથી નિકાહનો પૈગામ મોકલ્યો પરંતુ હુઝૂર ﷺએ એવું કહીને પાછા મોકલ્યા કે આ મામલો અલ્લાહને સોંપ્યો છે. (અને અમે જોઈએ છીએ કે) દરેક સારી આદતો તમારામાં જોવા મળે છે અને હુઝૂર ﷺના રિશ્તેદાર પણ છો. મને ઉમ્મીદ છે કે અલ્લાહ جل جلاله અને રસૂલ ﷺએ આ મામલો તમારા માટે રોકેલો છે. રાવી ફર્માવે છે, "હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની આંખો આંસૂથી છલકાઈ ગઈ અને ફર્માવ્યું : "હે અબૂબક્ર ! ગરીબીએ મને એનાથી રોકેલો છે." હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہએ ફર્માવ્યું, "હે અલી ! એવું ન કહો, અલ્લાહ عزوجل અને તેના રસૂલ ﷺના નજીક દુનિયા અને એમાં જે કાંઈ છે ઉડતા ફુગ્ગાની જેમ છે."

*–(અરૌઝુલ ફાઈક્, પેજ : ૨૭૫)*

મારી પ્યારી બહેનો ! પોતાના મુસલમાન ભાઈ બહેનની જરૂરતનો એહસાસ કરવો અને એની જરૂરત પૂરી કરવા જ્યાં સુધી થઈ શકે રૂપિયા, પૈસા, જાન અને ઝબાન દરેક રીતે મદદ કરવી અને મદદની નિય્યત કરવી આપણા અસ્લાફ (બુઝુર્ગો)નો મુબારક તરીકો છે. તમે વાંચ્યું કે કેવી રીતે સહાબાએ કિરામ એકબીજાની મદદ કરતા હતા અને આજે આપણે કોઈનું સારું તો નથી કરતા કે કરી શકતા ત્યાં સુધી કે કોઈનું સારુ થાય એ વિચારતા પણ નથી. અલ્લાહ આપણા બધાને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના સદકામાં નેક તૌફીક્ અતા કરે.

## સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہની હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજરી

હઝરત સૈયદના અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم પોતાના કામથી પાછા ફરી હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہاના ઘર તરફ ચાલતા થયા. ત્યાં પહોંચી દરવાજો ખખડાવ્યો. હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہાએ પૂછયું, કૌન ? તો સરકારે મદીના علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, "ઉઠો અને દરવાજા ખોલો ! આ એ છે જેનાથી અલ્લાહ جل جلاله અને તેના રસૂલ ﷺ પ્યાર કરે છે, અને એ પણ તેમનાથી મહોબ્બત કરે છે." હઝરત સલ્મા رضی اللہ عنہાએ અર્ઝ કરી, "મારાં મા બાપ આપના (ﷺ) પર કુર્બાન ! એ કોણ છે ?! તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "આ મારો ભાઈ છે અને મને બધી મખ્લૂક્માં સૌથી વધારે પ્યારો છે." હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ફર્માવે છે, હું ઝડપથી ઉઠી અને મેં દરવાજા ખોલ્યો તો જોયું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم છે. આપ ﷺએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં સલામ અર્ઝ કરી અને બેસી ગયા અને જમીનને ખોતરવા લાગ્યા જાણે કે કાંઈક કહેવું છે પરંતુ શરમનો પર્દો આગળ છે.

સરકારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "હે અલી ! કોઈ કામ હોય તો બતાવો, અમારી પાસે તમારી દરેક હાજત પૂરી થશે." હઝરત સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہએ અર્ઝ કરી, "યા રસૂલલ્લાહ ! ﷺ મારાં મા, બાપ આપના પર કુર્બાન ! તમે જાણો છો કે તમે મને પોતાના કાકા અને કાકી ફાતિમા બિન્તે અસદથી લીધા. હું એ સમયે એક નાસમજ બાળક હતો. તમે મારી રહનુમાઈ ફર્માવી, મને અદબ શીખવાડયો, અને બાઅખ્લાક્ બનાવ્યો. આપે મારી ઉપર મા બાપથી વધીને શફક્ત અને એહસાન ફર્માવ્યું. અલ્લાહ جل جلاله એ આપના ઝરીયાથી મને હિદાયત આપી. યા રસૂલલ્લાહ ! ﷺ તમે જ દુનિયા અને આખિરતમાં મારો વસીલો અને જમા પૂંજી છો અને હું એ પસંદ કરું છું કે અલ્લાહ عزوجل તમારા થકી મારો સપોર્ટ એવી રીતે ફર્માવે કે મારું પણ એક ઘર અને બીવી હોય જેમાં હું ચેન મેળવું. એટલા માટે હું તમારી બારગાહમાં આપની સાહબઝાદી હઝરત ફાતિમા رضی اللہ عنہاની સાથે નિકાહનો પૈગામ લઈને હાજર થયો છું. *(ઉરૂસુલ ફાઈક્, પેજ : ૨૮૫)*

મારી પ્યારી બહેનો ! આ રિવાયતથી શાને મુસ્તફા, ઈલ્મે મુસ્તફા, શફક્ત તથા એહસાને મુસ્તફા ﷺ અને અઝમતે અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم જોવા મળી. અલ્લાહના મહેબૂબ ﷺને દીવાલની પાછળનો પણ ઈલ્મ હતો કે ત્યાં કોણ છે. *(ક્રમશઃ)*

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૬

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

*(ત્રીજો વિભાગ)*

### રોજી વિશે વર્ણન

જ્યારે પાબોસીનો શરફ હાંસલ થયો એ વખતે રિઝક઼ (રોજી)ના બારામાં ચર્ચા શરૂ થઈ. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હે દુરવેશ ! શરીઅત તથા તરીક઼તમાં સાચો બંદો તે છે જે રોજીથી દિલ ન લગાડે બદલે ઉદાર દિલીથી પોતાના મૌલાની બંદગીમાં પોતાના મૌલાની ઈતાઅત (આજ્ઞાપાલન)માં મશગૂલ રહે. અને હક઼ીક઼તમાં જાણી લે કે જે કાંઈ મારા મુક઼દરમાં છે તે મને મળીને રહેશે, એનાથી કાંઈક રજમાત્ર પણ ઓછું થશે નહીં. તો હે દુરવેશ ! જો વરસોવરસ તું માર્યો માર્યો ફરે તો જે રોજી તારી કિ઼સ્મતમાં લખવામાં આવી ચૂકેલ છે તે વિના તારી કોશિશ તથા તલબના તને મળી જશે. અને જો તું વધારે ચાહે તો અને રજકણ બરાબર પણ નહીં મળે. હે દુરવેશ ! ફક઼્રની રાહમાં અડગ તે છે જે રોજીથી દિલ ન લગાડે કે આજે તો મેં ખાય લીધું છે પણ કાલે શું ખાઈશ ! આવા શખ્સોને અસ્હાબે તરીક઼ત બદદીન તથા બદદિયાનત કહે છે. *(આ તેમના માટે છે જે રબની ફર્માબરદારી છોડીને ફક્ત રોજી કમાવામાં જ ડૂબી જાય. નહીં તો રોજી કમાવી તો સુન્નત છે. સહાબા, અવલિયા સૌ રોજી કમાતા હતા પણ તેમાં દીનદારી છોડી ડૂબતા ન હતા. –તંત્રી)*

પછી ફર્માવ્યું કે અહલે સુલૂક લખે છે કે જેવી રીતે મૌત માણસને શોધતું રહે છે અને ખભાઓ પર લખેલુ છે એ જ પ્રમાણે રોજી પણ લખેલી છે અને તે માણસને શોધે છે. જ્યાં કયાંય માણસ જાય છે રોજી તેની સાથે જાય છે. જો બેસે છે તો રોજી તેની સાથે બેસે છે.

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! નચિંત રહે કેમકે તારી રોજી તારા ખભાઓ પર લખેલી છે તું ઉદાર દિલીથી અલ્લાહ તઆલાના કામમાં મશગૂલ થઈજા, કેમ કે જે તારા નસીબમાં છે તે જરૂર જરૂર તને મળીને રહેશે.

પછી ફર્માવ્યું કે મૌલાનો તાલિબ બન કે જેથી જે કાંઈ મૌલાના મુલ્કમાં છે તે તારી તલબ કરે. એટલા માટે કે આષારે અવલિયામાં લખેલુ જોયું છે કે જ્યારે કોઈ મુસલમાન દુનિયા તલબ કરે છે તો કદાપિ એની પાસે નથી ભટકતી અને એનાથી એવી રીતે ભાગે છે જેવી રીતે કે મુસલમાન મુરદારથી ભાગે છે. અને જે શખ્સ મૌલાની તલબમાં હોય છે અને દુનિયાની તરફ ધ્યાન નથી કરતો તો દુનિયા હજાર અવાજથી તેની પાછળ પડે છે અને તે એને આંખ ઉઠાવીને પણ નથી જોતો, બલ્કે એનાથી એવી રીતે ભાગે છે જેથી રીતે મુસલમાન મુરદારથી ભાગે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ જે ફર્માવ્યું કે اَلدُّنْيَا مَزْرَعَۃُ الْاٰخِرَۃ "દુનિયા આખેરતની ખેતી

છે." તો એનાથી મતલબ છે કે એમાં સદકા ઝકાત અને સખાવત કરે અને ભવિષ્યના માટે કાંઈક બીજ રોપે જેથી ફળ ઉઠાવી શકે. કેમ કે **દુનિયામાં સદકા તથા સખાવતથી વધીને કાંઈ કામ નથી. જેણે પોતાનુ કામ કાઢયું છે તેણે સદકા તથા સખાવતથી કાઢયું છે.**

પછી ફર્માવ્યું કે જેટલા તવક્કુલવાળા છે તેમને રોજી વગેરેનો ન ગમ છે ન અંદેશો. એટલા માટે કે જે કાંઈ કિસ્મતમાં છે તે મળીને જ રહેશે. પછી દહેશતમાં રહેવાથી શું ફાયદો ?! પછી ફર્માવ્યું કે એહલે સુલૂકમાં જેને જુએ છે કે રોજીના માટે પરેશાન છે, તો દુરવેશોને હુકમ કરે છે કે એની ગરદન પકડીને ખાનકાહથી કાઢી મૂકો કેમ કે એ બદ એતેકાદ દુરવેશ છે અને એનામાં સચ્ચાઈ નથી. (આ રાહે સુલૂકવાળાઓ વિશે છે)

પછી ફર્માવ્યું કે મેં એક બુઝુર્ગની ઝબાની સાંભળ્યું છે કે એ પણ એક કબીરા ગુનોહ છે કે માણસ રોજીના માટે ગમગીન થાય કે આજે તો ખાય લીધુ પણ કાલે કદાચ મળશે કે નહીં.

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! જો સો વરસ પણ માર્યો માર્યો ફરે અને કિસ્મતથી વધારે રોજી તલબ કરે તો મુકદ્દરથી વધુ રજકણ જેટલુ પણ તને મળશે નહીં.

પછી ફર્માવ્યું કે એક શખ્સ કેટલાય વરસો સુધી રોજગારના માટે માર્યો માર્યો ફર્યો. એક શહેરથી બીજા શહેરમાં જતો અને એક જગાએથી બીજી જગાએ, પરંતુ જે એની રોજી હતી એનાથી રજ માત્ર વધારે ન થઈ. જેથી જ્યારે તે શખ્સ પરત આવ્યો તો પહેલાનાં કરતાં બુરી હાલત હતી. લોકોએ પૂછયું, શું હાલત છે ? કહ્યું, હું તો એટલા માટે ગયો હતો કે રોજી અધિક થઈ જશે પરંતુ જે કાંઈ મારી કિસ્મતમાં લખ્યું છે એનાથી રજ માત્ર પણ વધારે ન થયું. પછી શૈખુલ ઈસ્લામે અશ્રૂમય આંખે આ શેઅરો ઝબાન મુબારકથી ફર્માવ્યા :–

(અર્થ) : જો લાખો તેજ હવાઓના ઝોંકાઓ પણ ખાય, છતાં તને તો તે જ મળશે જે તારા નસીબમાં છે."

જેવો શયખુલ ઈસ્લામે આ શેઅર પઢયો, એક અઝીઝે અર્ઝ કરી કે જો હુકમ હોય તો મને યાદ છે અર્ઝ કરું. ફર્માવ્યું, પઢો ! તેણે આ શેઅર પઢયા :

(અર્થ) : "દુનિયાના કારોબારમાં દુઃખ ઉઠાવવાનો શો ફાયદો છે કેમ કે રોજી કોશિશથી તો વધતી નથી. રોજીની પાછળ શા માટે દોડીએ, બેઠેલા રહો કે રોજી આપોઆપ તમારી પાસે પહોંચી જશે." (આ અલ્લાહ રશીદા સૂફીઓની હાલત છે કે જેઓ યાદે ઈલાહીમાં દીવાના જેમ ગુમ છે.)

પછી ફર્માવ્યું કે હે દુરવેશ ! જો રોજીના વધારા માટે સો વરસ પણ કોશિશ કરે છે તો રજમાત્ર પણ વધારે થશે નહીં, જેથી દરેક હાલ તથા કામમાં સાચા હોવું જોઈએ. અમુક નાદાન જેઓ એવું કહે છે કે અમે આ શહેરથી બહાર જઈએ છીએ કદાચ રોજી વધી જાય, તો પણ કબીરા ગુનોહ છે અને જેઓ આ પ્રકારનો ખયાલ કરે છે એ બુરો ખયાલ તેમને પરેશાન રાખે છે. તો હે દુરવેશ ! જ્યાં તું જઈશ પરવરદિગાર તો તે જ છે, તે તો નહીં બદલાય જાય ! જે કાંઈ એણે લખેલુ રાખ્યું છે. તે તને પહોચવાનું છે. (આ દુરવેશ બની રહેતા લોકોની વાતો છે.)

પછી એ મોકાસર આ હિકાયત વર્ણવી કે એકવાર એક શખ્સે રોજગારથી તંગ આવીને શહેરને છોડવા ચાહ્યું. જ્યારે એક બુઝુર્ગ પાસે વિદાય થવા માટે ગયો તો તેમણે પૂછયું ક્યાં અને શા માટે જાવ છો ? કહ્યું, આ શહેરને છોડુ છું, કદાચ રોજગારમાં બેહતરી થઈ જાય. તે બુઝુર્ગે કહ્યું, અચ્છા ! એ શહેરના ખુદાને મારા સલામ કહેજો ! તે આશ્ચર્યમાં પડી ગયો અને પૂછયું કે શું ત્યાંનો ખુદા કોઈ બીજો છે ?! ખુદા તો એક જ છે. એ બુઝુર્ગે કહ્યું, હે નાદાન ! જ્યારે તું આટલુ જાણે છે કે ખુદા દરેક જગાએ એક છે, તો શું એટલુ પણ નથી જાણતો કે એ શહેરમાં તથા આ શહેરમાં તારું મુકદ્દર એક જ છે. જા ! ખુશદિલીથી અલ્લાહની ઈતાઅત (ફર્માબરદારી)માં મશગૂલ થઈ જા પછી જો કે તને કઈ કઈ નેઅમતો મળે છે. *(ક્રમશઃ)*

# તાજુશ્શરીઅહના
## જીવનચરિત્રની ઝલકો
હપ્તો : ૦૭

### તાજુશ્શરીઅહ : ઈરાદાત તથા સુલૂક

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہને બચપનમાં જ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ બયઅત કરી લીધા હતા. આપ પોતે જ લખે છે : ''હું બચપનથી જ હઝરત (મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)થી સિલસિલામાં દાખલ થઈ ગયો છું.''

*–(માહાનમા ઈસ્તેક઼ામત કાનપુર, પેજ : ૧૫૧, રજબ : ૧૪૦૩, ઈ.સ. ૧૯૮૩)*

અને લગભગ ૨૦ વરસ પછી મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મીલાદ શરીફની મેહફિલમાં ખિલાફત તથા ઈજાઝત પણ અર્પણ કરી દીધી. મૌલાના શહાબુદ્દીન રઝવી લખે છે :–

''હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ મૌલાના સાજિદ અલીખાન બરેલ્વી મોહતમિમ દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ–બરેલીને હુકમ આપ્યો કે તા. ૧૫–૧–૧૯૬૨, ૮–શાબાન હિ.સ. ૧૩૮૧ની સવારે આઠ વાગે ઘર પર મેહફિલે મીલાદનું આયોજન કરવામાં આવે. મીલાદખ્વાં હઝરાત, ઉલમા તથા મશાઈખ તથા મદ્રસાઓના તલબા તથા ફારિગ થનાર તલબાને હાજરીની દા'વત આપવામાં આવે. સખત ઠંડીની ઋતુમાં કેટલાય લોકોએ મીલાદ શરીફના આ ખાસ પ્રોગ્રામમાં ભાગ લીધો. મેહફિલે મીલાદના છેવટમાં મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ તશરીફ લાવ્યા અને તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી અખ્તર રઝાખાં અઝહરીને બોલાવ્યા, પોતાના પાસે બેસાડયા બંનેવ હાથ પોતાના હાથોમાં લઈને આલિયા ક઼ાદરિયા સુહરવર્દિયા, નક઼શબંદિયહ્, ચિશ્તિયહ, સર્વ સિલસિલાઓની તથા હદીષોના સર્વ સિલસિલાઓની મુસલસલ બિલ અવ્વલિયતની ઈજાઝત તથા ખિલાફતથી સરફરાઝ ફર્માવ્યા. સર્વ વિર્દો વઝાઈફ, આમાલ તથા અશ્ગાલ, દલાઈલુલ ખૈરાત, હિઝબુલ બહર, તાવીઝો વગેરેની ઈજાઝત અર્પણ કરી.''

*–(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨૩)*

આ પ્રસંગે મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા હબીબુર્રહમાન અબ્બાસી رحمۃ اللہ علیہ રઈસે આ'ઝમે ઓડિસ્સા, બુરહાને મિલ્લત મુફતી બુરહાનુલ હક઼્ક઼ જબલપુરી, મૌલાના ખલીલુર્રહમાન મુહદ્દિષ અમરોહવી, અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી ઈલાહાબાદી, મુફતી નઝીરુલ અકરમ નઈમી મુરાદાબાદી, મૌલાના મુહમ્મદહુસૈન સંભલી, મૌલાના અન્વાર અહમદ શાહજહાંપુરી, મૌલાના ક઼ાઝી શમ્સુદ્દીન જઅફરી જોનપુરી, મૌલાના કમાલ અહમદ તલશીપુરી, મૌલાના શાબાનઅલી હબાની ગોંવી, સૂફી અઝીઝ અહમદ બરેલ્વી વગેરે જેવા જય્યદ ઉલમા તથા મશાઈખ મૌજૂદ હતા. સર્વ હઝરાતે ઉઠી ઉઠીને વારાફરતી તાજુશ્શરીઅહને મુબારકબાદ પેશ કરી.

*–(માહનામા નૂરી કિરન, બરેલી, પેજ : ૪૦, ફેબ્રુ. ૧૯૬૨, હિ.સ. ૧૩૮૧)*

૧૫ જાન્યુઆરી ઈ.સ. ૧૯૬૨ની વાત છે કે એ

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

મજલિસમાં મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મુસ્તફા રઝાખાન નૂરી رحمۃاللہ علیہથી શમ્સુલ ઉલમા કાઝી શમ્સુદ્દીન અહમદ જઅફરી તથા મૌલાના બુરહાનુલ હક્ક જબલપુરીએ પૂછયું કે, હઝરત ! આપનો જાનશીન કોણ થશે ? તો આપે જવાબ આપ્યો કે, "જાનશીન એના સમય પર જ થશે જેને થવાનું છે." અને હુઝૂર તાજુશ્શરીઅહના વિશે ફર્માવ્યું કે, "આ (તાજુશ્શરીઅહ) છોકરાથી ઘણી ઉમ્મીદો જોડાયેલી છે." *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૩૩)*

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہએ પોતાના આખરી દિવસોમાં પોતાની જાનશીનીના સંબંધે એક લખાણ ખુદ લખ્યું જેમાં હઝરત તાજુશ્શરીઅહને પોતાના જાનશીન તથા કાઈમ મકામ (અનુગામી) તરીકે દર્શાવી આપ્યા. આ લખાણની ફોટો કોપી, "સીરતે તાજુશ્શરીઅહ" પેજ નં. ૧૩ પર છે જેમાં ખુત્બા બાદ સર્વ પ્રથમ વાકય આ લખ્યું છું : "હું અખ્તરમિયાં સલ્લમહૂને મારો અનુગામી ઠરાવું છું." *(સીરતે તાજુશ્શરીઅહ, પેજ : ૧૩, અઝ : મૌલાના શહાબુદ્દીન)*

હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃاللہ علیہ પોતાની જિંદગીના કામયાબી તથા કામરાનીના પાછળ સર્વ કાંઈ મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہનો ફયઝ અને તેમની નિગાહે કરમનો સદકો સમજતા હતા. જેમ કે ખુદ લખ્યું છે :–

"મેં દારુલ ઉલૂમ મન્ઝરે ઈસ્લામ બરેલીમાં પઢયું અને પઢાવ્યું. જામેઅ અઝહરમાં પણ પઢયો. શરૂથી જ મને અભ્યાસનો ઘણો જ શોખ હતો. મારી દર્સી કિતાબો ઉપરાંત શરહો તથા હાશિયાઓ તથા અન્ય વિષયની કિતાબોનો દરરોજ ખૂબ જ અભ્યાસ કરતો અને ખાસ ખાસ ચીજોને ડાયરીમાં નોંધી લેતો હતો. તદ્ ઉપરાંત સૌથી મહત્વની વાત એ છે કે મને જે કાંઈ પણ મળ્યું તે હુઝૂર મુફતીએ આ'ઝમ رحمۃاللہ علیہની સોહબત તથા તેમના ફયૂઝાનથી હાંસલ થયું. તેમની એક કલાકની સોહબત તથા પૂછતાછ થકી મળતો ફાયદો વર્ષોની મહેનત તથા તકલીફો વેઠીને મેળવેલા પર ભારી રહેતો હતો. હું આજે દરેક દરેક જગાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃاللہ علیہનો ઈલ્મી તથા રૂહાની ફયૂઝાન પામુ છું. આજે જે મારી હૈષિયત છે એ એમની સોહબતની કીમિયાઈ અસરનો સદકો છે. *(હયાતે તાજુશ્શરીઅહ, પેજ : ૨)*

૧૪, ૧૫ નવેમ્બર ઈ.સ. ૧૯૮૪ના રોજ મારહરા મુતહ્હરામાં ઉર્સે કાસમીના પ્રોગ્રામમાં **અહસનુલ ઉલમા** હઝરત મુફતી સૈયદ હસનમિયાં બરકાતી رحمۃاللہ علیہ સજ્જાદાનશીન ખાનકાહે બરકાતિયહ મારહરાએ હુઝૂર તાજુશ્શરીઅહનું સ્વાગત "કાઈમ મુકામ મુફતીએ આ'ઝમ અલ્લામા અઝહરી ! ઝિંદાબાદ !"ના નારા સાથે કર્યું અને વિશાળ મેદનીમાં ઉલમા તથા મશાઈખ તથા ફાઝિલો તેમજ દાનિશ્વરોની હાજરીમાં "જાનશીને મુફતીએ આ'ઝમ"ને એવું કહીને કે, "ફકીર આસ્તાનએ આલિયા કાદરિયા બરકાતિયા નૂરિયહના સજ્જાદાની હૈષિયતથી કાઈમ મુકામ મુફતીએ આ'ઝમ અલ્લામા અખ્તર રઝાખાં સાહબને સિલસિલએ કાદરિયા બરકાતિયહ નૂરિયહની સર્વ ખિલાફત તથા ઈજાઝતથી સરફરાઝ કરે છે. પૂરો મજમો સાંભળી લે ! તમામ બરકાતી ભાઈ સાંભળી લે ! અને આ ઉલમાએ કિરામ (જેઓ ઉર્સમાં મૌજૂદ છે) આ વાતના ગવાહ રહે." ત્યારબાદ અહસનુલ ઉલમા મૌલાના સૈયદ હસનમિયાં બરકાતી رحمۃاللہ علیہએ હુઝૂર તાજુશ્શરીઅહ્‌ની દસ્તારબંદી કરી અને નઝર પણ પેશ કરી.

**સૈયદુલ ઉલમા** મૌલાના શાહ સૈયદ આલે મુસ્તફા બરકાતી મારહરવી رحمۃاللہ علیہ (વાલિદે મોહતરમ હઝરત નઝમી મિયાં رحمۃاللہ علیہ)એ સર્વ સિલસિલાઓની ઈજાઝત તથા ખિલાફત અતા ફર્માવી

અને ખલીફાએ આ'લા હઝરત **બુરહાને મિલ્લત** હઝરત મૌલાના બુરહાનુલ હક્ક઼ રઝવી જબલપુરી رحمۃ اللہ علیہએ પણ તમામ સિલસિલાઓ તથા હદીષ શરીફની ઈજાઝતથી નવાઝયા.

વાલિદ માજિદ **મુફસ્સિરે આ'ઝમે હિંદ** હઝરત ઈબ્રાહીમ રઝાખાં رحمۃ اللہ علیہએ ફરઝંદે અર્ઝમંદને ફારિગ થતાં પહેલાં જ આ'લા હઝરત رضی اللہ عنہના જાનશીન બનાવ્યા અને એક લખાણ પણ અર્પણ કર્યું.

રયહાને મિલ્લત મૌલાના રયહાન રઝા બરેલ્વી મોહતમિમ્ મન્ઝરે ઈસ્લામ પોતાના તંત્રીપદ હેઠળ પ્રસિદ્ધ થનારા "માહનામા આ'લા હઝરત"માં "કવાઈફે દારુલ ઉલૂમ" હેડિંગ હેઠળ લખે છે : (યાદ રાખશો કે આ લખાણ એ જમાનાનું છે જ્યારે મુફસ્સિરે આ'ઝમે હિંદ અલ્લામા ઈબ્રાહીમ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہની તબીઅત ખૂબ જ પ્રમાણમાં ખરાબ હતી, અને સર્વ લોકોને એ ઉમ્મીદ હતી કે હવે મુફસ્સિરે આ'ઝમે હિંદ જીલાનીમિયાં رحمۃ اللہ علیہ જાહેરી દુનિયાથી વિદાય લઈ લેશે.)

"બીમારીની હાલતના કારણે હવે ખાત્રી નથી કે હવે અધિક જિંદગી હોય, જેથી જરૂરત હતી કે અન્ય અનુગામી (ક઼ાઈમ મક઼ામ) બને. જેથી અખ્તર રઝા સલ્લમહૂને ક઼ાઈમ મક઼ામ તથા જાનશીને આ'લા હઝરત બનાવી દેવામાં આવ્યા. જાનશીનીનો અમામો બાંધવામાં આવ્યો અને અબા (કુરતો) પહેરાવવામાં આવી. આ દસ્તાર તથા અબા, અને અન્ય તલબાની દસ્તાર તથા અબા બનારસવાળાઓ તરફથી થઈ."

*(માહનામા આ'લા હઝરત–બરેલી, ડિસે. ૧૯૬૨, હિ.સ. ૧૩૮૨)*

જેથી જાણવા મળ્યું કે નીચે દર્શાવેલ મશાઈખે કિરામ આપના રૂહાની મુરબ્બી છે :–

૦૧. મુફતીએ આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુફતી મુહમ્મદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ બરેલી.

૦૨. મુફસ્સિરે આ'ઝમે હિંદ હઝરત મૌલાના મુહમ્મદ ઈબ્રાહીમ રઝાખાં જીલાનીમિયાં બરેલી.

૦૩. બુરાહને મિલ્લત હઝરત મૌલાના બુરહાનુલ હક્ક઼ રઝવી رحمۃ اللہ علیہ જબલપુર.

૦૪. સૈયદુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ આલે મુસ્તફા બરકાતી મારહરવી رحمۃ اللہ علیہ.

૦૫. અહસનુલ ઉલમા હઝરત મૌલાના સૈયદ હસનમિયાં બરકાતી મારહરવી رحمۃ اللہ علیہ.

હઝરતના મુરીદો તથા તાલિબો લગભગ પૂરા અખંડ ભારતમાં તથા વિશ્વમાં જોવા મળે છે. સિલસિલએ ક઼ાદરિયાનો વ્યાપ જેટલો આ દૌરમાં હઝરતથી થયો તેટલો કોઈ અન્ય શયખથી નથી થયો. હઝરતના મુરીદો કરોડોની સંખ્યામાં છે. જે દેશો તથા શહેરોમાં આપના મુરીદોની અધિક્તર સંખ્યા છે તે નીચે મુજબ છે :–

હિંદુસ્તાન, પાકિસ્તાન, નેપાલ, બ્રિટન, તાન્ઝાનિયા, ઓસ્ટ્રેલિયા, મદીના મુનવ્વરા, મક્કા મોઅઝ્ઝમા, બંગ્લાદેશ, મોરિશિયસ, શ્રીલંકા, હોલેન્ડ, સા. આફ્રિકા, જાંબિયા, અમેરિકા, ઈરાક઼, ઈરાન, તુર્કી, મલાવી, જર્મની, યુનાઈટે અરબ અમીરાત, લબનાન, મિસર, સીરિયા, કેનેડા, તરાબુલ્સ, તબરાન, લીબિયા વગેરે. મુરીદોમાં મોટા મોટા ઉલમા, મશાઈખ, સાલેહ લોકો તથા શાઈરો તથા સાહિત્યકારો, મુફક્કિરો તથા સરદારો, લેખકો, રિસર્ચ સ્કોલરો, પ્રોફેસરો, ડોકટરો તથા સંશોધકો છે જેઓ આપની ગુલામી પર ગર્વ અનુભવે છે.

હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہના ખલીફાઓની સંખ્યા પણ લખાણમાં સમાવવી એક મોટુ કામ છે. સેંકડોની સંખ્યામાં વિવિધ દેશોમાં દીને મતીનની ખિદમત તથા પ્રચારમાં વ્યસ્ત છે. અમુક ખલીફાઓનાં નામો "હયાતે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ" (અઝ :

મૌલાના શહાબુદ્દીન રઝવી) તથા "તજલ્લિયાતે તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ" (અઝ : મૌલાના શાહિદુલ કાદરી)માં જોઈ શકાય છે.

૧ જમાદિયુલ આખર હિ.સ. ૧૪૩૪ (તા. ૧૧–૪–૨૦૧૩) શબે જુમ્આ ૧૦ વાગીને ૩૮ મિનિટ પર હઝરતના ઘર પર ડો. મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી "સાહિલ' શહસરામીના આગ્રહ પર એક જ ખાસ દર્સનું આયોજન થયું. જેમાં હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہએ હદીષ મુસલસલ બિલ અવ્વલિયતની તા'લીમ આપી અને અમલી રીતે એની ઈજાઝત પણ અતા ફર્માવી. એમાં નીચે મુજબની વ્યક્તિઓ હતી :–

**૦૧.** શાહઝાદા તાજુશ્શરીઅહ્ મૌલાના અસ્જદ રઝાખાં સાહબ.

**૦૨.** ડો. મુફતી મુહમ્મદ ઈર્શાદ અહમદ રઝવી, સાહિલ શહસરામી સાહબ

**૦૩.** હઝરત મુફતી મુહમ્મદ મતીઉર્રહમાન નિઝામી ઉસ્તાઝે જામિઅતુર્રઝા

**૦૪.** હાફિઝ મુહમ્મદ અસ્લમ રઝવી–કરાંચી

**૦૫.** હઝરત મુફતી મુઝફ્ફર હુસૈન–ફતહપુર, ગયા

**૦૬.** હઝરત મૌલાના તબારક હુસૈન–ગયા

**૦૭.** હઝરત મુફતી યૂનુસ રઝા ઉવૈસી (આ કિતાબના લેખક)

એના બાદ લેખકની ગુઝારિશ પર તે સર્વ ઈજાઝતો જે હઝરતને મશાઈખથી મળી હતી તથા સર્વ સિલસિલાઓ મુઅમ્મરિયહ મુનવ્વરિયહ તથા મુસાફે તેમજ અન્નૂર વલ બહામાં જે નોંધાયેલ છે તે નીચેના હઝરાતને અર્પણ કરી :–

**૦૧.** શહઝાદા તાજુશ્શરીઅહ મૌલાના અસ્જદ રઝા સાહબ

**૦૨.** ડો. ઈર્શાદ અહમદ રઝવી, સાહિલ શહસરામી સાહબ

**૦૩.** મુફતી મતીઉર્રહમાન નિઝામી સાહબ

**૦૪.** મૌલાના આશિક હુસૈન કશ્મીરી સાહબ

**૦૫.** (લખનાર) મૌલાના મુહમ્મદ યૂનુસ રઝા

પેજ 13 નું ચાલુ..

સ્વતંત્ર માણસ માટે એક સમયમાં ચાર સ્ત્રીઓ સુધી નિકાહ જાઈઝ છે. તે સ્ત્રીઓ હુર (સ્વતંત્ર) હોય કે અમત (બાંદી).

**મસ્અલો** : સમગ્ર ઉમ્મતની એકમતિ છે કે એક સમયમાં ચાર સ્ત્રીઓથી વધારે નિકાહમાં રાખવી કોઈના માટે પણ જાઈઝ નથી, સિવાય કે રસૂલુલ્લાહ ﷺ માટે, એ બાબત આપની "વિશિષ્ટતાઓ"માંથી છે;

અબૂ દાઊદની હદીષમાં છે કે એક માણસે ઈસ્લામનો સ્વીકાર કર્યો. તેમની આઠ પત્નીઓ હતી. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એમનામાંથી ચારને રાખો.

તિર્મિઝીની હદીષમાં છે કે ગૈલાન બિન મુસ્લિમ સકફી ઈસ્લામમાં દાખલ થયા ત્યારે તેમની દસ પત્નીઓ હતી તે પણ મુસલમાન બની ગઈ. હુઝૂર ﷺએ ફર્માવ્યું, એમનામાંથી ચાર રાખો.

**૨૨૮ : મસ્અલો** : આથી જણાયું કે પત્નીઓ સાથે ઈન્સાફ કરવો ફર્ઝ છે, નવી, જૂની, કુંવારી, લગ્નજીવન માણી ચૂકેલી તમામ પત્નીઓ ઈન્સાફની સરખી હક્કદાર છે, આ ઈન્સાફ પોશાકમાં, ખોરાકમાં, રહેવાના મકાનમાં તેમજ રાત્રે સાથે રાખવામાં વગેરે, તમામ બાબતોમાં હોવો જોઈએ, આ બાબતોમાં બધી સાથે સરખુ વર્તન રાખવું જોઈએ. *(ક્રમશઃ)*

ખાનવાદએ રબ્બાનિયાના મુફ્તી

# સૈયદ ગાઝી રબ્બાની

**લેખક : ડૉ. મુહમ્મદ ઈરફાન મોહીયુદ્દીન રબ્બાની**

**અનુવાદક : મુફ્તી યૂનુસ મિસ્બાહી ટુંડજવાલા**

*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

રબ્બાનિયા ખાનદાન બાંદા શરીફ (યુ.પી.)નો વધુ એક ચિરાગ બુઝાઈ ગયો અને વધુ એક અવાજ ખામોશ થઈ ગયો. પીરો મુર્શિદ, રહબરે શરીઅત, પીરે તરીક઼ત, મુફસ્સિરે કુર્આન હઝરત મુફ્તી સૈયદ ગાઝી રબ્બાની ૯, શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૧૫ એપ્રિલ ૨૦૧૯ની રાત્રે ૧૦.૩૦ કલાકે પોતાના માલિકે હક઼ીકીથી જઈ મળ્યા. (اِنَّا لِلّٰہِ وَاِنَّا اِلَیْہِ رَاجِعُوْنَ)

હઝરતના વિસાલની ખબરથી ઈસ્લામી દુનિયામાં સોગ છવાઈ ગયો. સર્વત્ર દિલો દિમાગમાં દુઃખ અને ગમ છવાઈ ગયો. આવન, જાવન અને ફના થવાવાળી દુનિયામાં એવા ઘણા ઓછા લોકો હોય છે જેમના જવાથી આખો ચમન સૂનો થઈ જાય. બેશક ! આ આલિમે રબ્બાનીનું દુનિયાથી પર્દે થઈ જવું એક જગતનું મૌત છે. જેમ કે ઈલ્મ, તક઼વો, ઈરાદત તથા મક઼બૂલિયત અને બુઝુર્ગોની નિસ્બતે આપને મજમઉલ બિહાર (વિવિધ કમાલોના સંગમ) બનાવી દીધા હતા. મુફસ્સિરે કુર્આન હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُની જાત સુન્ની જગતની મહાન શખ્સિયત હતી અને સાથે જ ફઝીલતો અને કમાલાત ધરાવતા, શરીઅત પર અમલ કરવાવાળા, તરીક઼તવાળા અને ઈખ્લાસ તથા અખ્લાક઼ના નમૂના હતા. આપ બેશક ! અહલે સુન્નતનો સરમાયો હતા. આમ અને ખાસ લોકો બધા જ માટે પ્રેમાળ તથા મહેરબાન હતા. આપનો વિસાલ એક મોટી દુઃખદ ઘટના છે અને અફસોસ કે આજે આપણે આપણા મહાન સરમાયાથી મેહરૂમ થઈ ગયા.

**ખાનદાની હાલત :** સહીહુન્નસબ, અને હુસૈની સાદાતે કિરામનું આ એ મુબારક ઘરાનું છે કે જેમના પૂર્વજોએ પોતાના ખૂન વડે ઈસ્લામના બાગને પાણી સીંચ્યું છે. આ એ એ મુક઼દ્દસ ખાનદાન છે કે જેને મદીનાથી લઈને ઈરાક, બુખારા અને મુલ્તાન બધી જ જગ્યાએ અલ્લાહ તઆલાની મખ્લૂક઼ને પોતાના ફૈઝાને કરમથી માલામાલ કર્યા અને ઈલ્મી તથા રૂહાની દર્સગાહો ક઼ાયમ કરી. અને જેમને હિ.સ. ૯૮૨માં હિંદુસ્તાનની ધરતીને પોતાના મુબારક ક઼દમોથી શરફ આપ્યો. મુગલ બાદશાહોએ જેમની ખિદમતના બદલામાં ખિરાજે અક઼ીદત આપ્યો, ઉસ્તાદ બનાવ્યા અને જાગીરો આપી. જેમના પૂર્વજો બાંદાની ધરતી પર કુત્બુલ ઈર્શાદ અને બાદશાહના ઉસ્તાદ બનીને તશરીફ લાવ્યા. આ એ મુક઼દ્દસ ઘરાનું છે કે એક સાથે જ શરીઅત અને તરીક઼તનું સંગમ છે. જેને ઈસ્લામ અને સુન્નિયતની ખિદમત અને રહનુમાઈ વારસામાં મળી અને જેમની તકરીર, તબ્લીગ અને રૂહાનિયતની અખંડ ભારતમાં ધૂમ છે. આ એ ખાનદાન છે જે લગભગ પાંચસો વર્ષથી હિંદુસ્તાનમાં દીની, તબ્લીગી અને રૂહાની ખિદમત આપી રહ્યું છે.

*તેરી નસ્લે પાકમેં હૈ બચ્ચા બચ્ચા નૂર કા*
*તૂ હૈ ઐને નૂર તેરા સબ ઘરાના નૂર કા*

*–(મકારિમે મસીહે મિલ્લત, પેજ : ૧૦)*

**પરદાદા :** હઝરત સૈયદ મુહમ્મદ અમાનત અલી મુહદ્દિષે બાંદવી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ છે જેમનું મઝાર શરીફ બાંદા શરીફમાં લોકોની અક઼ીદતનું કેન્દ્ર છે.

**આપના દાદા** : હઝરત સૈયદ મુહમ્મદ અબ્દુર્રબ સરકાર રબ્બાની رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૧૩૭૮) જેમનો મઝાર પાક ઈદગાહે કલાં બાંદા શરીફ, યુ.પી.માં લોકોની અક્રીદતનું મર્કઝ છે.

**આપના પિતા** : હઝરત સૈયદ મહબૂબુલ ઓલમા ઉસ્તાદુલ કુર્રા સૈયદ અબ્દુલ મઅબૂદ કાદરી અમાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જેમનો વિસાલ તાઉન અને તાવના કારણે ૪૯ વર્ષની ઉમરે ઈ.સ. ૧૯૪૮માં હૈદ્રાબાદમાં થયો હતો. મઝારે પાક કાદરી ચમન હૈદ્રાબાદ દક્કનમાં છે.

**નામ અને નસબ** : આપનું મુબારક નામ સૈયદ મુહમ્મદ મક્સૂદ છે જે ગાઝી રબ્બાનીથી મશહૂર છે. આપનો સિલસિલો ૩૩ વાસ્તાઓથી ફરઝંદે રસૂલ, શેહઝાદાએ હઝરત અલી જિગર ગોશએ બતુલ ઈમામ આલી મકામ સૈયદના હુસૈન બિન અલી رضی اللہ عنہથી મળે છે. આ પ્રમાણે આપના અને સરકાર علیہ الصلوٰۃ والسلامના દરમિયાન ૨૪ પેઢીઓનું અંતર છે.

**વિલાદત** : હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની વિલાદત ફેબ્રુઆરી ઈ.સ. ૧૯૨૬માં રાયગઢ (એમ.પી.)માં થઈ હતી. બિસ્મિલ્લાહ ખાની હઝરત સદરુલ અફાઝિલ અલ્લામા મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہએ કરાવી હતી. પ્રારંભિક તા'લીમ પોતાના વાલિદ માજિદ હઝરત મહબૂબુલ વ ઓલમા મૌલાના કારી સૈયદ અબ્દુલ મઅબૂદ રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُથી લીધી અને મદ્રસા આલિયા કાદરિયા મહોલ્લા મોલ્વી ટોલા બદાયૂં શરીફમાં દર્સે નિઝામી પૂર્ણ કર્યો. લખનૌની કોલેજમાંથી B.I.M.S.ની ડિગ્રી પ્રાપ્ત કરી.

*(સૈયદ ગાઝી રબ્બાની કી શખ્સિયત ઔર પચાસ સાલા ખિદમાત પર ઓલમા કે તઅષ્ષુરાત, પેજ : ૮)*

હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُને પોતાના દાદા હઝરત સરકાર રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُથી આલિયા કાદરીયા અમાનિયા રબ્બાનિયા સિલસિલામાં ઈજાઝત અને ખિલાફત મળી હતી.

**આપની કિતાબો** : હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ જેવી રીતે જ્યાં પોતાની વઅઝોથી દા'વતો તબ્લીગનું કામ કર્યું છે તેવી જ રીતે લેખિત સ્વરૂપે પણ દા'વતો ઈર્શાદનું કામ ચાલુ રાખ્યું. પોતાના દાદા હઝરત સરકાર રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના જીવન ચરિત્ર પર કિતાબ લખી છે જેનું નામ "સરકાર રબ્બાની" છે. પોતાની તકરીરોના મજમૂઆને "મલ્ફૂઝાત"નું નામ આપ્યું છે. એક કિતાબ "બિદઅતે ફાતિહા" છે જેમાં હઝરતે ફાતિહા જાઈઝ હોવા પર દલીલ આપી છે અને ફાતિહાનો જવાઝ બયાન કર્યો છે. હઝરત એક બાકમાલ શાયર પણ હતા. અને હઝરતના કલામનો સંગ્રહ "ફિરદૌસે તખૈયુલ"ના નામથી છપાયો છે.

એક કિતાબ "તબર્રુકાતે રબ્બાની" પણ છે જે ખાનવાદએ રબ્બાનિયાના બુઝુર્ગાને દીનનું ટૂંકમાં જીવન ચરિત્ર અને એમની શાયરી પર રોશની નાખે છે. પ્રાદેશિક ભાષા હિંદીમાં કેટલીયે કિતાબો છપાવી છે જેમાંથી "ઈસ્લામી શિક્ષા" વધારે મકબૂલ થઈ, જેમાં જિંદગી પસાર કરવા માટે જેટલા મસાઈલની જરૂરત હોય છે તે બધા આસાન હિંદીમાં બયાન કર્યા છે. એના ઉપરાંત હિંદી ભાષામાં "અરકાને ખમ્સા, કાનૂને શરીઅત, ઈસ્લામી અકાઈદ, બુઝુર્ગાને દીન કે જીવન કી ઝલ્કિયાં અને પૈગંબરે ઈસ્લામ કે તારીખી પારીચે" છપાયેલ છે જેના અનેક ભાગો પણ છે.

તબ્લીગી જમાઅતના રદમાં હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُએ ઓલમાએ દેવબંદના લખાણની રોશનીમાં જે પોસ્ટરો છપાવ્યા એમાંથી એકનું નામ "તબ્લીગી જમાઅત કે અઝીમુશ્શાન કારનામે" રાખ્યું. જ્યારે કે બીજાનું નામ "તબ્લીગી જમાઅત કો ઓલમાએ દેવબંદને ભી ખિલાફે કુર્આનો હદીષ ક઼રાર દિયા" રાખ્યું છે.

**તબર્રુકાતે રબ્બાની** : આ કિતાબમાં હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُએ પોતાના ખાનદાનના બુઝુર્ગોને દીનનો ટૂંકમાં પરિચય બયાન કર્યો છે. જેમાં હઝરત સૈયદ મુહમ્મદ અબ્દુર્રબ સરકાર રબ્બાની, હઝરત નાસિરુલ ઈસ્લામ મૌલાના શાહ મુહમ્મદ અબ્દુસ્સલામ ક઼ાદરી રબ્બાની, મહબૂબુલ ઓલમા હઝરત શાહ સૈયદ મુહમ્મદ અબ્દુલ મઅબૂદ ક઼ાદરી રબ્બાની, શહીદે મિલ્લત હઝરત અલ્લામા સૂફી શાહ સૈયદ મુહમ્મદ અબ્દુલ વદૂદ ક઼ાદરી, સુલ્તાનુલ્ વાઈઝીન અલ્લામા અલ્હાજ શાહ સૈયદ મુહમ્મદ અબ્દુલ મસ્જૂદ વુજૂદુલ ક઼ાદરી રબ્બાની જબલપુરી, રહબરે શરીઅતો તરીક઼ત હઝરત અલ્લામા અહસન રબ્બાની, ખતીબુલ હિંદ અલ્લામા અલ્હાજ મુફતી મૌલાના શાહ સૈયદ મઝહર રબ્બાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ નું જીવન ચરિત્ર અને એમની શાયરીનું બયાન છે.

**સરકારે રબ્બાની** : હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ આ કિતાબ લખવાનો મક઼સદ પ્રસ્તાવનામાં આ પ્રમાણે લખે છે :–

"દુનિયા અને ખાસ કરીને હિંદુસ્તાનની ધરતી પર ન જાણે કેવી કેવી બાકમાલ હસ્તીઓ પેદા થઈ અને ફનાના પર્દામાં છુપાય ગઈ, જેમના નામોથી પણ લોકો બરાબર વાકેફ ન થઈ શક્યા, બસ એટલા માટે જ કે એમના જીવન વિશે કોઈ લખવાવાળુ ન હતું. આજના આ લખાણના યુગમાં જેવી રીતે કે પ્રેસની મશીનો પૂરી ઝડપથી લાખો વાક્યોને કિતાબ બનાવી મહેફૂઝ કરી લે છે અને વિવિધ મઅલૂમાતના ઝખીરાઓ દુનિયાને અલગ અલગ મસાઈલ સમજવામાં મદદ આપી રહ્યા છે. એવી જ રીતે જરૂરત હતી કે અલ્લાહવાળાઓની જિંદગીના પાકીઝા હાલાતનું વર્ણન પણ ખૂબ જ પ્રમાણમાં પ્રસિદ્ધ થાય જેથી આ ગુમરાહીના યુગમાં ભટકેલા લોકોને માટે એમની પાકીઝા જિંદગીની રોશનીમાં સિરાતે મુસ્તક઼ીમ પર ચાલવું આસાન થઈ જાય. પરંતુ અફસોસ ! કે પ્રચાર પ્રસારની આ મહાન શક્તિ, પ્રેસની ઈલેક્ટ્રિક તાકાત, અધિક્તમ્ ભૌતિક જ્ઞાનો, નફ્સાનિયત, બિભત્સતાના શૈતાની મિશનને ફેલાવવા માટે દરેક પળે ઉપયોગ કરવામાં આવી રહી છે. *–(સરકારે રબ્બાની, પેજ : ૭)*

**આપના મલ્ફૂઝાત (તક઼રીરો)** : મુફસ્સિરે કુર્આન હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની અમુક તક઼રીરો જે વિવિધ સ્થળોએ વિવિધ સમયોમાં થઈ તેનાં અમુક લખાણો લખીને "મલ્ફૂઝાત"ના નામથી પ્રસિદ્ધ કરવામાં આવ્યાં જેમાં ૨૪ લખાણો વિવિધ વિષયો પર આધારિત છે. "વર્તમાન ઈસ્લામી તબ્લીગનું નિરીક્ષણ અને તેની ખામીઓની સુધારણા" પર પ્રકાશ વેરતાં હઝરત જણાવે છે :–

"આજના યુગમાં ઈસ્લામી મદ્રસાઓ હોય અથવા પીરઝાદાઓની ખાનક઼ાહો બધી જ જગ્યાએ ફાયદો હાંસલ કરવાની બોલબાલા છે. ઈસ્લામી મદ્રસાઓમાં એવા ઉસ્તાદો જે પોતાના ઈલ્મી અભ્યાસથી જમાનાના અજોડ સમજવામાં આવે છે. દર્સો તદરીસમાં એવા માહિર છે કે તલબા એમની સમજાવવાની ઢબના પ્રશંસક થઈ જાય છે. જે

જુઝઈય્યા પર વાત કરે તો સમજણના દરિયા વહાવી દે, પણ અમલી જીવન જોઈએ તો જ્યાં માલી ફાયદો વધારે હોય એ જ જગ્યાને મહત્વ આપતા જણાય રહ્યા છે. અમલી જીવનમાં સુન્નત અને શરીઅતની પાબંદીનો હાલ એ છે કે જેવી પાબંદી હોવી જોઈએ એવી ન તો ઘરમાં જોવા મળે છે, ન તો ઘર બહાર એવી પાબંદી જોવા મળે છે. ખાનકાહોમાં થતી મજલિસોની એ પરિસ્થિતિ છે કે એવા મુરીદો જે માલદાર અને ખુશહાલ હોય અને જેમનાથી માલી ફાયદો વધારે થતો હોય એમને ગરીબ લોકો અને બીજા હિદાયત પ્રાપ્ત કરવાવાળા લોકો ઉપર અગ્રતા આપવામાં આવે છે. પાછલા બાકમાલ સલફે સાલેહીન અવલિયાએ કિરામની ખાનકાહોમાં સમયના વઝીરો અને બાદશાહો પણ હાજરી આપવાને પોતાની સઆદત (ખુશનસીબી) સમજતા હતા, અને આ અલ્લાહની રાહમાં ચાલવાવાળા, ટાટીયા પર બેસવાવાળા શાહી દરબારોના ચક્કર કાપવાનું ક્યારેય પસંદ ન કરતા હતા.

એનાથી વિપરિત આજના યુગનો હાલ પહેલાં જેવો નથી. પહેલાં ગૈર મુસ્લિમોમાં ઈસ્લામની તબ્લીગ કરવામાં આવતી હતી. આજે મસ્જિદોમાં મુસલમાનોમાં કરવામાં આવે છે. બગદાદમાં ગૌષે આ'ઝમ જીલાની رضی اللہ عنہ કહેવાતા ઈસ્લામના મુબલ્લિગની વાત અને અમલનો એ અસર થતો હતો કે સેંકડો યહૂદી, નસરાની વગેરેને મુસલમાન બનાવી દીધા. આજે લાખોના ઈજતેમામાં સો બસો યહૂદી, નસરાની અથવા ગૈર મુસ્લિમ ઈસ્લામ નથી અપનાવતા. હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہની એકલી જાતથી જ એક લાખથી વધુ ગૈર મુસ્લિમો ઈમાન લાવ્યા. આજે જમાઅતો અને લાખો ઈસ્લામી કિતાબોના લિટ્રેચરથી હજાર બે હજાર પણ મુસલમાન બનતા જોવામાં નથી આવતા. પહેલાંના ઉલમાએ કિરામ પોતાના મસ્નૂન લિબાસ, રહન સહન અને અમામા સાથે ઓળખાતા હતા, આજના યુગમાં ગૈર કૌમોની સ્ટાઈલ સાથે નેતાઓ, લીડરો અને હુકૂમતના મોટા હોદ્દાવાળાઓની જમાઅતમાં જોવા મળે છે.

*–(મલ્ફૂઝાતે મુફસ્સિરે કુર્આન, પેજ : ૪૨)*

**ફિરદૌસે તખૈયૂલ :** હઝરત મુફસ્સિરે કુર્આન સરકાર ગાઝી રબ્બાની رحمۃ اللہ علیہની શાયરીમાં હમ્દે ઈલાહી, નઅતિયા શાયરી, મન્કબત અને સલાતો સલામ જેવા અમુક કલામો જોવા મળે છે જે ''ફિરદૌસે તખૈયૂલ''ના નામે છાપવામાં આવ્યા છે.

નઅતિયા શાયરીની અમુક પંક્તિઓને નમૂનાના તૌર પર બયાન કરવામાં આવે છે :–

*કરમ ઈતના કભી મુઝ પર મેરે સરકાર હો જાએ*
*મયસ્સર મેરી આંખોં કો તેરા દીદાર હો જાએ*

*હઝારોં ફૂલ સે બેહતર હૈ વો કાંટા મદીના કા*
*ખટકસે જિસકી દિલ ઈમાન કા ગુલઝાર હો જાએ*

*નિષાર ઈસ યાદ પર મૈં જન્નતુલ માવા કરું 'ગાઝી'*
*તળપ સે જિસ્કે દિલ મેરા હરીમે યાર હો જાએ*

*–(ફિરદૌસે તખૈયૂલ, પેજ : ૧૫)*

**દા'વતો તબ્લીગ :** હઝરત સૈયદ ગાઝી રબ્બાની رحمۃ اللہ علیہ એવી શખ્સિયતનું નામ છે જેમની દા'વતો તબ્લીગ અડધી સદી ઉપર ફેલાયેલ છે. જેવી રીતે આપ એક આલિમ, મુબલ્લિગ, વાઈઝ અને આશિકે રસૂલ છે તેવી જ રીતે તસ્નીફો તા'લીફ (લેખનકાર્ય)ના સારો મિજાઝ રાખવાવાળા એક કલમકાર પણ છે. આમ તો આપની દા'વતો તબ્લીગનો દાઈરો ઘણો મોટો છે અને હિંદુસ્તાનના મોટા ભાગના શહેરોનો આપે દૌરો પણ કર્યો છે,

પણ ખાસ કરીને વેપારીઓની નગરી સૂરત આપની દા'વતો તબ્લીગનો મર્કઝ રહ્યો છે. આપે દીનો સુન્નિયતની એવી ખિદમતો અંજામ આપી છે જે રહેતી દુનિયા સુધી યાદ રાખવામાં આવશે. તક્રીર અને લેખિત રીતે કરેલી આપની ખિદમતોને બધા જ માને છે. સૂરત શહેર જે વહાબીઓ અને તબ્લીગી જમાઅતોનું મર્કઝ બની રહ્યું હતું, એના કિલ્લામાં જોરદાર તિરાડ કર્યો અને કોઈપણ જાતની લાલચ વગર લગાતાર બયાનો કરતા રહ્યા અને બધાને દીનો સુન્નિયત અને મઝહબો મસ્લક બાબતે આગાહી આપતા રહ્યા અને આ મર્દે મુજાહિદે પોતાની આખી જવાની અને વૃદ્ધાવસ્થાને દીનની ખિદમત માટે વક્ફ કરી દીધી. આ જ પ્રમાણે મહાન ખિદમતોના કારણે સિલસિલએ રબ્બાનિયાથી જોડાયેલા લોકોએ હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُની પચાસ વર્ષિય ખિદમતોના એ'તેરાફમાં આમ જલ્સાનું આયોજન કર્યું. જેમાં આ મોટી શખ્સિયતને "મોહસિને સૂરત"નો લક્બ આપવામાં આવ્યો.

*–(માખુઝ સૈયદ ગાઝી રબ્બાની કી શખ્સિયત ઔર પચાસ સાલા ખિદમત પર ઓલમા કે તઅષ્ષુરાત)*

**બાનીએ જામિઆ રબ્બાનિયા** : હઝરત મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُએ એક દારુલ ઉલૂમની સ્થાપ્ના કરી જેનાથી આખા ઈસ્લામી જગતમાં ઈલ્મની રોશની ફેલાઈ અને આખરી સમય સુધી આ દારુલ ઉલૂમના નાઝિમે આ'લા રહ્યા. હઝરત સૈયદ ગાઝી રબ્બાની رحمۃاللہ علیہનું સૌથી મોટુ કારનામુ એ જ હતુ કે એમણે ઈલ્મની રોશની અને અમલ અને ઈખ્લાસની ખુશ્બૂ અન્ય લોકો સુધી પહોંચાડવા માટે આ અઝીમ ઈદારાની બુનિયાદ રાખી, જેને "જામિઆ રબ્બાનિયા" તરીકે ઓળખવામાં આવે છે. જામિઆ રબ્બાનિયાની સ્થાપ્ના કરવાવાળા લોકોમાં સૌ પ્રથમ હઝરત સૈયદ મઝહર રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُનું નામ આવે છે. ત્યાર બાદ મહમૂદુલ ઓલમા હઝરત સૈયદ મહમૂદુલ કાદરી عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ આવે છે જે હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُના કાકા છે. હઝરત સૈયદ મઝહર રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ પોતાની કિતાબ તારીખે દારુલ ઉલૂમમાં હઝરત સૈયદ ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُની આ મહાન કુર્બાનીનો ઉલ્લેખ કર્યો છે જેનું દષ્ટાંત આજે જોવા નથી મળતુ.

"હઝરત સૈયદ ગાઝી રબ્બાનીની એક મહાન કુર્બાની જે એમને મદ્રસાના બીજા કાર્યકર્તાઓથી અનોખા કરે છે તે એ છે કે આજ સુધી એમણે દારુલ ઉલૂમની કોઈ ખિદમતના બદલામાં કોઈ પગાર ન લીધો, ત્યાં સુધી કે મુંબઈ, કલકત્તા જેવા મોટા મોટા વિસ્તારોમાં અને પોતાની અસરમાં રહેતા અન્ય દેશોમાંથી એમણે મોટા મોટા ચંદા પણ કર્યા, અને સખત મહેનત સાથે દારુલ ઉલૂમના વાર્ષિક ખર્ચ માટે ઘણો સરમાયો પણ જમા કર્યો, પણ કોઈ બદલો ન લીધો અને આજ સુધી આ બધી ખિદમતો ફી સબીલિલ્લાહ જ આપતા રહ્યા હતા. મૌલા તઆલા દારૈનમાં બેહતરથી બેહતર અમને બદલો આપે."

*–(તારીખે દારુલ ઉલૂમ, પેજ : ૩૦)*

**તક્વો** : હઝરત મુફસ્સિરે કુર્આન ગાઝી રબ્બાની عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُએ ઉલમાએ શરીઅત અને મશાઈખે તરીકત બંનેવ તબકામાં પોતાના તક્વાના કારણે મકબૂલ હતા. શરીઅતની પાબંદીમાં પોતાની મિસાલ (દષ્ટાંત) પોતે જ હતા અને ઝોહદ તક્વા, તહજ્જુદ ગુઝારી અને રૂહાની રિયાઝતમાં સલફે સાલેહીનના નમૂના હતા.

તક્વા અને પરહેઝગારી અને શરીઅતની

પાબંદી વિશે એમના જ મોટા ભાઈ પીરે તરીક઼ત હઝરત સૈયદ મઝહર રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ લખે છે કે;

"એમની બીજી ખાસિયત એ છે કે એ શરીઅતે મુતહ્હરાના અહકામના સખત પાબંદ છે. સફર અને ઈકામતમાં શરઈ ઉઝર સિવાય એમની નમાઝ જમાઅત સાથે જ થતી હતી. ઘણા એવા મસાઈલ છે જેમાં આમ તૌર પર બીજા પીર સાહબો ઘણી લચક રાખે છે, મૌસૂફ એમાં જરાય નરમી નથી રાખતા. અને મજલિસ અને એકાંતમાં મુરીદો અને ગેર મુરીદોમાં બધી જગ્યાએ શરીઅતની પાબંદી અને સુન્નતની પૈરવીનો એક જ રંગ હોય છે. જેમ કે દારુલ ઉલૂમમાં પણ એમની તર્બિયતનો ખાસ મક઼સદ એ છે કે અહીંયાંથી જે આલિમ નીકળે એ અમલમાં પણ શરીઅતના પાબંદ હોય."

*–(તારીખે દારુલ ઉલૂમ, પેજ : ૩૧)*

મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُની આખી જિંદગી શરીઅત અને તરીક઼તની પાસદારીમાં ગુજરી. હઝરતના ઈમાની અને ઈર્ફાની ફૈઝ હાંસલ કરવાની આપણને અલ્લાહ તબારક વ તઆલા નબી ﷺના સદક઼ામાં તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

## ★ આપની કિતાબો ★

**૦૧. મલ્ફૂઝાતે મુફસ્સિરે કુર્આન** : હઝરત સૈયદ મહમૂદ રબ્બાની, અન્વારે રબ્બાની, ફૈઝાને રબ્બાની કમિટી સૂરત ૨૦૧૨ ઈ.સ.

**૦૨. સરકાર રબ્બાની** : હઝરત સૈયદ ગાઝી રબ્બાની, એજાઝ પ્રિન્ટિંગ પ્રેસ : હૈદ્રાબાદ ૧૯૯૫ ઈ.સ.

**૦૩. ફિરદૌસે તખૈયૂલ** : હઝરત સૈયદ ગાઝી રબબાની, મકતબએ રબ્બાની, બાંદા, યુ.પી. ૧૯૭૦ ઈ.સ.

**૦૪. સૈયદ ગાઝી રબ્બાની કી શખ્સિયત ઔર પચાસ સાલા ખિદમાત પર ઓલમા કે તઅષ્ષુરાત**, ફૈઝાને રબ્બાની કમિટી–સૂરત

**૦૫. તારીખે દારુલ ઉલૂમ** : હઝરત સૈયદ મઝહર રબ્બાની, મકતબએ રબ્બાની, બાંદા, યુ.પી.

**૦૬. મકારિમે મસીહે મિલ્લત** : ડોકટર વાહિદ નઝીર, નઅત મર્ક઼ઝ બિહાર, પટના ઈ.સ. ૨૦૧૧

**૦૭. તબર્રુકાતે રબ્બાની** : હઝરત સૈયદ ગાઝી રબ્બાની, મક્તબએ રબ્બાની, બાંદા, યુ.પી. ઈ.સ. ૧૯૯૯.

*–(કન્ઝુલ ઈમાન મંથલી, ઉર્દૂ–દિલ્હી, જુલાઈ–૨૦૧૯)*


**મસ્જિદનો રૂમ બનાવવા અપીલ**

**અકોટી** : (તા. ડભોઈ, જિ. વડોદરા) ખાતે મસ્જિદનો રૂમ બનાવવા માટે **બે લાખ રૂા.** ની જરૂરત છે તો સખી દાતાઓને નમ્ર અપીલ છે કે આ કામે ભરપુર લિલ્લાહ મદદ કરશો.

**સંપર્ક કરો** : સૈયદ મુહમ્મદરફીક હુસૈન સાબિર હુસૈન, મો. 9879449178

**રણુ (પાદરા) મસ્જિદ બનાવી આપો !**

**રણુ** : (તા. પાદરા, જિ. વડોદરા) ખાતે **"જામિઆ રિફાઈયા મસ્જિદ"** જૂની મસ્જિદ શહીદ કરી દેવામાં આવી છે. ગામની આબાદી સામાન્યતઃ ખેતી તથા છૂટક મજૂરી કરતા લોકોની છે. જેથી સખીદાતાઓને અપીલ છે કે પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં ભરપુર સહાય કરશો. **સંપર્ક કરો** :

- ❒ રાઠોડ સલીમભાઈ રૂસ્તમભાઈ, **Mob. 9825392992**
- ❒ પટેલ શબ્બીર અલી રઝવી, **Mob. 9427464411**

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ખુલઅનું બયાન

માલના બદલામાં નિકાહ રદ કરવાને ખુલઅ કહે છે. એમાં ઓરતની સ્વીકૃતિ (કબૂલાત) જરૂરી છે. ઓરતના કબૂલ કર્યા વગર ખુલઅ થઈ શકશે નહીં.

**મસ્અલા** : જો પતિ પત્નીમાં નાઈત્તેકાફી રહેતી હોય અને શરીઅતના હુકમોની પાબંદી નહીં કરી શકાય એવો ડર હોય તો ખુલઅ કરાવવામાં વાંધો નથી અને જ્યારે ખુલઅ કરી લેશે તો તલાકે બાઈન લાગુ પડી જશે અને જે માલ નક્કી કરવામાં આવ્યો હોય તે આપવો લાઝિમ છે. *(હિદાયા, બહાર)*

**મસ્અલા** : જે ચીજ મહેર બની શકે છે તે ખુલઅના બદલામાં આપી શકાય છે અને જે ચીજ મહેર નથી થઈ શકતી તે ચીજ પણ ખુલઅના બદલામાં આપી શકાય છે. જેમ કે દસ દિરહમથી ઓછી મહેર થઈ શકતી નથી પરંતુ એ (દસ દિરહમ) ખુલઅના બદલામાં આપી શકાય છે.

*–(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખુલઅ પતિના હક્કમાં એ તલાકને ઓરતના કબૂલ કરવા પર આધારિત છે. કેમ કે જો ઓરતે માલ દેવાનું કબૂલ કર્યું તો તલાકે બાઈન થઈ જશે. જો પતિએ ખુલઅ માટે રજૂઆત કરી હોય (બોલ્યો હોય) અને તે ઓરતે કબૂલ ન કર્યું હોય તો પતિને રુજૂઅ કરવાનો અધિકાર નથી ન તો પતિને શર્તે ખિયાર હાંસલ છે, પતિની ન મજલિસ બદલવાથી ખુલઅ બાતિલ થશે. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : ખુલઅ માટે પત્નીના તરફથી પોતાને માલના બદલામાં છોડાવવું છે તો જો પત્ની તરફથી શરૂઆત (પહેલ) કરવામાં આવી પરંતુ પત્નીએ હજી તે માન્ય ન રાખી (કબૂલ ન કર્યું) તો પત્ની રુજૂઅ કરી શકે છે અને પોતાના માટે અધિકાર પણ લઈ શકે છે. અને અહીં ત્રણ દિવસથી વધારે સમયનો પણ અધિકાર લઈ શકે છે. વેચાણથી ઉલ્ટુ કે વેચાણમાં ત્રણ દિવસથી વધારે સમયનો અખ્ત્યાર નથી. અને બન્નેમાંથી ગમે તે એકના મજલિસ બદલવાથી પત્નીનું કહેવું (બોલવું) બાતિલ થઈ જશે. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : ખુલઅ જો કે બદલો છે. પરિણામે શર્ત એ છે કે પત્નીનું કબૂલ કરવું એનો અર્થ સમજ્યા પછી કબૂલ કરેલ હોય. ખુલઅનો અર્થ સમજ્યા વગર ફક્ત બોલી દેશે તો ખુલઅ થશે નહીં.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : પતિના તરફથી એ તલાક છે, પરિણામે પતિનું આકિલ, બાલિગ હોવું શર્ત છે. નાબાલિગ યા મજનૂ ખુલઅ કરી શકતો નથી. કેમ કે તે એહલે તલાક નથી અને એ પણ શર્ત છે કે પત્ની **મહલે તલાક** હોય. પરિણામે જો પત્નીને તલાકે બાઈન દેવામાં આવી છે અને તે ઈદ્દતમાં હોય તો ખુલઅ થઈ શકતો નથી. એ રીતે જો નિકાહ ફાસિદ થઈ ગયો છે અથવા પત્ની મુર્તદ બની ચૂકી છે તો પણ ખુલઅ થઈ શકતો નથી, કેમ કે નિકાહ જ નથી તો પછી ખુલઅ કઈ ચીજનો થશે અને જો રજઈ (તલાક)ની ઈદ્દતમાં છે તો ખુલઅ થઈ શકે છે.

*–(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : પતિએ (પત્નીને) કહ્યું કે મેં તારાથી આટલા પર ખુલઅ કર્યો એના જવાબમાં ઓરતે હા કહયું તો એનાથી કંઈ થશે નહીં જ્યાં સુધી કે તે એમ ન કહે કે હું રાજી છું યા મને મંઝૂર છે અને જો એ પ્રમાણે કહેશે તો દુરુસ્ત છે. એ રીતે જો પત્નીએ એમ કહ્યું કે મને હજાર રૂપિયાના બદલામાં તલાક દઈ દે, એના જવાબમાં શોહરે હા કહી તો એનાથી પણ કંઈ થશે નહીં અને જો પત્નીએ એમ કહ્યું કે મને હજાર રૂપિયાના બદલામાં તલાક છે એના પર શોહરે હા કરી તો તલાક થઈ જશે.

–*(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : નિકાહના કારણે જટલા હક્કો એક બીજા (પતિ–પત્ની) પર હતા તે ખુલઅથી રદ થઈ જાય છે અને જે હક્કો નિકાહ સિવાયના છે તે રદ થતા નથી. ઈદ્દતનું ભરણ પોષણ જો કે નિકાહના હક્કમાંથી છે પરંતુ એ રદ થશે નહીં. હા! જો એને રદ થવાની શરત કરી હોય તો એ પણ રદ થઈ જશે. એ રીતે ઓરતને બાળક હોય તો બાળકનું ભરણ પોષણ અને દૂધ પીવડાવવાનો ખર્ચ રદ થશે નહીં અને જો એને પણ રદ થવાની શરત કરી હોય અને એને માટે સમય (મુદ્દત) નક્કી કરવામાં આવી હોય તો રદ થઈ શકશે, નહીંતર નહીં. મુદ્દત નક્કી કરવાની બાબતમાં જો નિશ્ચિત કરેલ મુદ્દત પહેલાં બાળક મૃત્યુ પામ્યું તો બાકીના સમયમાં જે ખર્ચ થાત તે પત્ની પાસેથી પતિ લઈ શકે છે. જો એમ નક્કી કરવામાં આવ્યું હોય કે પત્ની પોતાના માલમાંથી દસ વરસ સુધી બાળકની પરવરિશ કરશે તો પત્ની બાળકના કપડાંની માગણી કરી શકે છે અને જો બાળકના ખાવા, પીવા, કપડાં નક્કી કરેલ હોય તો કપડાંની માગણી પણ કરી શક્તી નથી અને જો બાળકને છોડીને પત્ની જતી રહી તો બાકી રહેલા ભરણ પોષણની કિંમત પતિ વસૂલ કરી શકે છે અને જો એમ નક્કી કરવામાં આવ્યું હોય કે બાલિગ થતા સુધી પત્ની બાળકને પોતાની પાસે રાખશે તો છોકરી માટે આવી શરત રાખી શકાય છે, છોકરા માટે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : પત્ની તલાકે બાઈન આપીને પછીથી એની સાથે નિકાહ કર્યા, ફરીથી મહેર પર ખુલઅ કરવામાં આવ્યો તો બીજી મહેર રદ થઈ ગઈ, પહેલી નહીં. *(જોહરા, બહાર)*

**મસ્અલા** : એવી શરત પર ખુલઅ કરવામાં આવ્યો કે પત્ની પોતાના તરફથી બીજી કોઈ ઓરતથી નિકાહ કરાવી આપે અને તેની મહેર પત્ની આપે તો પત્નીએ ફક્ત તે મહેર પરત કરવી પડશે જે પતિ પાસેથી લઈ ચૂકી છે (પતિ પાસેથી લીધેલી મહેર) તે સિવાય કંઈ નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : શરાબ, સુવ્વર, મુરદાર વગેરે એવી ચીજો પર ખુલઅ કરવામાં આવ્યો જે માલ નથી તો તલાકે બાઈન લાગુ પડી અને પત્ની પર કંઈ પણ વાજિબ થશે નહીં અને જો એ ચીજોના બદલામાં તલાક આપી તો રજઈ તલાક લાગુ પડી. એ રીતે જો ઓરતે એમ કહ્યું કે મારા હાથમાં જે કંઈ છે તેના બદલામાં ખુલઅ કરી દે અને હાથમાં કંઈ પણ ન હતું તો કંઈ પણ વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર, જૌહરા)*

**મસ્અલા** : પત્નીને એમ કહ્યું કે મેં તારાથી ખુલઅ કર્યો અને પત્નીએ કહ્યું કે મેં કબૂલ કર્યો. તો જો પતિએ તલાકની નિય્યતથી કહ્યું હતું તો બાઈન તલાક લાગુ પડશે, મહેર રદ થશે નહીં. બલ્કે જો પત્નીએ કબૂલ ન કર્યું હોય તો પણ આ જ હુકમ લાગુ પડશે. જો પતિ એમ કહેતો હોય કે હું તલાકની નિય્યતથી બોલ્યો ન હતો તો તલાક લાગુ પડશે નહીં, જ્યાં સુધી કે પત્ની કબૂલ ન કરે. જો એમ કહ્યું હતું કે ફલાણી ચીજના બદલામાં મેં તારાથી ખુલઅ કર્યો તો જ્યાં સુધી પત્ની કબૂલ ન કરે ત્યાં

સુધી તલાક લાગુ પડશે નહીં અને જો પત્નીએના કબૂલ કર્યા પછી પતિ એમ કહેતો હોય કે મારા કહેવાનો અર્થ મકસદ તલાક ન હતો તો એની વાત માનવામાં નહીં આવે. *(ખાનિયા વગેરે)*

**મસ્અલા** : ખરીદ વેચાણના શબ્દોથી પણ ખુલઅ થઈ શકે છે. જેમ કે મરદે કહ્યું કે મેં તારું કાર્ય અથવા તારી તલાક તારા હાથમાં આટલામાં વેચી. પત્નીએ તે મજલિસમાં (બેઠક) કહ્યું કે મેં કબૂલ કરી, તો તલાક લાગુ પડી. એ રીતે જો મહેરના બદલામાં વેચી અને તેણે (પત્નીએ) કબૂલ કરી, હા! જો એની મહેર પતિ પર બાકી ન હતી અને એ બાબતની જાણ પતિને હતી તેમ છતાં પણ એણે મહેરના બદલામાં વેચી તો રજઈ તલાક થશે. –*(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : લોકોએ પત્નીને કહ્યું કે તેં તારા નફસને મહેર અને ઈદ્દતના ભરણપોષણના બદલામાં ખરીદ્યો. પત્નીએ જવાબમાં હા પાડી, પછીથી પતિને કહ્યું કે તેં વેચ્યો અને તેણે હા પાડી તો ખુલઅ થઈ ગયો અને પતિ તમામ જવાબદારીઓથી મુક્ત થઈ ગયો. જો ખુલઅ કરાવવાની નિય્યતે લોકો ભેગા થયા અને તેમાં મઝકૂર વાત બન્ને સાથે થઈ જેમાં પતિ હવે એમ કહે છે કે હું તો સમજતો હતો કે કોઈ વસ્તુની ખરીદ વેચાણ થઈ રહી છે, તો પણ તલાકનો હુકમ દેવામાં આવશે. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : પતિએ પત્નીને કહ્યું કે તેં તારી મહેરના બદલામાં મારાથી ત્રણ તલાક ખરીદી. પત્નીએ કહ્યું કે ખરીદી ! તો તલાક થશે નહીં જ્યાં સુધી કે તે પછી પતિ એમ ન કહે કે મેં વેચી. અને જો પતિ પહેલાં એમ બોલ્યો હોય કે મહેરના બદલામાં તું મારાથી ત્રણ તલાક ખરીદ ! જેના જવાબમાં પત્નીએ કહ્યું કે, ખરીદી ! તો તલાક થઈ ગઈ. ભલે પતિ પાછળથી વેચવાના શબ્દો ન બોલ્યો હોય. *(ખાનિયા, બહાર)*

**મસ્અલા** : માલના બદલામાં તલાક દીધી અને પત્નીએ કબૂલ કરી તો માલ વાજિબ થશે અને બાઈન તલાક લાગુ પડશે. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : રસ્તે ચાલતાં ચાલતાં ખુલઅ કરવામાં આવ્યો. બન્નેનું કહેવું એકબીજાની વાતને મળતુ આવતું હોય તો ખુલઅ સહીહ ગણાશે, નહીંતર (બન્નેની વાત મળતી આવતી ન હોય તો) તલાક પણ થશે નહીં. *(હિંદિયા, બહાર)* *(ક્રમશઃ)*

### ❐ જુનાગઢ ખાતે ઉર્સે હઝરત જહાંનિયાશાહ બાવા અને ઉર્સે હુઝૂર અમીરે અહલે સુન્નત શાનદાર રીતે યોજાઈ ગયો ❐

*જુનાગઢ ખાતે ઉધીવાડા મહોલ્લામાં, હઝરત જહાંનીયા શાહ બાવા رحمۃ اللہ علیہ તેમજ મખ્દૂમે સૌરાષ્ટ્ર, ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, અમીરે અહલે સુન્નત હઝરત મૌલાના અલ્હાજ નૂર મુહમ્મદ મારફાની–નૂરી સાહબ رحمۃ اللہ علیہનો ૨૧મો વાર્ષિક ઉર્સ મુબારક નવાસએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત અલ્લામા મુહમ્મદ જમાલ રઝાખાન સાહબ કાદરી, રઝવી دام ظلہ العالی ની ઝેરે સદારત વ ખિતાબત ગત તા. ૨૫/૬/૨૦૧૯ના રોજ ઈશા બાદ શાનદાર રીતે યોજાઈ ગયો. મગરિબ બાદ સંદલનો જુલૂસ નીકળેલ, મઝારે પાક પર સંદલ, ચાદર, ગુલપોશી તથા હલકએ ઝિક્ર અને સલાતો સલામ અને કુલ શરીફ પર ફાતેહાખ્વાની થયેલ. આ પ્રસંગે બહોળી સંખ્યામાં ઓલમાએ દીન, સાદાતે કિરામ, મશાઈખીન અને અકીદતમંદોએ શિર્કત કરેલી અને ફયઝયાબ થયેલા. બીજા દિવસે તા. ૨૬/૬/૨૦૧૯ના સવારે ૧૧ વાગ્યે મસ્જિદે રઝામાં જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત પીરે તરીકત, હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી સાહબની સાહબઝાદી આલીમા મસઊદા ખાતૂનના અકદે નિકાહ હાજી મુહમ્મદ ફરાઝ રઝા સાથે યોજાયેલા, નિકાહની રસ્મ હુઝૂર જમાલે મિલ્લત સાહેબ દ્વારા આપની ખાસ દુઆઓ સાથે અદા કરવામાં આવેલ.*



# لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

**હપ્તો : ૩**

**અઝ** : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી-મુંબઈ)*

**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

## ઈલ્મથી દૂરી બર્બાદીનો સબબ

ઈલ્મ મનુષ્ય માટે એવો છે જેમ બાદશાહ માટે તાજ હોય છે. જે રીતે બાદશાહની ઓળખ અને તેના માટે વિશેષ નિશાની હોય એ જ પ્રમાણે ઈલ્મ મનુષ્ય માટે ઈન્સાનિયતની નિશાની અને તેની શોભા હોય છે. ઈલ્મ અને ઈલ્મવાળાઓની ફઝીલતમાં આયતો અને હદીષો તથા બુઝુર્ગોના કથનો અસંખ્ય છે જેમનામાં ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા છે, તેની જરૂરત અને અગત્યતાને સ્પષ્ટ કરવામાં આવી છે અને તેનાથી દૂર થવાના ભયંકર પરિણામોથી પણ ચેતવવામાં આવ્યા છે.

કુર્આને મુકદ્દસમાં ફર્માને ખુદાવંદી છે :-

إِنَّمَا يَخْشَى اللَّهَ مِنْ عِبَادِهِ الْعُلَمَٰٓؤُا۔ "અલ્લાહથી એના બંદાઓમાં એ જ ડરે છે જે ઈલ્મવાળા છે."

*-(સૂરએ ફાતિમા, આ. ૨૮)*

કારણ કે ઈલ્મવાળા અલ્લાહની સિફતોને જાણે છે અને તેની અઝમતને પહેચાને છે. એટલા જ માટે ઈલ્મ જેટલા પ્રમાણમાં અધિક હશે અલ્લાહનો ડર એટલા જ પ્રમાણમાં અધિક હશે.

### ★ ઈલ્મથી મનુષ્યનો દરજ્જો બુલંદ થાય છે ★

મનુષ્ય અને અન્ય મખ્લૂકમાં તફાવત અમલ અને ઈલ્મનો જ છે કે અન્ય જીવોમાં એ લાયકાત નથી હોતી કે તે પોતાની જાણકારી અને ઈલ્મમાં વધારે કરે. જ્યારે કે મનુષ્ય અન્ય માધ્યમોના ઉપયોગ દ્વારા પોતાની જાણકારી અને ઈલ્મમાં વધારો કરી શકે છે. ઈલ્મ મનુષ્યને સુસંસ્કારી બતાવે છે, તેને સારા બુરામાં તફાવત કરવાનું શીખવે છે અને તેના દ્વારા મનુષ્યની ઈજ્જત વધી જાય છે. અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :-

هَلْ يَسْتَوِى الَّذِيْنَ يَعْلَمُوْنَ وَالَّذِيْنَ لَا يَعْلَمُوْنَ۔

"શું બરાબર છે જાણનારા અને અભણ."

*-(સૂ. ઝુમર, આ. ૧)*

અર્થાત ઈલ્મ મનુષ્યમાં વિશેષ ખૂબી પેદા કરી દે છે એટલા માટે એક આલિમ અને ગૈર આલિમ સમાન નથી હોઈ શકતા. આ વિશેષતાનું એક કારણ આ આયતે કરીમાથી સમજમાં આવે છે :-

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ۔

"અલ્લાહ તમારા ઈમાનવાળાઓના અને તેમના જેમને ઈલ્મ આપવામાં આવ્યો છે દરજ્જા બુલંદ ફર્માવશે." *(સૂ. મુજાદિલા, આ. ૧૧)*

આ આયતે મુકદ્દસાથી જણાયું કે અલ્લાહ તઆલા ઈલ્મવાળાને ઉચ્ચ દરજ્જા અતા ફર્માવે છે. કારણ કે ઈલ્મ અલ્લાહનું નૂર છે જેનાથી મનુષ્ય કામયાબીનો માર્ગ પામે છે.

### ★ ઈબાદત કરનાર આબિદ પર આલિમની ફઝીલત ★

ઈલ્મ દ્વારા અલલહ તબારક વ તઆલા પોતાના બંદાને કેટલા પ્રમાણમાં ફઝીલત તથા દરજ્જાઓની બુલંદી અતા ફમાવે છે તેનું જ વર્ણન આ હદીષે પાકમાં જુઓ : હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ ﷺના સમક્ષ બે લોકોનું

વર્ણન થયું. જેમનામાંથી એક ઈબાદત કરનાર હતો અને બીજો આલિમ. તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ને ફર્માવ્યું : فَضْلُ الْعَالِمِ عَلَى الْعَابِدِ كَفَضْلِيْ عَلٰى اَدْنَاكُمْ "એક આલિમને એક ઈબાદતગુઝાર પર એ રીતની ફઝીલત પ્રાપ્ત છે જેમ કે મને તમારામાંની સામાન્ય વ્યક્તિ પર ફઝીલત છે." *(સુનને તિર્મિઝી, ૪/૩૪૭)*

જાણે આ હદીષે પાક ઉપરોક્ત આયતે કરીમાની તર્જુમાની કરી રહી છે. આયતમાં ફર્માવવામાં આવ્યું કે અલ્લાહ તઆલા ઈલ્મવાળાના દરજાત બુલંદ ફર્માવે છે. તેના પર સવાલ ઊભો થયો હતો કે કેટલા બુલંદ ફર્માવે છે ? તેનો જવાબ આ હદીષે પાકમાં મૌજૂદ છે કે જે પ્રમાણે નબીનો મર્તબો સામાન્ય ઉમ્મતીથી ઘણો બુલંદ હોય છે એ જ પ્રમાણે બેઈલ્મની સરખામણીમાં આલિમનો દરજ્જો ઘણો જ બુલંદ હોય છે.

## ★ ઈલ્મ પ્રાપ્ત કરવો ખૂબ જ જરૂરી છે ★

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ વિવિધ સ્થળોએ ઈલ્મ હાંસલ કરવા અંગે તાકીદ અને પ્રેરણા બયાન ફર્માવી છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

"ઈલ્મ પ્રાપ્ત કરવું દરેક મુસલમાન (સ્ત્રી, પુરૂષ) પર ફર્ઝ છે." *–(સુનને ઈબ્ને માજા, ૧/૮૧)*

અર્થાત એટલો ઈલ્મ પ્રાપ્ત કરવો દરેક મુસલમાન પર ફર્ઝ છે કે જેના દ્વારા સામાન્યતઃ કાર્યો શરીઅતે મુતહ્‌હરાની રોશનીમાં અદા કરી શકાય. જેમ કે નમાઝ માટે નમાઝના મસાઈલ, રોઝા માટે રોઝાના મસાઈલ, ઝકાત અદા કરવા માટે ઝકાતના મસાઈલ, હજ્જ કરવા માટે હજ્જાના મસાઈલ, નિકાહ કરવા માટે નિકાહના મસાઈલ... વગેરે શિખવા દરેક મુસલમાન પુરૂષ અને સ્ત્રી પર ફર્ઝ છે કે આનાથી સુસ્તી અલ્લાહને ત્યાં પકડને પાત્ર થશે. રહ્યા શરીઅતના નાના અને વિસ્તૃત મસાઈલનો ઈલ્મ હાંસલ કરવું તે ફર્ઝે કિફાયા છે. જેમ કે કુર્આને મુક઼દ્દસમાં ઈર્શાદ થયો :–

وَمَا كَانَ الْمُؤْمِنُوْنَ لِيَنْفِرُوْا كَآفَّةً فَلَوْلَا نَفَرَ مِنْ كُلِّ فِرْقَةٍ مِّنْهُمْ طَآئِفَةٌ لِّيَتَفَقَّهُوْا فِى الدِّيْنِ وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ اِذَا رَجَعُوْٓا اِلَيْهِمْ لَعَلَّهُمْ يَحْذَرُوْنَ○

"અને મુસલમાનોથી એ તો નથી થઈ શકતું કે સૌના સૌ નીકળે. તો કેમ ન થાય કે તેમના દરેક ગિરોહમાંથી એક જમાઅત નીકળે કે (જેથી) દીનની સમજ પ્રાપ્ત કરે અને પરત આવી પોતાની ક઼ૌમને ડર સંભળાવે એ ઉમ્મીદ પર કે તેઓ બચે."

*–(સૂરએ તૌબા, આ. ૧૨૨)*

ખુલાસો એ કે જે ચીજો બંદા પર ફર્ઝ અને વાજિબ છે અને જે એમના માટે મના અને હરામ છે તેમનું શિખવું "ફર્ઝે ઐન" છે અને તેનાથી વધારાનો ઈલ્મ પ્રાપ્ત કરવું "ફર્ઝે કિફાયા" છે.

## ★ ઈલ્મ પ્રાપ્ત કરવાની તાકીદ ★

એ જરૂરી નથી કે બચપનથી લઈ જવાની સુધી જ ઈલ્મ પ્રાપ્ત કરવામાં આવે અને પછી ઈલ્મ પ્રાપ્ત કરવામાં શરમ મહેસૂસ કરવામાં આવે. બલ્કે જીવનભર જ્યારે પણ અવસર મળે ઈલ્મે દીન મેળવવા માટે સમય કાઢવામાં આવે અને જેટલા પ્રમાણમાં બની શકે ઈલ્મે દીન હાંસલ કરતા રહેવું જોઈએ.

હદીષે પાકમાં છે : "માની ગોદથી ક઼બ્રની ગોદ સુધી ઈલ્મ પ્રાપ્ત કરો."

*–(તફસીરે રૂહુલ બયાન, ૫/૨૭૪)*

ભલે, આ ઈલ્મને પ્રાપ્ત કરવા માટે દૂર દૂરનો સફર કરવો પડે અને તકલીફો ઉઠાવવી પડે તો પણ ઈલ્મ પ્રાપ્તિથી દૂર ન ભાગવું જોઈએ.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર સૈયદે આલમ صلی اللہ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : "ઈલ્મ પ્રાપ્ત કરો ભલે ચીન સુધી જવું પડે."

*–(શોઅબુલ ઈમાન, ૩/૧૯૩)*

એટલે કે ઈલ્મ મેળવવા માટે દૂર દૂરનો સફર કરવો પડે અને તકલીફો પણ ઉઠાવવી પડે તો પણ ઈલ્મ પ્રાપ્તિમાં લાગેલ રહેવું જોઈએ. કારણ કે સાચી ઈજ્જત અને વાસ્તવિક ઉચ્ચતા ઈલ્મથી જ છે તેના વિના દુનિયા અને આખેરતમાં બેઈજ્જતીનો સામનો કરવો પડે છે.

## ★ ઈલ્મથી દૂરી હુઝૂર ﷺથી દૂરી ★

આજના આ ભૌતિક યુગમાં જેવી રીતે મુસલમાન દુનિયા મેળવવામાં ખૂબ જ વ્યસ્ત થઈ બીજી જવાબદારીઓ અને ફર્ઝોથી ગાફેલ છે, તેવી જ રીતે ઈલ્મ પ્રાપ્ત કરવાથી પણ ઘણી હદે ગાફેલ છે. સામાન્ય રીતે લોકો એ સમજે છે કે પોતાના બાળકોને મહોલ્લાના મકતબ (મદ્રસા)માં મોકલી કોઈ રીતે કુર્આન શરીફ પઢતાં શીખવાડી આપવામાં આવે. બસ, ઈલ્મે દીન પ્રાપ્ત કરવા માટે આટલું જ પૂરતુ છે. પછી ભલે તે બાળક તજવીદ સાથે સહી રીતે કુર્આન શરીફ પણ પઢી શકે કે નહીં તેની ચિંતા કોઈને હોતી નથી. ન દીનના મસાઈલથી મુસલમાન વાકેફ હોય છે અને ન આ અંગે ખાસ ચિંતા કરે છે, ઈલ્લા માશા અલ્લાહ ! અમુક ઈલાકાઓમાં હવે થોડીક જાગૃકતા આવી છે. અલ્લાહ કરે દરેક બાજુ આ બાબતે જાગૃતિ પેદા થાય અને મુસલમાન ઈલ્મે દીન શીખવા માટે ચિંતા કરવા લાગે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

"કેવળ આલિમ અથવા તાલિબે ઈલ્મ મારા તરીક઼ા પર છે." *(જામિઉસ્સગીર, હદીષ નં. ૧૦૪૧૦)*

આ હદીષથી જણાયું કે ઈલ્મથી દૂરી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દામને કરમથી દૂરીનું કારણ છે. જેથી જયાં સુધી શકય હોય ઈલ્મ શીખવામાં સમયનો ઉપયોગ કરવો જોઈએ જેથી રહ઼મતે આલમ ﷺના સાયએ રહ઼મતમાં નિકટતા મળતી રહે.

## ★ પાંચમા ન બનશો ★

અમુક લોકો પોતે તો ઈલ્મ પ્રાપ્ત કરવાથી દૂર રહે છે પરંતુ કોઈ ઈલ્મે દીન પ્રાપ્ત કરે છે તો તેને તુચ્છતાની નજરથી જુએ છે. તેમના માટે દુનિયાની ચમક દમક જ સર્વ કાંઈ છે. ઈલ્મે દીન પ્રાપ્ત કરી અલ્લાહના દરબારમાં ઈજ્જત પામનારા સીધા સાદા આલિમને તેઓ સમાજનો પછાત નાગરિક સમજે છે. એવા લોકોએ સમજી લેવું જોઈએ કે તેઓ પોતાની આ સોચના કારણે ક઼યામતના દિવસે હલાક઼તમાં પડનારા છે.

હઝરત અબૂબક્ર رضی اللہ عنہથી રિવાયત છે કે આક઼ાએ કાઈનાત ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : "આલિમ બની જાવ અથવા તાલિબે ઈલ્મ બની જાવ અથવા આલિમની વાત સાંભળનાર બની જાવ અથવા આલિમથી મહોબ્બત કરનાર બની જાવ, પાંચમો ન બનતા કે બર્બાદ થઈ જશો."

*–(મોઅજમુલ અવસત લિત્તબ્રાની, ૫/૨૩૧)*

અર્થાત પોતે જ ઈલ્મ પ્રાપ્ત કરી આલિમ બની જાવ, જો એ નથી કરી શકતા તો ઈલ્મ પ્રાપ્ત કરવાની કોશિશમાં લાગી જાવ કે જ્યાંથી ઈલ્મ મળી શકે છે ત્યાંથી ઈલ્મ પ્રાપ્ત કરવાની કોશિશ કરો. જો આ પણ નથી થઈ શકતું તો આલિમની મજલિસમાં બેસનાર અને તેની જણાવેલ વાતો પર અમલ કરનાર બની જાવ, એ પણ નથી થઈ શકતું તો કમસે કમ આલિમથી મહોબ્બત કરનાર બની જાવ. પાંચમાંથી મુરાદ આલિમથી નફરત કરનાર અને તેને તુચ્છતાથી જોનાર છે. આ હદીષમાં ફર્માવવામાં આવ્યું કે આલિમથી નફરત કરનાર અને તેને તુચ્છતાથી જોનાર ન બનશે કે આ તમને હલાક઼તમાં નાખી દેશે.

એટલા માટે જો દુનિયા અને આખેરતમાં સફળતા પ્રાપ્ત કરવી છે તો ઈલ્મ પ્રાપ્ત કરવાની ચિંતા કરવી જરૂરી છે, ઈલ્મ વિના કામયાબીની મંઝિલો પાર કરવી અને ઈજ્જત તથા બુલંદી મેળવવી મુશ્કેલ જ નહીં અશકય છે. *(ક્રમશઃ)*

# દુનિયાને બદલતા પહેલાં પોતાને બદલી લઈએ !

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મધ્ય પૂર્વ દેશોની પરિસ્થિતિ આજે આખા જગતની નજરો સમક્ષ છે. રોજબરોજ તેમના માટે જિંદગીનું વર્તુળ સાંકડુ કરવામાં આવી રહ્યું છે. મુસ્લિમ જગતમાં રહેતા મુસ્લિમોની જિંદગી પણ કોઈથી છુપી નથી. ભયના માહોલમાં જીવન વીતાવનાર મુસલમાનો આજે છૂટકારો અપાવનાર માર્ગદર્શકની, કોઈના ચમત્કારની રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં માર્ગદર્શક આપનારાઓની સોશિયલ મિડિયા ઉપર એક લાંબી લાઈન લાગી ગઈ છે, અને મશ્વરો આપી રહ્યા છે કે મુસલમાનોએ આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ. તેમાં આપણે પણ સામેલ છીએ ! કેમ કે આપણે પણ ક્યારેક ક્યારેક મશ્વરા આપ્યા છે. પરંતુ, ખૂબ વિચારણાને અંતે કુર્આને પાકની અમુક આયતો નજરો સમક્ષ આવી જેમાં મને ઉમ્મતે મુસ્લિમાની સમસ્યાઓનો ઉકેલ નજર આવ્યો. સૌથી મોટી સમસ્યા એ છે કે મુસલમાનો ચાહે છે કે તેમની સ્થિતિ સુધરી જાય પરંતુ મુસલમાનો પોતે સુધરવા માટે તૈયાર નથી. અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِنَّ هٰذَا الْقُرْاٰنَ یَهْدِیْ لِلَّتِیْ هِیَ اَقْوَمُ "બેશક ! આ કુર્આન એવો માર્ગ દર્શાવે છે જે સૌથી સીધો છે."

*–(સૂ. ઈસ્રા, આ. ૯)*

એવું પણ નથી કે આ કિતાબ જે માર્ગ દર્શાવે છે તે કઠણ હોય, તેના પર ચાલવું મુશ્કેલ હોય, બલ્કે આ તો ખૂબ સરળ માર્ગ છે ! જેમ કે અલ્લાહ તબારક વ તઆલાનું ફર્માન છે :–

وَلَقَدْ یَسَّرْنَا الْقُرْاٰنَ لِلذِّكْرِ فَهَلْ مِنْ مُّدَّكِرٍ ⑰ "બેશક ! અમે કુર્આન યાદ કરવાના માટે આસાન કરી દીધું તો છે કોઈ યાદ કરનાર ?!" *(સૂરએ ક઼મર, આ. ૧૭)*

કુર્આને પાક અમલની કિતાબ છે અને આ કિતાબને પરવરદિગારે નસીહત ક઼બૂલ કરનારાઓ માટે નાઝિલ ફર્માવી છે. હવે આવો ! ઉમ્મતે મુસ્લિમા તેમજ આજે આખુ વિશ્વ જે પરિસ્થિતિઓમાં સપડાયેલ છે તેના ઉકેલ માટે કુર્આને પાકની રોશનીમાં કાંઈક સમજવાની કોશિશ કરીએ.

સૌ પ્રથમ ચીજ તો એ છે કે કુર્આને પાક સર્વ પ્રથમ પોતાના ઘરવાળાઓને જહન્નમની આગથી બચાવતા પહેલાં પોતાને જહન્નમની આગથી બચાવવાનો આદેશ આપ્યો છે. ક઼ૌમના હાલાત સુધારતા પહેલાં પોતાને સુધારવાનો હુકમ આપ્યો છે.

اِنَّ اللّٰهَ لَا یُغَیِّرُ مَا بِقَوْمٍ حَتّٰى یُغَیِّرُوْا مَا بِاَنْفُسِهِمْ

"બેશક ! અલ્લાહ કોઈ ક઼ૌમથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી તે પોતે પોતાની હાલત ન બદલી લે." *(સૂ. રઅદ, આ. ૧૧)* આ આયતની રચનાને જુઓ કે ક઼ૌમની સ્થિતિ ત્યાં સુધી નહીં સુધરે જ્યાં સુધી તમે પોતે નહીં સુધરો. આપણી હાલત તો એ છે કે આપણે પોતાના વજૂદ તથા વ્યક્તિત્વ ઉપર અહકામે ઈલાહી લાગુ કરવાની કોશિશ સુદ્ધાં પણ નથી કરતા, આપણી જિંદગી જેમની તેમ જ છે અને મશ્વરાઓનો ઢગલો લગાડી દઈએ છીએ. **આપણે પોતે તો પોતાના ગરેબાનમાં ઝાંકીને જોઈએ કે હાલાતમાં આ દબાવ તથા તણાવ હોવા છતાં આપણે પોતે**

**પોતાની અંદર શું બદલાવ લાવ્યા ? કેટલા ગુનાહો છોડયા ? કેટલા સજદાઓના આપણે પાબંદ બન્યા ? કુર્આને પાકની તા'લીમ પર આપણે કેટલો અમલ કર્યો ? નવાફિલની કેટલી અધિક્તા કરી ? આપણે કુર્આન તથા તફસીરે કુર્આનનો કેટલો ખયાલ રાખ્યો ? આપણે બંદાઓના હક્કોનો કેટલો લેહાઝ રાખ્યો ? આપણે સંબંધો સારા રાખવા પ્રત્યે કેટલું ધ્યાન આપ્યું ? આપણે જરૂરતમંદોની જરૂરતો પૂર્ણ કરવા માટે કયુ પગલુ ભર્યું ?**

જો આપણે આ તમામ કામોના જવાબ પોતાને જ પૂછીએ તો સાચી વાત એ છે કે આટલી ખરાબ તથા કપરી પરિસ્થિતિઓમાં સુધારા વિશેની ઘણી વાતો કરીએ છીએ, મશ્વેરાઓ આપીએ છીએ, પરંતુ પોતાનાથી જ વંચિત તથા ગાફિલ છીએ. કુર્આને પાકમાં અલ્લાહ તબારક વ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં તાકીદ ફર્માવી છે :

وَلَا تَكُوْنُوْا كَالَّذِيْنَ نَسُوا اللّٰهَ فَاَنْسٰىهُمْ اَنْفُسَهُمْ

''અને એમના જેવા ન બનો જેઓ અલ્લાહને ભૂલી બેઠા તો અલ્લાહે તેમને બલામાં નાખ્યા કે પોતાની જાનો યાદ ન રહી !'' *(સૂ. હશ્ર, આ. ૧૯)* બીજી જગ્યાએ ફર્માવ્યું :

ذٰلِكَ بِاَنَّ اللّٰهَ لَمْ يَكُ مُغَيِّرًا نِّعْمَةً اَنْعَمَهَا عَلٰى قَوْمٍ حَتّٰى يُغَيِّرُوْا مَا بِاَنْفُسِهِمْ

''એ એટલા માટે કે અલ્લાહ કોઈ કૌમથી જે નેઅમત તેમને આપી હતી બદલતો નથી જ્યાં સુધી તેઓ પોતે ન બદલાય જાય.'' *(સૂ. અન્ફાલ આ. ૫૩)* નેઅમતોના ઝવાલ વિશે અલ્લાહ તબારક વ તઆલાએ સ્પષ્ટ શબ્દોમાં ફર્માવ્યું કે, કોઈ કૌમને નેઅમત આપીને નેઅમત ત્યાં સુધી નથી છીનવી લેતો જ્યાં સુધી કે તે કૌમ પોતે નેઅમતની હક્કદાર ન રહે. અન્ય જગ્યાએ ઈર્શાદ ફર્માવ્યો :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ

''હે ઈમાનવાળાઓ ! તમે પોતાની ફિકર રાખો.'' *(સૂરએ માઈદહ, આ. ૧૦૫)* એટલા માટે આપણે મશ્વેરાઓના ઢગલા લગાડતા પહેલાં પોતાની જિંદગીમાં બદલાવ લાવવો જોઈએ. પહેલાં પોતાને સમારવા તથા સુધારવાના પ્રયત્નો કરે.

રસૂલુલ્લાહ ﷺની મક્કી જિંદગીનો અભ્યાસ કરીએ તો ખબર પડશે કે આકાએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ મક્કી જિંદગીમાં સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینની એવી તર્બિયત ફર્માવી અને એવી સુધારણા કરી કે તેઓ હિદાયતના મીનારાઓ બની ગયા. તે દરેક વસ્તુ જે સહાબાએ કિરામની પ્રગતિમાં રુકાવટ બને તેને આકાએ કરીમ ﷺએ સહાબાએ કિરામથી કોસો (માઈલો) દૂર ફર્માવી. **ન કોઈ તેમને ખરીદી શક્તો હતો, ન તેઓ રાતની તન્હાઈ (એકાંત)માં પણ ગુનાહનો વિચાર કરી શક્તા હતા.** આ પ્રમાણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને તૈયાર કર્યા હતા. અને જ્યાં જ્યાંથી પણ ઈસ્લામના વિરુદ્ધ અવાજો ઉઠતી પોતાના સહાબીને મોકલી આપતા, તે સહાબી ત્યાં પહોંચતા તો તેમના કિરદાર તથા અમલ તેમજ તબ્લીગ દ્વારા ત્યાંના લોકો ઈસ્લામ સ્વીકારવા પર મજબૂર થઈ જતા. આપણે જોઈએ કે આખા જગતની ફિક્ર કરવા કરતા પહેલાં પોતાની ફિક્ર કરીએ. વધુથી વધુ ગુનાહોથી બચીએ, વધુથી વધુ નેકીઓ કમાઈએ, પહેલાં પોતાના વજૂદ તથા વ્યક્તિત્વ પર ઈસ્લામી રંગ તથા હુકૂમત લાગુ કરીએ ત્યાર બાદ આખી દુનિયા પર ઈસ્લામી હુકૂમત વિશે વિચારીએ. જ્યારે આપણે કામિલ મુસલમાન બની જઈશું તો ધીરે ધીરે સ્થિતિઓ બદલાતી જશે. (ઈન્શા અલ્લાહ !) નહીં, તો **જ્યાં સુધી આપણે નહીં બદલાઈએ તો દુનિયાના હાલાત પણ નહીં બદલાય.** અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને તેના પ્યારા હબીબ ﷺના સદકામાં પોતાને બદલવાની તૌફીક આપે. (આમીન)

*(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ મંથલી , જુલાઈ–૨૦૧૯)*

# કુર્બાની વિશે મસાઈલ



કાર્યાલય

### ★ કુર્બાનીનું વર્ણન ★

કુર્બાની માલી ઈબાદત છે. જે દરેક ગની મુસલમાન પર વાજિબ છે. ખાસ લાયકાતવાળા જાનવરને ખાસ નિયુક્ત દિવસોમાં અલ્લાહના નામ પર સવાબની નિય્યતથી ઝબહ કરવામાં આવે તેનું નામ કુર્બાની છે.

દરેક તે મુસલમાન જે મુક઼ીમ હોય (સ્થાયી રહેવું તે), માલિકે નિસાબ હોય તથા આઝાદ હોય તેના પર કુર્બાની વાજિબ છે.

✪ જેમ પુરૂષ પર કુર્બાની વાજિબ છે તેમ સ્ત્રી પર પણ કુર્બાની વાજિબ છે. *–(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ મુસાફિર પર કુર્બાની વાજિબ નથી. તેમ છતાં નફલ સમજીને કુરબાની કરે તો તેમ કરી શકે છે, તેનો સવાબ જરૂર મળશે. *(દુર્રે મુખ્તાર વગેરે)*

✪ નિસાબનો માલિક હોવાનો મતલબ એ છે કે જેની પાસે એટલો માલ હોય કે તેનાથી સદકએ ફિત્ર વાજિબ થઈ જાય. અને બીજી રીતે સમજવામાં આવે તો તે એ છે જેની પાસે તેની જીવન જરૂરીયાત ઉપરાંત ૭ાા તોલા સોનું અથવા **પરાા તોલા ચાંદી** બરાબરનો માલ (રૂપિયા, સોનુ ચાંદી, વેપારનો માલ વગેરે મિલાવીને ગણતાં) હોય તે વ્યક્તિ માલિકે નિસાબ ગણાશે.

*–(દુર્રે મુખ્તાર, આલમગીરી વગેરે)*

### ★ કુર્બાનીનો સમય ★

ઝિલહજ્જ માહિનાની ૧૦ મી તારીખની સુબ્હ સાદિક઼થી લઈને ૧૨મી તારીખના સૂર્યાસ્ત સુધીના સમયમાં ગમે ત્યારે કુરબાની આપી શકાશે. એટલે કે કુલ **ત્રણ દિવસ** અને **બે રાત્રિ.** તેમાં ખાસ કરીને ૧૦ મી તારીખે કુર્બાની કરવી અફઝલ ગણાશે, તે પછી ૧૧ મી તારીખે પછી ૧૨ મી તારીખે.

✪ કુર્બાની જો શહેરમાં કરવી હોય તો તે માટે જરૂરી એ છે કે ઈદની નમાઝ પછી જ કરવામાં આવે, જ્યારે કે ગામડામાં ઈદની નમાઝનો હુકમ નથી જેથી ઈદની નમાઝ પહેલાં સુબ્હ સાદિક઼ના સમયથી કુર્બાની કરી શકાશે.

✪ કુર્બાની વાજિબ થએથી કુર્બાની જ કરવી જરૂરી ગણાશે. જો કોઈ એટલી જ કિંમત કે વધુ કિંમતનું જાનવર કુર્બાનીના બદલામાં સદક઼ો આપી દેશે તો તેનાથી કુર્બાનીનો વાજિબ અદા થશે નહિ. *–(આલમગીરી વગેરે)*

✪ કુર્બાનીના દિવસોમાં કરે તો કુર્બાની થયેલી ગણાશે જેથી પછીના દિવસોમાં કુર્બાની કરવામાં આવી તો તે કુર્બાની ગણાશે નહિ. તેવી રીતે જો કોઈ જાનવર કુર્બાની માટે ખરીદી લીધું હોય તેની કુર્બાની કુર્બાનીના દિવસોમાં ન આપી હોય તો તે જાનવરને સદક઼ા તરીકે આપી દેવામાં આવે અથવા તો એક બકરીની કિંમત સદક઼ા તરીકે આપી દેવામાં આવે. *–(રદ્દુલ મુહ્તાર, આલમગીરી વગેરે)*

✪ કુર્બાની માટેના ઉપર જણાવેલ નિયમો જ્યારે જેને લાગુ પડે ત્યારે તેને માટે એક બકરી અથવા ઘેટું કુર્બાન કરવું વાજિબ થઈ પડે છે. તથા ઊંટ, ગાય કે ભેંસ હોય તો સાતમો ભાગ (તે દરેકનો) વાજિબ થશે. એનાથી ઓછાની કુર્બાની ગણાશે નહિ. ભાગીદારીમાં કુર્બાની હોય તો તેમાં પણ જો કોઈ એક ભાગીદારનો હિસ્સો સાતમા હિસ્સાથી ઓછો હશે તો કોઈની પણ કુર્બાની સહીહ થશે નહીં. અને જો સાત ભાગીદાર હોય, હિસ્સા પણ ઓછા વધતા હોય પણ કોઈનો પણ હિસ્સો સાતમા ભાગથી ઓછો હોય તો તે જાઈઝ નથી.

✪ કુર્બાની કરાવનાર તમામ ભાગીદારોની નિય્યત ખાલી ગોશ્ત મેળવવાની નહિ પણ સવાબ મેળવવાની હોવી જોઈએ. જેને કારણે

**અક઼ીકો કરનાર જો કુર્બાનીમાં સામેલ થવા ચાહે તો તે સામિલ થઈ શકે છે** કેમ કે તેની નિય્યત પણ સવાબ મેળવવાની હોય છે. બલ્કે અક઼ીકો એ પણ સવાબ મેળવવાની એક સૂરત છે. –*(રદ્દુલ મુહતાર)*

## ★ ગોશ્ત અને ચામડું ★

જો જાનવર ભાગીદારીનું હોય તો ગોશ્તનો આશરો કાઢીને નહીં બલ્કે તોલીને ભાગ કરી વહેંચવું. બાકી આશરાથી વહેંચ્યુ અને કોઈ ભાગીદારને વધારે ગોશ્ત મળ્યો તો બીજાના માફ કરવાથી પણ તે જાઈઝ ગણાશે નહિ. કારણ કે દરેકનો હક જરૂરી છે.

–*(રદ્દુલ મુહતાર, બહારે શરીઅત)*

ત્યાર પછી પોતાના હિસ્સાના ત્રણ ભાગ કરી એક ભાગ ફકીરોને આપે, એક ભાગ દોસ્ત–બિરાદરોને અને એક ભાગ પોતાના ઘર માટે રાખે. તેમાંથી પોતે પણ ખાય પોતાનાં બાળકો પણ ખાય. જો મોટુ કુટુંબ હોય તો પોતાના ઘર માટે બધો ગોશ્ત પણ રાખી શકે છે તેવી જ રીતે ચાહે તો બધો જ ગોશ્ત સદક઼ા તરીકે વહેંચી પણ શકે છે, જો કે બેહતર તો એ છે કે એક ભાગ પોતાના માટે રાખી લે.

✪ કુર્બાની મૈયત તરફથી કરી હોય તો તેના ગોશ્ત અંગે પણ હુકમ તો એ જ છે, તેમ છતાં **મરનાર તરફથી કુર્બાની કરવાની વસિયત હોય તો** તેવી હાલતમાં તમામ ગોશ્ત સદક઼ો કરી દેવો. *(અને આમ જ કુર્બાનીમાં નામ મરનારનું રાખ્યું હોય તો સૌ ખાય શકે. –તંત્રી)*

✪ કુર્બાની કરનાર (જેની હોય તે) સૌથી પહેલાં પોતાની કુર્બાનીનો ગોશ્ત ખાય એ મુસ્તહબ છે.

–*(બહરૂર્રાઈક)*

✪ કુર્બાનીનો ગોશ્ત કાફિરને આપવો નહિ કેમ કે ભારતના કાફિરો ઝિમ્મી નથી હર્બી છે.

✪ ચામડુ, દોરડુ, હાર, ઝોલો એ બધું સદકો કરી દેવું. જો કે ચામડાને પોતાના ઉપયોગમાં પણ લાવી શકે છે. દા.ત. મુસલ્લો, પાણી પીવાની ડોલ, પાથરણુ વગેરે બનાવી શકે છે. પરંતું વેચીને તેના નાણાં પોતાના માટે વાપરવાં જાઈઝ નથી. જો વેચી દીધું તો તેના નાણા સદક઼ો કરી દેવાં વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

✪ ઘણા લોકો કુર્બાનીની ખાલ ધાર્મિક મદ્રસામાં આપી દેતા હોય છે એ આપવું જાઈઝ છે. ચામડું ન આપે અને મદ્રસામાં આપવાની નિય્યતથી વેચી દઈ તેની ઉપજેલી બધી કિંમત મદ્રસામાં આપી દે તો તે પણ જાઈઝ છે. –*(આલમગીરી, બહારે શરીઅત) (મસ્જિદ, મદ્રસા કે કોઈ જાઈઝ કામમાં આપી શકે છે. –તંત્રી)*

✪ કુર્બાનીનો ગોશ્ત કે ચામડુ કસાઈને કે ઝબ્હ કરનાર વ્યક્તિને તેના મહેનતાણામાં આપવું જાઈઝ નથી. હા, દોસ્ત બિરાદરોની જેમ ભેટ નઝરાણા તરીકે આપી શકે છે. જો કે તેને પણ કોઈ મહેનતાણા પેટે કે બદલામાં ગણવામાં ન આવે. –*(હિદાયા વગેરે)*

✪ કુર્બાનીનું ચામડુ, મસ્જિદના ઈમામને પગારના બદલામાં નહિ બલ્કે મદદ તરીકે આપ્યું તો તેમાં કાંઈ વાંધો નથી. –*(બહારે શરીઅત)*

## ★ કુર્બાનીનું જાનવર ★

✪ ઊંટ, ગાય, ભેંસ, બકરી, ઘેટું વગેરે (નર–માદા) **ખસીવાળુ** કે **ખસી વગરનું** એ દરેકની કુર્બાની થઈ શકે છે. –*(આલમગીરી)*

✪ ખસ્સીની કુર્બાની ગૈર ખસ્સી કરતાં અફઝલ છે. તબીય્યિનુલ હક઼ાઈક઼ શરહે કન્ઝુદ્દક઼ાઈક઼માં છે : (અર્થ) : ''ખસ્સી તથા ગૈર ખસ્સી બંનેની કુર્બાની જાઈઝ છે અને ઈમામે આ'ઝમ અબૂ

હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે ખસ્સીની કુર્બાની અફઝલ છે કારણ કે તેનો ગોશ્ત વધુ સ્વાદિષ્ટ હોય છે.'' એ જ અર્થમાં ગુરુરુલ અહકામ, શરનલાલિયહમાં બદાએઅ્થી મજમઉલ અન્હર શરહે મુલ્તકિયુલ અબહ્રમાં છે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

*(ફતાવા અમજદિયા, ભાગ–૩, પેજ–૩૦૪)*

✪ જંગલી જાનવર જેવાં કે હરણ, રોઝ, બારાસિંગુ વગેરેની કુર્બાની થઈ શકશે નહીં. –*(આલમગીરી)*

✪ દુમ્બો એ ઘેટાંની જાતમાં ગણી શકાશે.

✪ ઊંટ પાંચ સાલનું, ગાય ભેંસ બે વર્ષ, ઘેટું બકરી એક વર્ષનું અથવા તેથી વધુ ઉંમરનાં હોવાં જોઈએ. એ કરતાં ઓછી ઉંમરના જાનવરની કુર્બાની જાઈઝ થશે નહીં. હા, ઘેટા કે દુંબાનું છ માસનું બચ્ચુ એટલું મોટુ હોય કે દૂરથી જોતાં એક વર્ષના બચ્ચા જેવું લાગે તો તે છ માસના બચ્ચાની કુર્બાની જાઈઝ છે. –*(દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાનીનું જાનવર મોટુ, તાજુ, તંદુરસ્ત અને ખામી (ખોડ–ખાંપણ) વિનાનું હોવું જોઈએ. કોઈ નાની સરખી ખામી હશે તો કુર્બાની થઈ જશે પણ મકરૂહ થશે અને વધારે પડતી ખોડ ખાંપણ હશે તો તેવા જાનવરની કુર્બાની જાઈઝ નથી. –*(દુર્રે મુખ્તાર,)*

✪ જે જાનવરને જન્મથી જ શિંગડા ન હોય તેની કુર્બાની જાઈઝ છે અને જેને શિંગડાં તો હતાં પણ તૂટી ગયું અને તે એટલું તૂટી ગયું કે તેનો ગૂદો દેખાઈ તેવાની કુર્બાની જાઈઝ નથી અને ગૂદાથી ઓછા તૂટેલાં શિંગવાળા જાનવરની જાઈઝ છે.

–*(આલમગીરી વગેરે)*

✪ આંધળું, લૂલુ, લંગડુ, કાણુ, એકદમ દૂબળું, કાન કપાએલું, પૂછડું કપાએલું, આંચળ સૂકાએલા, નાક કપાએલું, જન્મથી કાન વગરનું, બીમાર, ખન્સા (જેનામાં નર–માદાની બંને નિશાની હોય) જે જાનવર ફક્ત ગંદુ (નાપાક) જ ખાતુ હોય એવાં દરેક જાનવરની કુર્બાની જાઈઝ નથી.

–*(બહારે શરીઅત, દુર્રે મુખ્તાર)*

✪ કુર્બાની કરતી વેળા જાનવરના ઉછળવા કૂદવાથી જાનવરમાં કંઈક ખોડખામી આવી ગઈ છતાં તેની કુર્બાની જાઈઝ છે. –*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

✪ કુર્બાની કરી તે જાનવરના પેટમાં જીવતું બચ્ચું હોય તેને પણ ઝબહ કરી દેવું અને જો મરેલું હોય તો તેને ફેંકી દેવું, ઝબહ કરેલ બચ્ચાના ગોશ્તને કામમાં લઈ શકાશે. –*(બહારે શરીઅત)*

✪ બીમારી સાધારણ હોય અને લંગડાપણું એવું હોય કે ચાલી ફરી શકે છે બલ્કે ચાલીને તે જાનવર કુર્બાનીની જગા સુધી જઈ શકતું હોય અથવા નાક, કાન કે પૂછડું **ત્રીજા ભાગથી વધુ કપાએલ ન હોય** તેવા જાનવરની કુર્બાની જાઈઝ છે. –*(આલમગીરી, દુર્રે મુખ્તાર, હિદાયા)*

✪ જાનવર ખરીદયા પછી અને કુર્બાની કર્યા પહેલાં બચ્ચું જન્મયું તો તે બચ્ચાને પણ ઝબહ કરી દેવું, કુર્બાનીના દિવસોમાં જો તેને ઝબહ ન કર્યું તો તેને જીવતું જ સદકા તરીકે આપી દેવું અને જો વેચી દીધું તો લીધેલી કિંમત સદકો કરી દેવી.

–*(આલમગીરી, બહારે શરીઅત)*

✪ આપણા આક઼ા વ મૌલા તાજદારે મદીના, હઝરત અહમદે મુજતબા મુહમ્મદ મુસ્તફા ﷺનો રહમ વ કરમ તો જુઓ કે ઉમ્મતે મર્હૂમાના તરફથી ખુદ આપે કુર્બાની કરી અને એ પ્રસંગે પણ હુઝૂર પોતાની ઉમ્મતને ભૂલ્યા નહીં, તો આપણામાંથી જેનાથી થઈ શકે તેણે હુઝૂર ﷺના તરફથી કુર્બાની આપી તો એ ઘણી જ ખુશનસીબી ગણાશે. –*(બહારે શરીઅત)*

–*(હવાલો : ક઼ાનૂને શરીઅત, ભાગ : ૧)*

# આતંકવાદ
## વિશ્વની કૌમો માટે દુઃખદાયક નાસૂર

**લેખક : મૌલાના મુહમ્મદ ઈદરીસ બસ્તવી**
**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી**

આજે આખી દુનિયા આતંકવાદથી ભયભીત અને હોશ ખોઈ બેઠેલી જોવા મળે છે પરંતુ તેનો સારો ઈલાજ કોઈ નથી કરી રહ્યું. હક઼ીક઼ત એ છે કે આતંકવાદનો ઈલાજ ફક્ત ઈસ્લામ ધર્મ પાસે છે, પરંતુ યહૂદી, નસરાની, બૌધ્ધિસ્ટ અને હિંદુની ઈસ્લામ સાથે દુશ્મનીને કારણે આ દવાને ઉપયોગ કરવાથી તેઓ દૂર રહે છે કે જેના કારણે પૂરા જગતને સંપૂર્ણ શિફા મળી શકે તેમ છે.

આ મૌક઼ા પર આતંકવાદના કારણો અને તેના ઈલાજ પર વિસ્તૃતમાં વાતચીત કરવામાં આવી રહી છે. જેથી સહેલાઈથી એ વાત સમજમાં આવી જાય કે આ મોટી મુસીબતનું કારણ અને તથ્ય શું છે અને તેનો અંત કઈ રીતે થઈ શકે છે.

સિદ્ધાંતિક રીતે આ વાત સાંભળી લો કે ઈન્સાન મૂળભૂત રીતે સારા સ્વભાવનો સુલહ પસંદ કરનારો અને શાંતિપૂર્ણ રીતે જિંદગી પસાર કરવા માગતો હોય છે. પછી કેટલાક એવા સબબો પૈદા થઈ જાય છે જેના કારણે તે ખૂની, લૂટેરો અને આતંકવાદી બની જાય છે. આપણે આતંકવાદના અંત માટે તે જ સબબોનો અંત કરવો પડશે જેના કારણે આતંકવાદ પૈદા થાય છે.

પરંતુ પહેલાં એ સમજી લેવાની જરૂરત છે કે આતંકવાદનો અર્થ શું છે ? આ આતંકવાદી કોણ લોકો છે ? તેના પર દુનિયામાં સહમતિ નથી. જ્યારે હિંદુસ્તાન પર અંગ્રેજોનો કબજો રહ્યો, હજારો લોકોને અંગ્રેજોએ આતંકવાદી કહી ફાંસીએ ચઢાવી દીધા, ગોળીઓથી ભૂંજી નાખ્યા, વધારે નરમી કરી તો કાળા પાણી મોકલીને તેમની જિંદગી બરબાદ કરી નાખી. પરંતુ આઝાદી મળ્યા પછી તે જ લોકો હિંદુસ્તાનની ક઼ૌમના હીરો, નેતા અને ઈજ્જતના લાયક (સ્વાતંત્ર્ય સેનાની) છે.

જાણવા મળ્યું કે એક જ માણસ જે અંગ્રેજો માટે ખૂની અને આતંકવાદી હતો તેજ હિંદુસ્તાનની ક઼ૌમનો હીરો અને નેતા છે. આ સમયે એવું કઈ રીતે નક્કી થશે કે કોણ આતંકવાદી છે અને કોણ ક઼ૌમનો હીરો ?

**ખરેખર આતંકવાદી :** એ છે જે બીજા લોકોનું આર્થિક શોષણ કરે, આખી દુનિયા પર પોતાના પ્રભુત્વની નાપાક ઈચ્છાને થોપવા માટે રાસાયણિક શસ્ત્રોનો પણ ઉપયોગ કરી નાખે. બીજા દેશોના કુદરતી સંશોધનો પર કબજો કરવાની નાપાક કોશિશ કરે. ધ્રુવીય વિશ્વ બનાવીને સમગ્ર વિશ્વમાં હુકૂમતનો ખ્વાબ જુએ અને વૈશ્વિક વેપાર પર સંપૂર્ણ કબજો કરે.

આ જ કારણો છે જેની પ્રતિક્રિયામાં આતંકવાદ પૈદા થાય છે. ઉપરના બધા જ કામો હાલમાં અમેરિકા અંજામ આપી રહ્યું છે. જેનુ તાજુ ઉદાહરણ અમેરિકાનુ આ અયોગ્ય ફર્માન છે કે, "ઈરાનથી હિંદુસ્તાન અને બીજા દેશો તેલ ન ખરીદે". વિચારો ! તેલ ઈરાનથી નીકળી રહ્યું છે અને જરૂરતમંદ દેશો તેને ખરીદી રહ્યા છે. અને ઈરાનના તેલથી અમેરિકાને શું મતલબ ? પરંતુ હુકમ આપી રહ્યો છે કે ઈરાનનું તેલ આ આ દેશો ન ખરીદે ! **આ જ મૂળરૂપે આતંકવાદ છે.** દુનિયાના બધા જ આઝાદ દેશોએ અમેરિકાને સાફ

(સ્વષ્ટ) શબ્દોમાં કહી દેવાનું હતું કે અમારો અને ઈરાનનો મામલો છે જેનાથી તને શું મતલબ ? પરંતુ ફક્ત જાંબાઝ તૂર્કી સિવાય કોઈએ પણ આવો જવાબ ન આપ્યો. અને આપણા વડાપ્રધાન પણ બીજા દેશોથી તેલ ખરીદવાની વાતો કરવા લાગ્યા. એટલે કે હિંદુસ્તાને એ જાહેર કરી દીધું કે આપણે આઝાદ નથી પરંતુ અમેરિકાના ગુલામ છીએ અને તેના દરેક ઈશારા પર દરેક બેઈજ્જતીને વેઠવા તૈયાર છીએ. આ લાચારી પર જેટલી લા'નત કરવામાં આવે ઓછી છે. આ છે હિંદુસ્તાન ! એ તે જ કરશે જે અમેરિકાનો હુકમ હશે. આપણા દેશમાં અમેરિકાના હુકમની અવગણના કરવાની હિમ્મત અને તાકત નથી.

પરંતુ અમેરિકા મૂર્ખાઓની જન્નતમાં રાચી રહ્યું છે. તેના હમનવા (સાથી) દેશો ઈરાનથી જે તેલ ખરીદી રહ્યા હતા તેના કરતાં કેટલુ વધારે ઈરાની તેલ રૂસ, રૂસના પ્રાંતો, ઉત્તર કોરીયા વગેરે ખરીદી લેશે અને ઈરાનની એટમી તાકાતમાં તેની મદદ કરશે અને અમેરિકા જોતુ રહી જશે !

આ સમયે **દુનિયામાં સૌથી મોટો આતંકવાદી અમેરિકા** છે જેનું ખુલ્લુ ઉદાહરણ દુનિયાના મુસ્લિમ અને ગૈર મુસ્લિમ દેશો પર તેની લશ્કરી ચઢાઈ છે. ગલ્ફના દેશોને તેણે કુવેતની હિફાઝતના બહાનાથી બર્બાદ કરી નાખ્યા, અને આજે પણ કેટલાય દેશો પર લશ્કરી ચઢાઈની ધમકી આપી રહ્યો છે. અખંડ ભારતના મુખ્ય દેશ અફઘાનિસ્તાનમાં તેની ફૌજે (આર્મીએ) કાયમી દેરો નાખી દીધો છે જેના કારણે અફઘાની લોકોનુ ખૂન રોજ બરોજ વહેતુ રહે છે. ક્યાં અમેરિકા અને ક્યાં અફઘાનિસ્તાન ?! ત્યાં તેની આર્મીની મૌજૂદગી ખરેખર આતંકવાદ અને જુલ મ છે જેનો સામનો તાલિબાન કરી રહ્યું છે. અમને તાલિબાનથી એકમતિ નથી. તેમના ઉચ્ચ નેતૃત્વએ તેમના કટ્ટરવાદી વિચારોમાં બદલાવ લાવવો જોઈએ, કલ્મો પઢવાવાળાઓનું ખૂન ન વહાવવુ જોઈએ, અફઘાનીઓથી લડવાની જગ્યાએ અમેરિકાની આર્મીને જે અફઘાનિસ્તામાં છે તેને નેસ્તો નાબૂદ કરવી જોઈએ.

અફઘાનીઓ ! તમે રશિયા જેવી જાલિમ તાકાતને કેટલાક અઠવાડિયાઓમાં મારી ભગાડી હતી, જ્યારે કે રશિયા તો પડોશમાં જ હતું, તો પછી અમેરિકાની આર્મીને ભગાડવામાં કેટલા દિવસો લાગશે ?! તમે તમારી બધી જ તાકાત અમેરિકાની વિરૂધ્ધમાં વાપરો, ઈન્શાઅલ્લાહ ! થોડાક જ દિવસોમાં અમેરિકાની નાપાક ફૌજ (આર્મી) અફઘાનિસ્તાનને છોડવા મજબૂર થઈ જશે. તેની સાથે અફઘાનિસ્તાનના રહેવાસીઓથી અપીલ છે કે તેઓ તાલિબાન સાથે જંગ ન કરે પરંતુ તેમની સાથે એક થવાનો રસ્તો કાઢે અને એક સાથે મળી બીજા બહારના દેશની તાકાતને ખતમ કરે.

છેલ્લે ફરીથી એકવાર ઈરાનના તેલની વાત કરૂ છું. ઈરાનના તેલની આપણને જરૂરત છે અને આપણે આપણી જરૂરતના સામાન કોઈ પણ સાથી દેશ પાસેથી ખરીદી શકીએ છીએ. અમેરિકાના હુકમ પર હિદુસ્તાનનું ઈરાનનું તેલ ન ખરીદવુ એ ખુલ્લી અમેરિકાની ગુલામી છે. આપણા બહાદુર વડાપ્રધાને હિંદુસ્તાનની સ્વાયત્તતા અને નિષ્પક્ષતાને અમેરિકાના હાથ પર ગીરવે ન રાખવી જોઈએ. આપણી હિફાઝત કરવાવાળા આપણા ફૌજી અને આપણા દેશના સભાન નાગરીકો છે. જો આપણે અમેરિકાનો હુકમ માનીને આપણી વેપારી અને આર્થિક પોલીસી બનાવીશું તો આપણા દેશની છબી ખરાબ થઈ જશે, અને નબળો પણ અને આપણી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધૂળની જેમ ઉડી જશે. ખુદા આપણને સમજવાની તૌફીક઼ આપે. (આમીન)

*(અશરફિયા મંથલી–મુબારકપુર, જૂન : ૨૦૧૯)*

# તબ્લીગી જમાઅતની ધોકાબાઝીઓનો એક નમૂનો



✻કાર્યાલય

રઈસુલ કલમ અલ્લામા અર્શદુલ કાદરી જમશેદપુરી رحمۃ اللہ علیہની કિતાબ "તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં"માં તેમણે પોતાનો એક અનુભવ હૈદ્રાબાદના એક તબ્લીગી અમીર સાથેનો વર્ણન કર્યો છે જેને વાંચી તેમનાં ષડયંત્રોને સમજી લો. દરગાહો પર કે સજ્જાદાઓ કે ખાદિમોને દેવબંદવાળા કે જમીઅતવાળા મળીને ગળે લાગે તો એ સુન્નીઓ માટે ખતરાની ઘંટી છે કે આ રીતે તેઓ ભોળાભાળા સુન્નીઓને બહેકાવી પોતાની છાપ બુઝુર્ગોને ચાહવાવાળાની દર્શાવી તેમને પોતાના પક્ષે લઈ લેશે, જેવું કે આજકાલ અજમેર શરીફ ખાતે દેવબંદી જમીઅતુલ ઉલમાવાળા આંટા મારી રહ્યા છે અને ત્યાંના નાદાન ખાદિમો તેમનાં સ્વાગતો તથા સન્માનો કરી રહ્યા છે. આની હકીકત સમજવા હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رضی اللہ عنہના જાત અનુભવનો આ બનાવ બોધદાયક છે એને વાંચો અને તબ્લીગી દેવબંદીઓના ધોકાઓથી બચો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❒ ❒ ❒

ત્રિચીનાપલ્લી (મદ્રાસ)ના મિત્રોએ આપેલા આમંત્રણ પર મેં ઈ.સ. ૧૯૬૯માં દક્ષિણ ભારતની સફર કરી. પાછા ફરતાં એક દિવસ માટે હૈદ્રાબાદ રોકાવાનો પ્રોગ્રામ હતો તેથી બંગલોર થઈ સિકંદરામેલમાં હું પાછો ફર્યો. કમનસીબે તે સમયે તેલંગાનાની ચળવળ ખૂબ જ જોર પર હતી. રાજ્યના મોટાભાગમાં દેખાવકારોએ આગ સળગાવી દીધી હતી. શહેરી જીવનનો બધો બંદોબસ્ત અસ્ત વ્યસ્ત થઈ ગયો હતો. રાતના સમયે મારી ટ્રેઈન દેખાવકારોના ખાસ કેન્દ્ર સમા પ્રદેશમાં થઈને પસાર થઈ રહી હતી. એકાએક એક જ આંચકા સાથે ઓચિંતી ટ્રેઈન રોકાઈ ગઈ અંદરના બધા મુસાફરો ચોંકીને ઊઠી પડયા. તપાસ કરતાં માલૂમ પડયું કે, આગળ રેલ્વેના પાટા ઉખાડી નાખવામાં આવ્યા છે લગભગ ૧૮ કલાક સુધી લાઈનના સમારકામ અંગે અમારે ત્યાં જ રોકાવું પડયું.

સવારના સમયે (નીચે ઉતરીને હું એક વૃક્ષના છાંયડામાં બેઠો હતો. તેવામાં આધેડ ઉંમરનો મૌલ્વી જેવો જણાતો એક માણસ મારા તરફ આવતો જણાયો એમની સાથે એક નાની ઉંમરનો નવજવાન પણ હતો. તે મારી પાસે આવીને બેસી ગયા અને મારા વિષે એઓ જાણવા માગતા હતા કે, હું ક્યાંથી આવી રહ્યો છું અને ક્યાં જવા ઈચ્છું છું. વાતચીત દરમિયાન મેં એમની ઓળખાણ માગી તો તેમણે જણાવ્યું કે, તેમા પોતે તબ્લીગી જમાઅત, હૈદ્રાબાદના અમીર છે. કેરાલા એક ઈજતેમાઅમાં ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા હતા અને સાથેનો નવજુવાન એક ધનાઢ્ય કુટુંબનો બાળક છે જે હમણાં જ તબ્લીગી જમાઅતમાં દાખલ થયો છે, એમ તેમણે જણાવ્યું.

હવે એમની સાથે વાતચીતમાં રસ લેતાં હું શાંતિથી બેઠો. તે તબ્લીગી જમાઅતની વાતો કહી રહ્યા હતા અને હું તે સાંભળી રહ્યો હતો. તબ્લીગી જમાઅત સંબંધી મારા વિચારોથી તે અજાણ હતા અને તેથી તેઓ વિના સંકોચે બોલતા હતા. આ વાતચીતમાં તેમણે હૈદ્રાબાદની તબ્લીગી જમાઅતની કાર્યવાહી પણ કહી દીધી. જ્યારે તેઓ કહી રહ્યા ત્યારે મેં તેમને સવાલ કર્યો :–

"હૈદ્રાબાદ તો દરગાહો, ખાનકાહો અને મઝારોનો ગઢ હતો ત્યાં તબ્લીગી જમાઅતને પગ પેસારો કરવાનો મોકો કઈ રીતે મળ્યો ?

આ સવાલથી તેઓ એટલા બધા ખુશ થઈ ગયા કે જાણે તેમનાં સુંદર કાર્યો અને તેમની હોશિયારીથી હું પ્રભાવિત ગઈ ગયો છું એવું માની બેઠા. ત્યાર પછી એ જ ખુશીના આવેશમાં તેમણે કહ્યું કે, "એમાં કોઈ શક

નથી કે હૈદ્રાબાદ જૂના વખતથી બિદઅતીઓનું મોટું કેન્દ્ર હતું, ડગલે ને પગલે કુફ્ર શિર્કના બેશુમાર અડ્ડાઓ હતા. ત્યાંની ૯૦ ટકા મુસલમાન વસ્તી બિદઅતીયા અને શિર્કિયા રિવાજોને ઈસ્લામ સમજતી હતી. પરિણામે ઘણી હોશિયારી અને ચાલાકીથી અમારે આ મામલામાંથી પસાર થવું પડયું.

ઉર્સ ફાતેહાનો વિરોધ કરવાને બદલે અમે એવી રીત અજમાવી કે જ્યાં પણ કોઈ ઉર્સ કે મેળો હોય ત્યાં અમારું તબ્લીગી ટોળુ લઈ પહોંચી જતા અને લોકોને કલ્મા અને નમાઝની તબ્લીગ કરતા. જેઓ ઉર્સમાં ભાગ લેતા હતા તેમનામાંથી અમુક લોકોને ખૂબ જ કાલાવાલા (આગ્રહ) કરીને અમારી સાથે ગશતમાં રાખતા હતા. આમ કરવાથી અમને બે ફાયદાઓ થયા : પહેલો ફાયદો એ થયો કે, એક અજાણ ટોળામાં અમારો અવાજ પહોંચ્યો અને બીજો સૌથી મોટો ફાયદો એ થયો કે, જયારે કોઈ વખત બિદઅતી મૌલ્વીઓ પોતાના માણસોને અમારા તરફથી મુખ ફેરવવા માટે એમ કહે કે, ''એ લોકો ખરાબ અકીદાવાળા અને ઉર્સ ફાતેહાના વિરોધીઓ છે.'' તો જવાબમાં તેમના જ માણસોએ કહેવા માંડયું કે એ લોકો જો ઉર્સ ફાતેહાના વિરોધી હોત તો ફલાણા ફલાણા ઉર્સમાં કેમ જોવામાં આવતા હતા ?

પોતાનાં કાર્યોની વિગતો જણાવતાં તેમણે કહ્યું કે, **અમને અમારા આ કાર્યમાં એવા કેટલાક ગાદીનશીન પીરોથી પણ ઘણી મદદ મળી કે જેઓ બરેલ્વીઓની જેમ પોતાના રસ્તા (તરીક઼ા) પર ચુસ્ત નથી !** અમે તેમની ખાનકાહોમાં હાજરી આપી. અને અકીદતમંદની જેમ તેમના હાથ ચૂમ્યા. અને તેઓને અમારા ઈજતેમાઅમાં ભાગ લેવા આમંત્રણો આપ્યાં. ઘણા વખતની આવ જા પછી જ્યારે તેઓ આવવા માટે તૈયાર થયા ત્યારે તેમને માન મર્તબા સાથે અમે અમારા ઈજતેમાઅમાં લઈ આવ્યા. જે મુરીદો તેમની સાથે આવ્યા હતા તેમણે પોતાના પીર સાથેનો અમારો ન્યાઝમંદાના વર્તાવ જોયો તેનાથી તેઓ અમારી સાથે ખૂબ જ ભળી ગયા. અને તે પણ એટલી હદ સુધી કે પોતાના પીરભાઈઓ અને દોસ્તોમાં અમારી સારી અકીદતમંદીના પ્રચારક બની ગયા !

આ પ્રમાણે અમે ધીરે ધીરે કોઈ પણ પ્રકારની ફિકર ચિંતા વગર ત્યાંના અજાણ વિસ્તારમાં દાખલ થતા ગયા. આજે એ વિસ્તારમાંની ઘણી મોટી સંખ્યા તબ્લીગી જમાઅતને ફક્ત માનનારી નથી પરંતુ એમના માનસને અમે એટલી હદ સુધી બદલી નાખ્યું છે કે, હવે જો **એમના પીર સાહેબો અમારી સાથેના સંબંધો તોડવા માટે એમને કહે તો તેઓ પોતાના એ પીર સાહેબો સાથેના સંબંધ તોડી શકે છે પણ જમાઅત વિરૂદ્ધ કંઈ પણ સાંભળવાનું સાંખી શકશે નહીં.**

પછી તેમણે પોતાનો બોલવાનો ઢંગ બદલી વિજયી અંદાજે કહેવા માંડયું કે, ''મૌલાના ! અલ્લાહનો શુક્ર છે કે, તબ્લીગી જમાઅતની આ ખામોશ દોડધામથી હવે ત્યાં કુફ્રો શિર્કનાં કેન્દ્રોની ધૂમધામ બાકી રહી નથી. મીલાદ, ફાતેહા અને બિદઅતી રોનક પણ દિવસે દિવસે મંદ પડી રહી છે. જો અમારો આ જેહાદી જઝબો આજ પ્રમાણે રહેશે તો તે દિવસો દૂર નથી કે જ્યારે **આ મઝારો ઉપર માખીઓ બણબણશે અને અમે બુતખાનાની વેરાની જોઈને શુક્રાનાની નમાઝ અદા કરીશું.''**

વાતચીતના આ અંત ભાગમાં મારી ધીરજનો પણ અંત આવી ગયો. મેં ગુસ્સાના આવેશમાં આવી તેમને કહ્યું કે, ''તમારી કાર્યવાહીની હકીકત સાંભળ્યા પછી મને તો એમ લાગે છે કે, આ દુનિયામાં દજ્જાલી ફરેબની આખરી (છેલ્લી) તઅલીમગાહનું નામ તબ્લીગી જમાઅત છે ! આ દુનિયા પોતાની ઉમ્રના આખરી ભાગમાંથી પસાર થઈ રહી છે, બનવા જોગ છે કે દજ્જાલનો તંબૂ કુદરતી રીતે તમારા લોકોના હાથે જ તૈયાર કરાવવામાં આવી રહ્યો હોય.'' આ જવાબથી તે ગભરાઈ ગયા અને ઊભા થતાં કહેવા લાગ્યા કે, ''હું તમને મારામાંનો સમજી રહ્યો હતો અને એ હિસાબે ધોકો ખાઈ ગયો !''

## પોસ્ટકાર્ડ લખીને મફત કિતાબો મંગાવો !

- **ઈસ્મે આ'ઝમનો ખજાનો** *(પેજીસ : ૩૬૮)*
- **અશ્રહે મુબશ્શિરહ** (પેજીસ : ૨૫૬) **સંકલનકર્તા** : વહોરા અબ્દુલકૈયૂમ અશરફી દરિયાઈ (નરસંડા)

પ્રથમ કિતાબમાં અલ્લાહ પાકનાં નામો, નબીપાક ﷺનાં નામોની ફઝીલત તેમજ અન્ય વઝીફાઓ દર્શાવેલા છે. અને બીજી કિતાબમાં ૧૦ સહાબા જેમને હુઝૂર ﷺએ જાહેરમાં જ જન્નતી હોવાની બશારત આપેલી તેમની વિગતો દર્શાવી છે. તે ઉપરાંત.....

- **હઝરત રિઝકુલ્લાહ શાહ** رحمۃ اللہ علیہ **કોડીનાર શરીફ તથા હઝરત દાવશાહ પીર (આમરણ)** **સંપાદક** : કાઝી મુહમ્મદ આસિફ બરકાતી સાહબ (મુ. પીપર) *(પેજીસ : ૨૪)*
- **જુમ્આ શરીફ** *(પેજીસ : ૯૬)* **સંપાદક** : પીર સૈયદ દાદામિયાં શમ્સુદ્દીન ક઼ાદરી (રૂપાલ)
- **મુસલમાનો ! હક અને બાતિલને ઓળખો** *(પેજીસ : ૧૮)*

**સંપાદક** : મુન્શી ગુલામ અહમદ રઝવી ધોરાજવી

**પાંચેવ કિતાબોના પ્રકાશક :– સુન્ની મુસ્લિમ કમિટી**, ઈમામ અહમદ રઝા મંઝિલ, વેરી દરવાજા–**ગોંડલ**, પિન : ૩૬૦૩૧૧, જિ. રાજકોટ

## ઈન્તેક઼ાલ પુરમલાલ

- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. તા. ૨૭–૬–૨૦૧૯, ચાંદ ૨૩ શવ્વાલુલ મુક઼ર્રમ, હિ.સ. ૧૪૪૦ જુમેરાતના રોજ મહેબૂબ ઈબ્રાહીમ દિવાન અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. તા. ૨૬–૬–૨૦૧૯, ચાંદ ૨૨ શવ્વાલુલ મુક઼ર્રમ, હિ.સ. ૧૪૪૦ બુધવારના રોજ આરંભબેન મુહમ્મદ ગરાસીયા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે.
- **લંડન (યુ.કે.)** : ખાતે દયાદરા નિવાસી હાજી મુહમ્મદ યૂસુફ માલજીનો તા. ૨૯–૬–૨૦૧૯ શનિવાર, ૨૫ શવ્વાલ હિ.સ. ૧૪૪૦ના રોજ ઈન્તેકાલ થયો અને બીજા દિવસે સવારના ૧૧ કલાકે રોમફોર્ડ કબ્રસ્તાન–લંડન ખાતે દફનવિધિ કરવામાં આવી હતી. મર્હૂમ ''ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા'' તથા ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના ચાહક તથા સમર્થક હતા. દીની કામોમાં આપ દિલ ખોલીને સખાવત કરતા હતા. દયાદરા ગામના મોભાદાર વ્યક્તિઓમાંના એક હતા. દયાદરા ખાતે મદ્રસા મઝાહેરુલ ઉલૂમ, દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી, દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચમાં કુર્આન ખ્વાની તેમજ મુખ્તારુલ મસાજિદ–દયાદરા ખાતે જુમ્આ બાદ યાસીન શરીફનો ખતમ રાખી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯ નું બુકીંગ ચાલુ છે



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

**ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે**

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક

**પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)**
અરબ સ્ટ્રીટ, મુા. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.

# હિસ્સાવાળી કુર્બાનીમાં ભાગ લેશો !

**એક હિસ્સાના**

**રૂા. ૨૬૦૦/-**

:: વાંકાનેર ખાતે સંપર્ક કરશો ::
ક઼ારી શાહિદ રઝા અકબરી કોઠીવાળા
મો. ૯૯૨૫૬ ૫૫૨૬૬

:: સંપર્ક કરો ::
**ઈસ્લામિક વલ્ફેર મિશન દયાદરા**
મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦
ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧,
૯૪૨૭૮૩૪૯૫૪, ૯૪૨૭૮૭૮૬૫૧

:: ભરૂચ ખાતે સંપર્ક કરશો ::

| | |
|---|---|
| તારીક઼ભાઈ શેખ-ભરૂચ | મો. ૯૪૦૮૭૩૬૯૬૫ |
| મુઈનભાઈ શેખ-ભરૂચ | મો. ૯૮૭૯૭૫૩૨૧૬ |
| હાફેઝ અબ્દુર્રહીમ સાહબ | મો. ૯૪૨૬૮૪૦૨૭૭ |
| યૂસુફભાઈ શેઠ-દયાદરા | મો. ૯૪૨૭૪૩૭૫૯૦ |
| શફીભાઈ ખંભાતવાલા | મો. ૯૯૦૪૫૯૬૬૮૨ |

**આ સંમતિ સાથે નામ નોંધાવશો :** ''મેં મારા કુર્બાનીના જાનવરની ખરીદીથી લઈને ઝબહ સુધી તથા પછીના ખર્ચાઓ જેવા કે ભાડુ, ઘાસચારો, કસાઈની મજૂરી વગેરે તથા તેનો ગોશ્ત, ચામડુ વગેરે જેને ચાહે આપવાનો તથા જો રકમ બચી જાય તો તેને કોઈ પણ જાઈઝ કામમાં ખર્ચ કરવાનો દરેક પ્રકારનો અધિકાર સંચાલકોને આપ્યો.''

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*